પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૭-૦૨-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# લિકર કેસમાં કેજરીવાલ, સીસોદીયા નિર્દોષ જાહેર

## શરાબ ગોટાળા કાંડમાં તપાસ એજન્સી દ્વારા મુકાયેલ ચાર્જશીટમાં કોઈ અપરાધીક પુરાવા પ્રથમ દ્રષ્ટિએ પણ નહીં હોવાનું જાહેર કરતી દિલ્હી કોર્ટ





નવી દિલ્હી, તા. ૨૭

દેશભરમાં બહુ ગાજેલા તથા દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એક સતા પલ્ટાનું કારણ બની ગયેલા પાટનગરના શરાબ નીતિ-ભ્રષ્ટાચારના કેસમાં આજે આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાનું રાઉજ એવન્યુ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે.

આજે અદાલતે પોતાના ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું હતું કે કેજરીવાલ તથા સીસોદીયા સામે ભ્રષ્ટાચારના કોઈ મજબૂત પુરાવા નથી અને ચાર્જશીટમાં પણ અનેક ક્ષતિઓ જોવા મળી છે. બંને સામે ભ્રષ્ટાચાર અંગેના જે આક્ષેપ હતા તેમાં તમામમાં તેઓને મુક્ત કરવામાં આવ્યા છે.

એટલું જ નહી આ કેસમાં અન્ય ૨૧ આરોપીઓને પણ નિર્દોષ જાહેર કરાયા છે. આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ માટે આ સૌથી મોટો રાજકીય વિજય ગણવામાં આવે છે. ગત વર્ષે યોજાયેલી દિલ્હીની ચુંટણી પુર્વે જ પાટનગરમાં લાગુ કરાયેલ નવી લીકર પોલીસીના માધ્યમથી તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા તેમના પુર્વે મનીષ સીસોદીયાને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના આરોપમાં ચાર્જશીટેડ કરીને લાંબો સમય જેલમાં રખાયા હતા.ભાજપે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આ શરાબકાંડનો મુદો ઉઠાવીને અરવિંદ કેજરીવાલ તથા તેમના શાસનને ભ્રષ્ટાચારી ગણાવીને જે પ્રચાર કર્યો હતો તેમાં દિલ્હીમાં સતત ત્રણ વખત વિજય મેળવનાર આમ આદમી પાર્ટીની

અનુસંધાન પાના ૭ પર



# સૈન્ય હેલિકોપ્ટર પ્રચંડમાં મુર્મુની ઉડાન

### જેસલમેર એરફોર્સ મથક પરથી રાષ્ટ્રપતિ સ્વદેશી લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટરમાં હવાઈ સફર માણી

નવી દિલ્હી, તા. ૨૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે જેસલમેર એરફોર્સ સ્ટેશનથી સ્વદેશી લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ'માં ઉડાન ભરી. તેઓ હેલિકોપ્ટર પ્રચંડમાં કો-પાયલટ તરીકે ઉડાન ભરનાર દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા છે. રાષ્ટ્રપતિ મુર્મુ આ પહેલા ફાઈટર પ્લેન સુખોઈ અને રાફેલમાં ઉડાન ભરનાર દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા.

રાષ્ટ્રપતિ મુર્મુ સવારે લગભગ ૯:૧૫ વાગ્યે જેસલમેર વાયુસેના સ્ટેશન પહોંચ્યા હતા. સેનાના અધિકારીઓએ તેમને હેલિકોપ્ટર પ્રચંડ વિશે બ્રીફિંગ આપ્યું. આ પછી રાષ્ટ્રપતિ હેલિકોપ્ટરના કોકપિટમાં બેઠા. પછી સવારે લગભગ ૧૦:૧૫ વાગ્યે ગ્રુપ કેપ્ટન એન.એસ.બહુઆ સાથે હેલિકોપ્ટરમાં ઉડાન ભરી. હેલિકોપ્ટરમાં ઉડાન દરમિયાન રાષ્ટ્રપતિ સરહદી વિસ્તારો અને પોકરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જનો હવાઈ નિરીક્ષણ કર્યુ.

વાયુસેનાનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ, "વાયુ શક્તિ-૨૦૨૬", આજે સાંજે પાકિસ્તાન સરહદ નજીક રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ (જૈસલમેર) ખાતે યોજાશે. આ યુદ્ધાભ્યાસમાં સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ હાજર રહેશે.

હવાઈ ઉડાન અને સૈન્ય અધિકારીઓ સાથે મુલાકાત કર્યા પછી રાષ્ટ્રપતિ સાંજે લગભગ ૫ વાગ્યે પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ પહોંચશે. અહીં તેઓ ભારતીય વાયુસેનાના યુદ્ધ અભ્યાસ 'વાયુ શક્તિ-૨૦૨૬'ના સાક્ષી બનશે.

આમાં વાયુસેનાના ફાઈટર પ્લેન પોતાની મારક ક્ષમતા અને સચોટ લક્ષ્ય ભેદવાની કુશળતાનું પ્રદર્શન કરશે. કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, રાજ્યપાલ હરિભાઉ બાગડે, મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સહિત સેનાના અનેક અધિકારીઓ હાજર રહેશે.

# ગાઝીયાબાદમાં માસની દુકાનને સળગાવી દેવા યુવકે ધમકી આપી

### મંગળવારે માંસાહારની દુકાન કેમ ખુલી રાખી તેમ કહી ધમકી અપાતા પોલીસ તપાસ

નવી દિલ્હી, તા. ૨૭

ગાઝિયાબાદના કોટવાલી વિસ્તારના કૈલા ભટ્ટા ઈલાકામાં એક યુવકે મંગળવારે નોનવેજ (માંસાહાર)ની દુકાન ખુલ્લી રાખવા બદલ દુકાનદારને આગ લગાવી દેવાની ખુલ્લી ધમકી આપી છે.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો છે, જેમાં યુવક દુકાનદારને ગાળો દેતો અને ધમકી આપતો સ્પષ્ટ દેખાય છે. પોલીસે વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે અને ટૂંક સમયમાં આરોપી વિરુદ્ધ કેસ નોંધીને કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે.ઘટના દરમિયાન યુવક, જેને હિંદુ વીર સેનાના અધ્યક્ષ તરીકે ઓળખવામાં આવે છે, દુકાન પર પહોંચ્યો અને વૃદ્ધ મુસ્લિમ દુકાનદારને કહ્યું કે મંગળવારે મીટની દુકાન કેમ ખુલ્લી છે? પરમિશન છે મંગળવારની? તેમણે વધુમાં ધમકી આપી કે આગળના મંગળવારે દુકાન ખુલ્લી મળી તો એક મિનિટમાં આગ લગાવી દઈશ.વીડિયોમાં દુકાનમાં બે ગ્રાહકો ડરીને વસ્તુઓ પેક કરતા જોવા મળે છે અને યુવક મંદિરનો હવાલો આપીને દુકાન બંધ કરાવવાનો દબાણ કરે છે. આ વીડિયો લગભગ ૧ મિનિટ ૨૯ સેકન્ડનો છે અને તેને આરોપીએ પોતે ફેસબુક પર અપલોડ કર્યો હતો.

છઝ કોટવાલી ઉપાસના પાંડેએ જણાવ્યું કે વીડિયોના આધારે તપાસ ચાલુ છે. આરોપીની ઓળખ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ સોશિયલ મીડિયા પર

અનુસંધાન પાના ૭ પર

# પાઠય પુસ્તક વિવાદમાં મોદી દ્વારા તપાસના આદેશ જારી

### ન્યાય તંત્રના ભ્રષ્ટાચારના ચેપ્ટર અંગે વડાપ્રધાન સખત નારાજ

નવી દિલ્હી, તા. ૨૭

એનસીઈઆરટીના ધો.૮ના સોશ્યલ સાયન્સના પાઠયપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના પ્રકરણથી સર્જાયેલા વિવાદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ ગુસ્સો દર્શાવીને આ પ્રકારની ભુલ સ્વીકારી નથી તેવું જણાવી કોઈને તો જવાબદાર ગણાશે જ તેવા સંકેત આપી સરકાર પણ આકરી કાર્યવાહી કરશે તે નિશ્ચિત કરી દીધુ છે.

ઈઝરાયેલના પ્રવાસે ગયેલા શ્રી મોદી ગઈકાલે રાત્રીના ભારત આવવા રવાના થયા હતા પણ તેઓએ મંગળવારે જ કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં આ અંગે આક્રોશ દર્શાવીને શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનને આ પ્રકારની ભુલ માટે કોણ જવાબદાર છે તે નિશ્ચિત કરવા સૂચના આપી હતી.

નવા સેવા તીર્થ ખાતેની પ્રથમ કેબીનેટ બેઠકમાં જ આ મુદો ચર્ચાયો હતો. વડાપ્રધાને ધો.૮ના પાઠયપુસ્તકમાં આ પ્રકારે ચેપ્ટરનો સમાવેશ અને પાઠયપુસ્તકનું મોનેટરીંગ કોણ કરે છે તે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# ટૂંકમાં દિલ્હીથી કટરા ધામ માત્ર છ કલાકમાં જ પહોંચી શકાશે

### રૂ.૪૦,૦૦૦ કરોડના ધાર્મિક કોરિડોરનું કામ આખરી તબક્કામાં

નવી દિલ્હી, તા. ૨૭

માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓ માટે એક મોટી અને ઉત્સાહજનક ખબર છે. દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેના બાંધકામ સાથે હવે રાજધાનીથી કટરા ધામની મુસાફરીનું અંતર ન માત્ર ઘટી જશે, પરંતુ સફરનો સમય પણ અડધો થઈ જશે.

હાલમાં દિલ્હીથી કટરા પહોંચવામાં લગભગ ૧૨થી ૧૪ કલાકનો સમય લાગે છે. આ નવા એક્સપ્રેસવેના પૂર્ણ રૂપે ચાલુ થવા પછી આ અંતર ૭૨૭ કિમીથી ઘટીને ૫૮૮ કિમી રહી જશે. આનાથી શ્રદ્ધાળુઓ માત્ર ૬ કલાકમાં માતાના દરબાર પહોંચી જશે. તે જ રીતે દિલ્હીથી અમૃતસરની મુસાફરી પણ માત્ર ૪ કલાકમાં પૂર્ણ થશે.

લગભગ રૂ.૪૦,૦૦૦ કરોડના ખર્ચે બની રહેલા આ ૬-લેન એક્સપ્રેસવેને એક ધાર્મિક કોરિડોર તરીકે જોવામાં આવી રહ્યો છે. આ માર્ગ દેશના બે મોટા ધાર્મિક સ્થળો - અમૃતસરના સ્વર્ણ મંદિર અને કટરાના વૈષ્ણો દેવી મંદિરને સીધો જોડશે.

એક્સપ્રેસવે પર વાહનોની ગતિ મર્યાદા ૧૨૦ કિમી/કલાક નક્કી કરવામાં આવી છે. સુરક્ષા માટે આખા માર્ગમાં CCTV અને

અનુસંધાન પાના ૭ પર


# હિન્દ મહાસાગરમાં ભયાનક વાવાઝોડું સર્જાયું

નવી દિલ્હી, તા. ૨૭

ભારતીય ઉપખંડમાં શિયાળાની વિદાય વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હિન્દ મહાસાગરમાં સર્જાયેલું ચક્રવાત 'હોરાસિયો' ૨૬૦ કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે આગળ વધી રહ્યું છે.

જોકે, આ વાવાઝોડંર ભારતીય તટ પર લેન્ડફોલ કરે તેવી શક્યતા ઓછી છે, પરંતુ તેની અસરને પગલે હવામાન વિભાગે દક્ષિણ ભારતના રાજ્યોમાં સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કર્યું છે.

વાવાઝોડાની અસર અને સમુદ્રમાં ઓછા દબાણને કારણે હવામાન વિભાગે આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કેરલમમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. જ્યારે આંદામાન અને



**૨૬૦ કીમીની ગતિવાળુ વાવાઝોડુ દક્ષિણના રાજ્યોમાં આડકતરી અસર કરે તેવી સંભાવના**

નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને મેઘાલયમાં પણ વરસાદની અપેક્ષા છે.

જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદી માહોલ છે, ત્યારે ઉત્તર ભારતમાં ગરમીનો પારો વધી રહ્યો છે. રાજધાનીમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી વધી ગયું છે. ગુરુવારે લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયું હતું. હાલમાં અહીં વરસાદની કોઈ સંભાવના નથી.

પંજાબ અને હરિયાણામાં સવારના સમયે ધુમ્મસ જોવા મળશે, પરંતુ દિવસ દરમિયાન તેજ તડકો રહેશે. આગામી ત્રણ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન ૫ ડિગ્રી સુધી વધી શકે છે.

પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાને કારણે પહાડી રાજ્યોમાં હવામાન પલટાશે. હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે.

# જેએનયુ વિરોધ પ્રદર્શન કેસમાં ૧૪ વિદ્યાર્થીઓને જામીન મળ્યા

### વિદ્યાર્થીઓ રીઢા ગુનેગાર નથી : કોર્ટની ટકોર

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે શુક્રવારે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) માં વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં ધરપકડ કરાયેલા તમામ ૧૪ વિદ્યાર્થીઓને જામીન આપ્યા. કોર્ટે જણાવ્યું હતું કે આરોપીઓ વ્યાવસાયિક કે રીઢો ગુનેગાર નથી. શુક્રવારે સુનાવણી દરમિયાન, દિલ્હી પોલીસે ત્નદ્ધે વિરોધ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓની જામીન અરજીનો વિરોધ કર્યો અને તેમની ન્યાયિક કસ્ટડીની માંગ કરી. દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે તપાસ આગળ વધારવા માટે આરોપીઓની ન્યાયિક કસ્ટડી જરૂરી છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ ફરીથી હિંસાનો આશરો લઈ શકે તેવી પ્રબળ શક્યતા છે. દિલ્હી પોલીસે કોર્ટમાં એમ પણ જણાવ્યું હતું કે આ શાંતિપૂર્ણ વિરોધ નહોતો, પરંતુ વિરોધીઓ દ્વારા હિંસા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પોલીસ કર્મચારીઓ સાથે અથડાયા હતા, જેના પરિણામે એક પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. પોલીસે કોર્ટને જાણ કરી હતી કે આરોપીઓએ ભૂતકાળમાં અનેક વખત વિરોધ પ્રદર્શન દરમિયાન બળનો ઉપયોગ કર્યો છે અને આ સંદર્ભમાં ચાર અલગ અલગ FIR નોંધાઈ ચૂકી છે.

સુનાવણી દરમિયાન, એક વિદ્યાર્થીનીએ આરોપ લગાવ્યો કે

અનુસંધાન પાના ૭ પર

# પાક.નું એફ-૧૬ ફાઈટર જેટ તોડી પાડયું હોવાનો અફઘાનિસ્તાનનો દાવો

### ખુલ્લા યુદ્ધમાં ૧૩૩ તાલીબાની માર્યા ગયા હોવાનો પાક. રક્ષામંત્રીનું નિવેદન

નવી દિલ્હી, તા. ૨૭

અફઘાનિસ્તાને ગુરુવારે મોડી રાત્રે પાકિસ્તાન પર હુમલો કર્યો. કુનાર પ્રાંતમાં તાલિબાન લડવૈયાઓના હુમલામાં પાકિસ્તાની સેનાના ૫૫ જવાનો માર્યા ગયા છે. આ માહિતી ટોલો ન્યૂઝે તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદને ટાંકીને આપી છે.

અફઘાન સરકારનો દાવો છે કે ૨૩ પાકિસ્તાની સૈનિકોના મૃતદેહ તેમની પાસે છે. પાકિસ્તાની સેનાના એક હેડક્વાર્ટર અને ૧૯ ચોકીઓ પર પણ કબજો કરી લેવામાં આવ્યો છે.અફઘાનિસ્તાનના ડેપ્યુટી પ્રવક્તા, હમદુલ્લા ફિતરતે જણાવ્યું કે કેટલાક પાકિસ્તાની સૈનિકોને જીવતા પકડી લેવામાં આવ્યા, જ્યારે ડઝનબંધ હથિયારો, એક ટેન્ક અને એક હાર્વેસ્ટર જપ્ત કરવામાં આવ્યું છે.જ્યારે પાકિસ્તાની મીડિયા અનુસાર, જવાબી કાર્યવાહી કરતા PAK સરકારે ઓપરેશન 'ગઝબ લિલ હક' શરૂ કર્યું છે. પાકિસ્તાનની વાયુસેનાએ કાબુલ, નંગરહાર પ્રાંત સહિત અનેક શહેરોમાં એરસ્ટ્રાઈક કરી.સરકારનો દાવો છે કે અત્યાર સુધીમાં ૧૩૩ અફઘાન તાલિબાની સૈનિકો માર્યા ગયા છે અને ૨૦૦થી વધુ ઘાયલ થયા છે. ૨૭ તાલિબાન ચોકીઓ નષ્ટ કરી દેવામાં આવી છે અને ૯ પર કબજો કરી લેવામાં આવ્યો છે.પાકિસ્તાન અને તાલિબાન સરકાર બંને પક્ષોએ હુમલાઓ પછી થયેલા નુકસાનના પોતપોતાના દાવા કર્યા છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ૫૫ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા, જેમાંથી કેટલાક મૃતદેહો અફઘાનિસ્તાન લઈ જવામાં આવ્યા, જ્યારે અન્ય ઘણાને જીવતા પકડી લેવામાં આવ્યા.અફઘાન સંરક્ષણ મંત્રાલયે એ પણ જણાવ્યું કે પાકિસ્તાનના હુમલામાં અમારા ૮ લોકો માર્યા ગયા, જ્યારે ૧૧ ઘાયલ થયા. અમે ૧૯ પાકિસ્તાની આર્મી પોસ્ટ અને બે બેઝ નષ્ટ કર્યા. હુમલો શરૂ થયાના લગભગ ચાર કલાક પછી અડધી રાત્રે લડાઈ સમાપ્ત થઈ ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# અદાલતમાં શંકરાચાર્ય યૌન શોષણ કેસમાં સુનવાણી શરૂ

### શંકરાચાર્યના વકીલને ધમકી આપના યુવકની ધરકડ કરતી પોલીસ

નવી દિલ્હી, તા. ૨૭ર

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરુદ્ધ યૌન શોષણનો મામલો અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચી ગયો છે. શુક્રવારે જસ્ટિસ જિતેન્દ્ર કુમાર સિંહાની સિંગલ બેન્ચ આ મામલાની સુનાવણી કરશે.ધરપકડથી બચવા માટે અવિમુક્તેશ્વરાનંદે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. અવિમુક્તેશ્વરાનંદની અરજી સોમવારે હાઈકોર્ટમાં સ્વીકારાઈ હતી. તુલસી પીઠાધીશ્વર સ્વામી રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારી મહારાજે ૧૭૩ (૪) હેઠળ જિલ્લા કોર્ટમાં અરજી કરી હતી.હ્લન્ન રેપ એન્ડ પોક્સો સ્પેશિયલ કોર્ટ વિનોદ કુમાર ચૌરસિયાએ ઝૂંસી પોલીસ સ્ટેશનની પોલીસને કેસ નોંધી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી ઝૂંસી પોલીસ સ્ટેશનમાં સ્વામી અવિમુક્તેશ્વરાનંદ, તેમના શિષ્ય મુકુંદાનંદ ગિરી અને બે-ત્રણ અજાણ્યા લોકો વિરુદ્ધ હ્લૈંઇ નોંધવામાં આવી છે.પોલીસની મુવમેન્ટને જોતા પહેલાથી જ નક્કી હતું કે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ હાઈકોર્ટનો સંપર્ક કરશે. સોમવારે અવિ મુક્તેશ્વરાનંદના વકીલોએ હાઈકોર્ટના સિનિયર વકીલો સાથે લાંબી વાતચીત કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય-પૂર્વમાં લાંબા યુદ્ધમાં અમેરિકા સામેલ થશે નહીં : ઉપરાષ્ટ્રપતિ

### સમસ્યાના ઉકેલ માટે રાજદ્વારી વિકલ્પ શ્રેષ્ઠ છે : જે.ડી.વાન્સ

નવી દિલ્હી, તા. ૨૭ર

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે એર ફોર્સ ટુ પર વોશિંગ્ટન પોસ્ટ સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું. વાન્સે સ્પષ્ટપણે એવી આશંકાઓને ફગાવી દીધી કે યુનાઈટેડ સ્ટેટ્સ મધ્ય પૂર્વમાં લાંબા યુદ્ધમાં સામેલ થશે. તેમણે સ્પષ્ટતા કરી કે ભલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે નવા લશ્કરી વિકલ્પો પર વિચાર કરી રહ્યા હોય, પણ અમેરિકા બીજા લાંબા પ્રાદેશિક સંઘર્ષમાં સામેલ થવાની કોઈ શક્યતા નથી. એર ફોર્સ ટુ પર વોશિંગ્ટન પોસ્ટ સાથેના ઈન્ટરવ્યુમાં, વાન્સે જણાવ્યું હતું કે ઈરાન સામે લશ્કરી હુમલાઓ હજુ પણ ટેબલ પર છે, પરંતુ તેઓ માનતા નથી કે આવી કાર્યવાહી વર્ષો સુધી ચાલનારા સંઘર્ષમાં પરિણમશે. તેમણે કહ્યું કે આપણે મધ્ય પૂર્વમાં વર્ષો સુધી યુદ્ધમાં ફસાઈશું તે વિચાર અસંભવિત છે. જે.ડી. વાન્સે વધુમાં જણાવ્યું હતું કે તેમને ખબર નથી કે ટ્રમ્પ આખરે શું નિર્ણય લેશે. વિકલ્પોમાં ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવવા માટે લશ્કરી હુમલાઓ અથવા સમસ્યાનો રાજદ્વારી ઉકેલ શામેલ છે. તેમણે કહ્યું, "મને લાગે છે કે આપણે બધા રાજદ્વારી વિકલ્પ પસંદ કરીએ છીએ." પરંતુ તે ખરેખર ઈરાનીઓ શું કરે છે અને શું કહે છે તેના પર નિર્ભર છે.

ઈરાનની આસપાસ ભારે અમેરિકન સૈન્ય તૈનાત વચ્ચે ગુરુવારે જીનીવામાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત ચાલુ રહી. જોકે, કોઈ ઉકેલ આવ્યો ન હતો. મધ્યસ્થીઓએ જણાવ્યું હતું કે વાતચીત આવતા અઠવાડિયે ચાલુ રહેશે. ટ્રમ્પે જાહેરમાં સ્વીકાર્યું છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીને સત્તા પરથી દૂર કરવા માટે શાસન પરિવર્તનમાં તેમની રુચિ છે. તેમણે આ મહિને પત્રકારોને જણાવ્યું હતું કે આ શ્રેષ્ઠ વસ્તુ હશે.

૪૧ વર્ષીય ભૂતપૂર્વ મરીન, જેમણે ઈરાક યુદ્ધમાં સેવા આપી હતી, વાન્સે ફરી એકવાર તેમના વિદેશ

અનુસંધાન પાના ૭ પર

# ટ્રીપલ આઈટી ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદ



સુરત, તા.૨૭

Indian Institute of Infromation Technology Surat દ્વારા ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન આંતરરાષ્ટ્રીય પરિષદ "Recent Advances in Intelligent and Sustainable Technologies (RAIST 2026)" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદનું આયોજન Indian Institute of Technology Gandhinagar અને Indian Institute of Infromation Technology Vadodaraના સહયોગથી તેમજ Anusandhan National Research Foundation (ANRF) ની PAIR યોજના અંતર્ગત કરવામાં આવ્યું હતું. પરિષદમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, સસ્ટેનેબલ કમ્પ્યુટિંગ, સ્માર્ટ સિસ્ટમ્સ અને ગ્રીન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં નવીન સંશોધન અને વિકાસ પર ચર્ચા કરવામાં આવી. પરિષદ માટે કુલ ૧૫૭ સંશોધન પેપરો પ્રાપ્ત થયા હતા, જેમાંથી કડક સમીક્ષા પ્રક્રિયા બાદ ૪૭ ઉચ્ચ ગુણવત્તાવાળા પેપરો રજૂઆત માટે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રોફ. રાજીવ શોરી, પ્રોફ. રજત મોના અને પ્રોફ. ધર્મેન્દ્ર સિંહના માર્ગદર્શન હેઠળ તેમજ IIIT સુરતના સમર્પિત પ્રાધ્યાપકોની ટીમ દ્વારા પરિષદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# રાંદેર હિન્દુ સમાજ સમિતિ દ્વારા હિન્દુ મહા સંમેલનનું આયોજન

## એક હજારથી વધુની મેદની વંદે માતરમનું ગાન કરશે

સુરત, તા.૨૭

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનાં સતાબ્દી મહોત્સવનાં ભાગરૂપે રાંદેર હિન્દુ સમાજ સમિતિ દ્વારા રામજી મંદિર, હનુમાન ટેકરી, રાંદેર ખાતે મહામંડલેશ્વર શ્રી ૧૦૦૦૮ શ્રી સીતારામદાસ મહારાજ, સાધુ સમાજ અધ્યક્ષ, દક્ષિણ ગુજરાતની પ્રેરક ઉપસ્થિતીમાં વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનની શરૂઆત ૧૦૦૦ થી વધુની જન્મેદની દ્વારા રાર્ષ્ટ્ર ગીત વંદે માતરમ ગાઈને કરવામાં આવશે, ત્યારબાદ સામર્થ્ય ઢોલ નગારા પઠક ગ્રુપનાં ૧૦૦ જેટલા યુવક-યુવતીઓ દ્વારા ઢોલ નગારા વગાવામાં આવશે, ત્યારબાદ રામજી મંદિર મહિલા ભજન મંડળ દ્વારા રામધૂન ગવાશે, ત્યારબાદ ઉપસ્થિતિ સંતો મહંતો દ્વારા હિન્દુ સમાજ અંગે વક્તવ્ય અને આર્શીવચન, ત્યારબાદ સામુહિક હનુમાન ચાલીશા પાઠ કરવામાં આવશે. કાર્યક્રમનાં અંતે સ્વરૂચી ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ વિરાટ હિન્દુ સંમેલનમાં જાહેર જનતાને ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

# સુરતમાં એસ.જી.એલ. લેબોરેટરી દ્વારા જ્વેલરી ટ્રેડ કાયક્રમ યોજાયો




## દેશમાંથી વિવિધ ડાયમંડ ના રિટેલર્સ અને મેન્યુફેક્ચર્સ સુરત આવ્યા

સુરત, તા.૨૭

સુરત શહેરની એસજીએલ લેબોરેટરી દ્વારા એક્સક્લુઝિવ જ્વેલરી ટ્રેડ પ્રોગ્રામ પાંચ દિવસ તારીખ ૨૩મી ફેબ્રુઆરીથી ૨૭મી ફેબ્રુઆરી સુધી માટે આયોજન કરવામાં આવ્યું. જેમાં તારીખ ૨૫ ફેબ્રુઆરીના રોજ બિહાઈન્ડ ધ જ્વેલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભારત દેશના વિવિધ રાજ્યોમાંથી આશરે ૧૦૦ થી પણ વધારે સહભાગી રિટેલર્સ અને મેન્યુફેક્ચરિંગ પાર્ટનર પધાર્યા હતા.

એસજીએલ લેબોરેટરીના ડિરેક્ટર ચિરાગ સોની એ જણાવ્યું હતુ કે આ કાર્યક્રમ સુરત શહેરના ડાયમંડ ઉદ્યોગને વેગ આપશે તેમજ આવા પ્રકારના કાર્યક્રમો માત્ર એક ઓફિસ રૂમ સુધી સીમિત નથી તેઓને ફેક્ટરી વિઝીટ અને ડાયમંડ કેવી રીતે બને છે ,એના પાછળનો પ્રોસેસ પણ આ તમામ પધારેલા મહેમાનોને બતાવવામાં આવ્યા હતા.

# દ્વારકાના પદયાત્રીઓ માટે વિનામૂલ્યે મોજાનું વિતરણ

## ભાવિક ભક્તો ના પગ ઉનાળાની ગરમી માં ન દાઝે તે માટે સેવા કાર્ય

દ્વારકા, તા.૨૭

(મહેન્દ્રભાઈ સોની દ્વારા)

દ્વારકાઃ હાલ માં ગુજરાત ના દ્વારકાધીશ ભગવાન મંદિર ની પગપાળા યાત્રા પણ ધાર્મિક આસ્થા પ્રમાણે ખૂબ મહત્વ ધરાવે છે અને અનેક સંસ્થાઓ યથા શક્તિ પોતાના તરફથી વિનામુલ્યે છાશ વિતરણ,શેરડી ના રસ વિતરણ જેવા અનેક પ્રકારના વિનામુલ્યે ના ભંડારા ના મંડપો જોવા મળે છે ત્યારે અને હાલ માં દેશ માંથી હજારો લોકો આ દ્વારકા ની પદયાત્રા માં પગ માં બુટ ચપ્પલ વગર યાત્રા કરે છે ત્યારે આ ધોમધખતા તાપમાં ડામરના રસ્તા પર ઉઘાડા પગે ચાલીને જતા કાળિયા ઠાકરના ભક્તો ને કેટલી પીડા થતી હશે એ પીડા દૂર કરવા અમે શું કરી શકીએ એ ભાવના સાથે



સુરત થી આવેલી ત્રણ બહેનો જ્યોતિબેન શનીશ્વરા, આરતીબેન પીમ્પલે, કુસુમબેન હરેશભાઈ વર્મા એ આ ભાવિક ભક્તો ની પીડા હળવી કરવા જામનગર નજીક વસઈ પાસે તેમના દ્વારા હજારો ની સંખ્યામાં વિના મૂલ્યે મોજા વિતરણ ની એક હૃદયસ્પર્શી સેવા જોવા મળી રહી છે.

અને તેઓ દ્વારા અહી રસ્તા પર અનોખો સેવા યજ્ઞ શરૂ કર્યો છે. કાળઝાળ ગરમીમાં પગમાં પડતા ફોલ્લાથી બચાવવા આ બહેનો પદયાત્રીઓને પ્રેમથી ઊભા રાખીને પોતાના હાથે તેઓને પગ માં 'મોજા' પહેરાવી રહી છે. ભક્તોના બળતા પગને રાહત અને હૂંફ આપતી જોવા મળે છે ત્યારે આ બહેનોનો ભાવ જોઈને ભલભલાની આંખમાં ઝળઝળિયાં આવી જાય. આકરી ગરમીમાં સુરતથી આવીને નિઃસ્વાર્થ સેવા કરતી આ બહેનોને સો સો સલામ છે!

# અઠવા પાર્ટી પ્લોટમાં સિંધી સમાજ દ્વારા હોળી ઉત્સવ

## તા.૪ માર્ચના રોજ સવારે રંગારંગ કાર્યક્રમ

સુરત, તા.૨૭

પૂજ સુરત સિંધી પંચાયતના કારોબારી સભ્યશ્રી મુરલીધર લીલાણી યાદીમાં જણાવે છે કે પૂજ સુરત સિંધી પંચાયત, સુરત સિંધી કલોથ એસોસિયેશન, સિંધૂ સેવા સમિતિ, ઝુલેલાલ સિંન્ધુ સેવા યાત્રા સમિતિ ટ્રસ્ટ સાથે તા. ૦૪-૦૩-૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦ થી ૨, અઠવા પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની પાસે, મોટા ડોમમાં, હોલી ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. પંચાયતના મંત્રી શ્રી ઘનશ્યામભાઈ ખટ્ટર વધુમાં જણાવ છે કે ગોધરાના વિનોદ વીરવાની મ્યુઝીકલ પાર્ટી અને ભાવનગરના જેકી વાઘવાની (મંકી મેન) કોમેડીયન રંગારંગ કાર્યક્રમ કરશે સાથે ડોમમાં રેન વોટર મ્યુઝીલ સાથે લોકો ઉત્સવ ડાંન્સ કરશે. નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે સૌને લાભ લેવા વિનંતિ.

# ઉમરવાડામાં વિધવા સ્ત્રીઓને સહાય કીટનું વિતરણ કરાયું

સુરત, તા.૨૭

આજરોજ તારીખ ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ આઈ.ડી.આર.એફ(કેનેડા) તરફથી ૧૫૦ થી વધુ કીટનુ વિતરણ ઉમરવાડા ખાતે આવેલ નહેરુ નગર ખાડી પાસે રહેતા વિધવા બહેનોને કરવામાં આવ્યું છે.જેમા અંજુમન તાઅલીમુલ મુસ્લિમીનના ઓર્ડીનેટર એન્જીનીયર સોયબ અંસારી સાહેબ, મુફ્તી આકીબ સાહબ, પ્રોફેસર તૌસીફભાઈ, સિદ્દીકભાઈ અને એકતા યુવક મંડળના પ્રમુખ શ્રી જબ્બારખાન પઠાણ, દિલાવર ભાઈ, મહેમુદભાઈ, એડવોકેટ જુનિયર સાજીદ ખાન, તોસિફભાઈ,તોકીરભાઈ, વિસ્તારના આગેવાનો વગેરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ખિદમત આપી પ્રોગ્રામને સફળ બનાવવામાં ભારી જહેમત ઉપાડી હતી.

# ખેરગામ ખાતે ભવ્ય આયુષ મેગા કેમ્પનું આયોજન

## કેમ્પનો જનતાએ બહોળો પ્રમાણમાં લાભ લીધો

ખેરગામ, તા.૨૭

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષ કચેરી ગાંધીનગરની પ્રેરણાથી,જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, નવસારી-વૈધ.કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ સરપંચશ્રી અંજલીબેન પટેલ,ગ્રામ પંચાયત વાડના સહયોગથી પ્રાથમિક મુખ્ય શાળા વાડ ખાતે આયુર્વેદ શાખા નવસારી દ્વારા મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમીયોપેથી નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું.આ આયુષ મેગા કેમ્પમાં આમંત્રણ ને માન આપી આવેલ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રાથમિક મુખ્ય શાળા વાડની બાલિકાઓ દ્વારા સુંદર પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું.જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી,




આયુષ મેગા કેમ્પ અને આયુષ શાખાની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઉપસ્થિત મહાનુભાવોનું ઔષધિય પુસ્તિકા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ખેરગામ તાલુકા પંચાયત પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ આ કેમ્પ માં ઉપસ્થિત રહ્યા હતા . સરપંચ શ્રી અંજલીબેન પટેલ દ્વારા આયુષ મેગા કેમ્પનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લે અને જાહેર જનતા આયુર્વેદ તરફ વળે તે માટે અપીલ કરાઈ. નવસારી જિલ્લામાં આયુર્વેદ શાખા અને જિલ્લા આયુર્વેદ અધિકારી વૈધ.કાજલબેન મઢીકર ની કામગીરી બીરદાવામાં આવી તેમજ સાંપ્રત સમયમાં આયુર્વેદનું મહત્વ અને આયુર્વેદ જીવનશૈલી અપનાવવાથી લાંબા સમય સુધી નિરોગી જીવન વિતાવી શકાય અને દરેક રોગોમાં આયુર્વેદ ઔષધીઓ દ્વારા ખૂબ જ સારા પરિણામ મળે છે તેવું જણાવ્યું .ડૉ.રિંકલ પટેલ હોમિયોપેથી મેડિકલ ઓફિસર દ્વારા આભારવિધિ કરી મેગા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો.

# ભાજપના નવ નિયુક્ત હોદ્દેદારો વોર્ડ નં.૨૫ની શુભેચ્છા મુલાકાતે

## સ્થાનિક આગેવાનો દ્વારા શહેરના પદાધિકારીઓનું સ્વાગત કર્યું



સુરત, તા.૨૭

ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગરના નવ નિયુક્ત ઉપાધ્યક્ષ શ્રી રતનલાલ જૈન અને વોર્ડના પ્રભારી તરીકે નવા નિમણૂક થયેલા તેમજ ઉપાધ્યક્ષ શ્રીમતી મંગલાબેન ગોસ્વામી, યુવા મોરચાના પ્રમુખ બીપીનભાઈ તળાવીયા,મહામંત્રી શ્રી હર્ષભાઈ મહેતા, અને શ્રી ઉર્વેશભાઈ પટેલ શ્રીઓ પહેલી વાર વોર્ડ નંબર ૨૫ લિંબાયત, ઉધનાયાર્ડ ની શુભેચ્છા મુલાકાત માટે આવેલ તે અનુસંધાનમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ,યુવા મોરચા તેમજ વોર્ડના હોદ્દેદારો એ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સાહભેર એમનું સ્વાગત કર્યું હતું.

આ સંદર્ભે સુરત શહેર ભાજપના યુવા મોરચાના પ્રમુખ શ્રી બીપીનભાઈ તળાવીયા એ તેમની જોશીલા વક્તવ્યમાં કહ્યું હતું કે આવનારી કોર્પોરેશનની ચૂંટણીમાં સુરત શહેરની તમામ બેઠકોમાં જીત મેળવે તેવી મજબૂતીથી ચૂંટણી લડવા માટે તમામ યુવા કાર્યકર્તાઓ ને પ્રતિબદ્ધ થવા હાકલ કરી હતી તેમજ વોર્ડમાં સારું પ્રદર્શન કરવા માટે શહેરમાં તેમજ વોર્ડની યુવા મોરચાની કમિટીમાં દરેક સમાજના તેમજ સારા કાર્યકર્તાઓને સ્થાન મળે તેવી સૂચનાઓ કરી હતી. શહેરના તેમજ પાર્ટીના અગ્રણી નેતાઓના માર્ગદર્શન હેઠળ વોર્ડમાં પાર્ટી મજબૂત બને તેવા પરિશ્રમ કરવા કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો. સાથેજ વોર્ડના કાર્યકર્તાઓ

અનુસંધાન પાના ૭ પર

# યુનિયનો સાથે ડે.કમિ. સચિવના વિવાદ અંગે કમિશનરને રજૂઆત

## યુનિયનોની ઓફીસનો ગેરકાયદે કબજો લેવાયા :અર્જુન વીરાસ

સુરત, તા.૨૭

જયબુદ્ધ કર્મચારી યુનિયન સુરતના પ્રમુખ અર્જુન વીરાસએ સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રીને એક આવેદનપત્ર આપીને જણાવ્યું છે કે, સુરત મહાનગરપાલિકાનું મધ્યસ્થ મહેકમ ખાતુ જે દિવસથી ડેપ્યુટી કમિશનર ડેપ્યુટેશન શ્રીમતી નિધિ સિવાચને સોંપવામાં આવેલ છે, તેજ દિવસથી મહાનગરપાલિકાના કર્મચારીઓ અને યુનિયન બાબતના અનેક વિવાદો ઉભા થયા છે. જે માટે આ અગાઉ અમારે તથા અમારા યુનિયનોના મહામંડળ તરફથી ઘણી ફરિયાદો કરી હોવા છતાં, આજ દિન સુધી તેઓ પાસેથી મધ્યસ્થ મહેકમ ખાતુ લઈ લેવામાં આવેલ નથી કે તેઓની સામે કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. જેના કારણે તેઓ બદલાની ભાવનાથી પોતાની ફરજ બજાવી રહ્યા છે.તેમજ યુનિયનો સાથે વહાલા દવલાની નીતિ અપનાવી રહ્યા છે.આ સાથે આજરોજ જે કિસ્સો અમારા ધ્યાનમાં આવેલ છે, તે આપની સમક્ષ મૂકી રહ્યા છીએ.જે ધ્યાને લઈને જરૂરી કાર્યવાહી કરવા માટે અમારી રજૂઆત છે. તારીખ ૨૩/૨/૨૦૨૬ ના રોજ ડેપ્યુટી કમિશનર ડેપ્યુટેશન તરફથી એક કચેરી હુકમ નંબર જીએડી/ ઈ.એસ.ટી/ પી.એચ. ૧૮૮૨ તારીખ ૨૩.૦૨.૨૦૨૬ કાઢવામાં આવેલ છે.જે કચેરી હુકમમાં મોટાભાગે વર્ગ ચારના કર્મચારીઓના હુકમો કરવામાં આવેલ છે. પરંતુ આ કચેરી હુકમમાં સિફતપૂર્વક કોઈ કર્મચારીનુ ધ્યાન ન જાય તે રીતે, તે હેતુથી અનુક્રમ નંબર...૨.. માં વરાછા ઝોન ખાતે પ્રાઈમરી હેલ્થ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા પાર્થિવ ડી. દેસાઈ કર્મચારી નંબર.૧૯૫૧૧ ની બદલી ઓન લોન રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ છે. અત્રે આપ સાહેબનું ધ્યાન દોરીએ કે, મજકુર કર્મચારીને જ્યારે આજથી ત્રણ ચાર મહિના પહેલા પ્રાઈમરી હેલ્થ સુપરવાઈઝરનું પ્રમોશન આપવામાં આવેલું.ત્યારે તેઓનું પોસ્ટિંગ વરાછા ઝોન ખાતે થયેલ હતું. છતાં પણ માત્ર ત્રણ મહિના થવા છતાં પણ તેઓની સાવ ખોટી રીતે રાંદેર ઝોન ખાતે ઓન લોન બદલી કરવામાં આવી છે.જે તદ્દન ખોટું છે.

મજકુર કર્મચારી સુરત મહાનગરપાલિકાના હેલ્થ એમ્પ્લોઇઝ યુનિયનના પ્રમુખ છે. જે બાબતે ખાસ જણાવવાનું કે આ યુનિયનને મજકુર ડેપ્યુટી કમિશનર શ્રી દ્વારા કોઈ નોટિસ આપવામાં આવેલ નથી. જ્યારે સુરત મહાનગરપાલિકામાં કાર્યરત અન્ય ૨૫ જેટલા યુનિયનને તેઓએ નોટિસ આપીને તેઓની તમામ માહિતીઓ માંગેલ હતી. તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી વિવિધ યુનિયનોને જે કચેરીઓ મુગલીસરા ખાતે ફાળવવામાં આવેલ હતી.તે ઓફિસોનો કબજો પણ તેઓએ ૧૯.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ગેરકાયદેસર રીતે લઈ લીધેલ હતો.જ્યારે આ યુનિયન પાસે આજ દિન સુધી કોઈપણ પ્રકારની માહિતી માંગેલ નથી.આ યુનિયનના હોદ્દેદારો દરરોજ મજકુર ડેપ્યુટી કમિશનર શ્રીની મુલાકાત પોતાની ફરજના સમય દરમિયાન પણ લેતા રહે છે.પરંતુ તે બાબતે આ યુનિયનના હોદ્દેદારો સામે શિસ્તભંગના કોઈ પગલા આજ દિન સુધી લેવામાં આવેલ નથી.

# ઔદ્યોગિક એકમોમાં કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરો : હરીશ સુર્યવંશી

## કામદારોના શોષણનો મુદ્દો કોંગ્રેસ વિધાનસભામાં ઉઠાવશે

સુરત, તા.૨૭

સુરત. ગુરુવારે સવારે હજીરા ઔદ્યોગિક વિસ્તારમાં કામદારો દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ અને હડતાળને હવે રાજકીય સમર્થન મળ્યું છે. સુરત શહેર કોંગ્રેસે આ મામલે હસ્તક્ષેપ કર્યો છે અને સ્પષ્ટતા કરી છે કે તે કામદારોની વાજબી માંગણીઓ સાથે છે.



સુરત શહેર કોંગ્રેસના ઉપાધ્યક્ષ હરીશકુમાર સૂર્યવંશીએ એક સત્તાવાર નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે કામદારોનો ગુસ્સો લાંબા સમયથી ચાલી રહેલા શોષણનું પરિણામ છે. તેમણે જાહેરાત કરી હતી કે ધારાસભ્ય ડૉ. તુષારભાઈ ચૌધરી દ્વારા ગુજરાત વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવવામાં આવશે. કોંગ્રેસ પક્ષ કામદારોની માંગણીઓને રાજ્ય સરકાર સમક્ષ મજબૂતીથી રજૂ કરશે જેથી તેમને ન્યાય મળી શકે. કોંગ્રેસ નેતા હરીશકુમાર સૂર્યવંશીએ મોટી કંપનીઓમાં પ્રવર્તતી 'કોન્ટ્રાક્ટ સિસ્ટમ'ની આકરી ટીકા કરી. તેમણે કહ્યું કે મોટી કંપનીઓના કોન્ટ્રાક્ટરો ખુલ્લેઆમ શ્રમ કાયદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે. કોન્ટ્રાક્ટ સિસ્ટમ નાબૂદ કરવી જોઈએ, અને વર્ષોથી કામ કરતા કામદારોને કંપનીઓ દ્વારા સીધા નિયમિત કરવા જોઈએ. અશાંતિ બાદ પોલીસ તપાસ અંગે, હરીશ સૂર્યવંશીએ પોલીસ વહીવટીતંત્ર પાસે માંગ કરી છે કે કામદારો સામે કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવો. પોલીસે તેમના અધિકારો માટે લડી રહેલા નિર્દોષ કામદારોને નિશાન બનાવવું જોઈએ નહી. જે કોન્ટ્રાક્ટરોની બેદરકારી અને શોષણકારી નીતિઓને

અનુસંધાન પાના ૭ પર

# જહાંગીરપુરા ખાતે જન કલ્યાણ અર્થે સમૂહ અગ્નિહોત્ર સમારંભ યોજાયો

## ઉપસ્થિત લોકોએ અગ્નિહોત્રનો સકારાત્મક અનુભવ કર્યો

સુરત, તા.૨૭

૨૨ ફેબ્રુઆરીના રોજ જહાંગીરપુરા (સુરત) ના પિસાડ ગામમાં પર્યાવરણીય શુદ્ધિકરણ અને જન કલ્યાણ માટે અગ્નિહોત્ર જયંતિ નિમિત્તે સમૂહ અગ્નિહોત્ર સમારોહ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમ ભોપાલના માધવ આશ્રમથી પ્રેરિત હતો.



આ પ્રસંગે, સમજાવવામાં આવ્યું હતું કે અગ્નિહોત્ર એક વૈદિક વિધિ છે જેમાં ખૂબ જ ઓછો સમય લાગે છે. અગ્નિહોત્ર કરવા માટે પાંચ નિયમો છે, જેમાં સૂર્યોદય અને સૂર્યાસ્તના ચોક્કસ સમયે ગાયના છાણ, કાચા ચોખા, ઘી અને બે વૈદિક મંત્રોથી અગ્નિદાહ પ્રગટાવવાનો સમાવેશ થાય છે. અગ્નિહોત્ર દરમિયાન સમયપાલનનું ખાસ મહત્વ છે.

કાર્યક્રમ દરમિયાન, એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભોપાલ ગેસ દુર્ઘટના દરમિયાન, જે પરિવારો નિયમિતપણે પાંચ નિયમો અનુસાર તેમના ઘરોમાં અગ્નિહોત્ર કરતા હતા તેમને ઝેરી ગેસની અસરોથી કોઈ ખાસ નુકસાન થયું ન હતું - આના સીધા પુરાવા ઉપલબ્ધ છે. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, માધવ આશ્રમ ભોપાલ દ્વારા પ્રેરિત, જહાંગીરપુરા, પિસાદ ગામ (સુરત) ની પવિત્ર ભૂમિ પર એક સમૂહ અગ્નિહોત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. ઉપસ્થિતોએ અગ્નિહોત્રના સકારાત્મક પ્રભાવોનો અનુભવ કર્યો હતો.

આ પ્રસંગે, માધવ આશ્રમ ભોપાલના અગ્નિહોત્ર પ્રચારકે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે અગ્નિહોત્ર આજે એક જરૂરિયાત છે. વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, માનવીએ પોતાને બદલવું જોઈએ અને પ્રકૃતિના રક્ષણ માટે આગળ આવવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે અગ્નિહોત્ર એ ગાય સંરક્ષણનું એક ઉત્તમ માધ્યમ છે અને આપણે બધાએ પર્યાવરણીય પ્રદૂષણની ગંભીર સમસ્યાનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે અગ્નિહોત્રને પર્યાવરણીય શુદ્ધિકરણ માટે રામબાણ ગણાવ્યું. આ કાર્યક્રમમાં, સુરતના એક અનુભવી અગ્નિહોત્ર સાધકે પણ પોતાના અંગત અનુભવો શેર કર્યા, જેનાથી

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વરમાં બાકી વેરા અંગે ૩૪ મિલકતોને સીલ મરાયા

## પાલિકા તંત્રએ ૪૦ પાણી-ડ્રેનેજ જોડાણ કાપી નાંખ્યા

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર નગરપાલિકાએ બાકી પડતા વેરાની વસુલાત માટે કડક પગલાં ભરતાં હાઉસ ટેક્સ વિભાગે ૩૪ મિલકતો સીલ કરી દીધી છે, જ્યારે ૪૦ પાણી અને ડ્રેનેજ જોડાણ કાપી નાખ્યા છે. સાથે સાથે ૧૦ હજારથી વધુ મિલકતધારકોને આખરી નોટિસ પાઠવી પાલિકાએ વસુલાત અભિયાન તેજ કર્યું છે. પાલિકા ઈતિહાસમાં પ્રથમ વખત વ્યવસાય વેરા વિભાગે પણ બાકી રહેલા વેરા માટે કડક કાર્યવાહી હાથ ધરી ૪ મિલકતો સીલ કરી છે. મિલકતો સીલ થતાં જ બાકીદારો દ્વારા તાત્કાલિક વેરો ભરપાઈ કરવાની કામગીરી શરૂ કરાઈ હોવાનું જાણવા મળે છે. વ્યવસાય વેરા વિભાગમાં કુલ રૂ. ૧.૭૨ કરોડની માંગ સામે અત્યાર સુધી રૂ. ૧.૩૦ કરોડથી વધુ વસુલાત થઈ ચૂકી છે, જ્યારે રૂ. ૪૧.૬૦ લાખની બાકી વસુલાત માટે ૭૫૦થી વધુ વ્યવસાય વેરાધારકોને નોટિસ પાઠવવામાં આવી છે. નોટિસ બાદ પણ વેરો નહી ભરનાર સામે મિલકત સીલ કરવાની કાર્યવાહી કરવાની તાકીદ કરાઈ છે. હાઉસ ટેક્સ વિભાગ દ્વારા કુલ રૂ. ૧૩.૦૭ કરોડની માંગ સામે અત્યાર સુધી રૂ. ૭.૬૪ કરોડ વસુલાત કરી ૫૮.૪૭ ટકા વસુલાત નોંધાઈ છે. બાકી રહેલા અંદાજે ૪૧ ટકા વેરા માટે ૩૧ માર્ચ સુધી ૧૨ વોર્ડમાં અલગ અલગ ટીમો બનાવી ડોર-ટુ-ડોર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હાલ સુધી ૩૪ મિલકતો સીલ કરાઈ છે તથા ૪૦ પાણી-ડ્રેનેજ જોડાણ કપાયા છે. આગામી દિવસોમાં વધુ કડક કાર્યવાહી માટે ખાસ ટીમો ગોઠવી તમામ વોર્ડમાં જાહેર જાહેરાતો સાથે વસુલાત અભિયાન તેજ બનાવાશે.






# ભારતની વિકાસગાથાને આગળ ધપાવવા મહિલાઓને ડો. પ્રીતિ અદાણીની હાકલ

નવી દિલ્હી, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬: નવી દિલ્હીના જાહેર નીતિ થિંક ટેન્ક ચિંતન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા આયોજિત “સશક્ત નારી, વિક્સિત ભારત” પરિષદને સંબોધન કરતા અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડૉ. પ્રીતિ અદાણીએ વિક્સિત ભારત ૨૦૪૭ તરફના પ્રયાણમાં ભારતની વિકાસ યાત્રાના કેન્દ્રિય શિલ્પી તરીકે મહિલાઓને પોતાની ઓળખ બનાવવાનું આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીનું સ્વાગત કરતા ડૉ. અદાણીએ મહિલાઓના નેતૃત્વ હેઠળ થઈ રહેલા વિકાસ પાછળની નીતિગત ગતિને સ્વીકારીને હેતુપૂર્વકની આર્થિક ભાગીદારીમાં સતત પરિવર્તન લાવવાનો આગ્રહ કર્યો હતો.

તેમણે પાયાના અનુભવના ઉપયોગના આધારે સશક્તિકરણ સુલભતાથી શરૂ થાય છે તે બાબત ઉપર ભાર મૂક્તા જણાવ્યું હતું કે ઔપચારિક શિક્ષણનું સ્તર મર્યાદિત છે એવા ગ્રામીણ સમુદાયોમાં અદાણી ગ્રુપની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખ મારફત ફાઉન્ડેશન દ્વારા સમર્થિત મહિલા ખેડૂતોને સરળ કૃષિ મોબાઈલ એપ્લિકેશનો ઉપલબ્ધ કરવામાં આવી છે જેના દ્વારા સિંચાઈ, ખાતરના ઉપયોગ, બિયારણની પસંદગી અને મંડીના ભાવના ટ્રેકિંગનું માર્ગદર્શન આપવામાં આવે છે. માહિતીની આપ-લેની સુધરેલી પહોંચ ઉચ્ચ ઉત્પાદકતા, મજબૂત આવક અને વધુ આત્મવિશ્વાસમાં પરિવર્તિત થઈ છે.

ડેરી ક્ષેત્રમાં, સામૂહિક કાર્યવાહીએ કમાણીની સંભાવનાને ફરીથી આકાર આપ્યો છે. ફાઉન્ડેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી સુવિધા હેઠળ સ્વ-સહાય જૂથ સંચાલિત દૂધ સંગ્રહ કેન્દ્રોમાં હવે ૩૫૦૦ થી વધુ મહિલાઓને આવરી લેવામાં આવી છે જે સામૂહિક રીતે વાર્ષિક ૭૫ લાખ લિટરથી વધુ દૂધનું સંચાલન કરે છે. પારદર્શક ભાવ નિર્ધારણ, ગુણવત્તા પરીક્ષણ અને સંગઠિત ખરીદીએ આવક સ્થિરતા અને સોદા પાર પાડવાની શક્તિમાં વધારો કર્યો છે.

ડૉ. અદાણીએ પ્રશિક્ષિત સ્થાનિક મહિલા સ્વયંસેવકોએ પ્રજનન વય જૂથની ૩.૨૫ લાખથી વધુ મહિલાઓ માટે સુધારેલા આરોગ્ય પરિણામોને ટેકો આપ્યો છે એવી ફાઉન્ડેશનની મુખ્ય પહેલ માતૃત્વ અને મહિલા આરોગ્ય સુપોષણનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સ્વાભિમાન કાર્યક્રમે ૩૦૦ એન્ટરપ્રાઈઝ સ્વ-સહાય જૂથોમાં ૪,૫૦૦ થી વધુ મહિલાઓને ટકાઉ આજીવિકા મેળવવા સક્ષમ બનાવી છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે સશક્તિકરણ દાન વિશે નથી, પરંતુ કુશળતા, નાણાં, બજારો અને નેતૃત્વના માર્ગોની પહોંચને વિસ્તૃત કરવા વિશે છે.તાજેતરના કેન્દ્રીય બજેટની સ્વ-સહાય ઉદ્યોગસાહસિક પહેલનો ઉલ્લેખ કરતા, ડૉ. અદાણીએ તેને મહિલાઓને વૃદ્ધિ, મૂડીની ઍક્સેસ સાથે માઈક્રો-ક્રેડિટ સહભાગીઓથી એન્ટરપ્રાઈઝ માલિકો પ્રતિ સંક્રમણ કરવા સક્ષમ બનાવવા માટેનું એક મહત્વપૂર્ણ નીતિગત પગલું ગણાવ્યું હતુ. તેમણે ફાઉન્ડેશનના તેના ઘાતાંકીય સશક્તિકરણને ટેકો આપવાના માળખા સાથે તેના જોડાણનો ઉલ્લેખ કર્યો હતો.ઉદ્યોગસાહસિકતા, શાસન અને ગ્રામીણ નેતૃત્વ પરની ચર્ચાઓમાં, સંદેશ સુસંગત રહ્યો છે, મહિલાઓની આર્થિક ભાગીદારી ભારતની લાંબા ગાળાની સમૃદ્ધિનો પાયો હોવાનું તેમણે જણાવ્યું હતું.તેમણે સંબોધનના સમાપનમાં સંસ્થાઓને માળખાકીય અવરોધોને દૂર કરવા અને તકોની પહોંચને વિસ્તૃત કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, ભારતના વિકાસનો આગામી તબક્કો વર્ગખંડો, તાલીમ કેન્દ્રો, ગ્રામીણ સાહસો અને ડિજિટલ બજારોમાં આત્મવિશ્વાસુ મહિલાઓના નેતૃત્વમાં આકાર પામશે

# શાળા તથા સંસ્થાઓ દ્વારા મનોહર અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત “સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા” અંતર્ગત તા. ૨૬/૦૨/૨૦૨૬ના રોજ સેમિનાર ડોમમાં સુરત શહેરની વિવિધ શાળા તથા સંસ્થાઓ દ્વારા મનોહર અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ નૃત્ય, ભાવભંગિમા, તાલ-લય અને અભિનય દ્વારા પોતાની કલાત્મક અને સાંસ્કૃતિક પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની શાળા તથા સંસ્થાઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી:

પ્રતિભા ડાન્સ એકેડમી દ્વારા ગણેશ વંદના અને કલાવેશ નૃત્ય રજૂ કરવામાં આવ્યું, જેમાં વિઘ્નહર્તા ગણપતિજીની આરાધના સાથે કલાત્મક ચળવળો દ્વારા શુભ શરૂઆતનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કલાનિધિ કથક ડાન્સ એકેડમી દ્વારા દેવી સ્તુતિ તથા પરંપરાગત કથક નૃત્ય રજૂ કરવામાં આવ્યું, જેમાં શાસ્ત્રીય નૃત્યની નઝાકત, તાલબદ્ધતા અને ભાવ અભિવ્યક્તિ સ્પષ્ટ રીતે જોવા મળી હતી.નૃત્યાંજલિ સંસ્થા દ્વારા નાગર નંદજીના લાલ પર આધારિત ભાવાત્મક નૃત્ય તેમજ ગુજરાતી લોકનૃત્ય રજૂ કરવામાં આવ્યું, જેમાં કૃષ્ણભક્તિ, લોકસંસ્કૃતિ અને રંગીન પરંપરાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.જગદંબ ભારતીય કલા કેન્દ્ર દ્વારા તલવાર કરતબ રજૂ કરવામાં આવ્યું, જેમાં શારીરિક કુશળતા, શિસ્ત અને સાહસનું પ્રભાવશાળી પ્રદર્શન કરીને દર્શકોને રોમાંચિત કર્યા હતા.

ઉક્ત તમામ શાળા તથા સંસ્થાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી કૃતિઓને ઉપસ્થિત દર્શકો દ્વારા ભારે પ્રશંસા મળી હતી. કાર્યક્રમના અંતે પુસ્તક મેળા અંતર્ગત ભાગ લેનાર બધી શાળા અને સંસ્થાઓને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેના કારણે ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શકોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવભાવ, આત્મવિશ્વાસ તથા કલાત્મક અભિવ્યક્તિ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પુસ્તક મેળામાં આવેલા મુલાકાતીઓને પણ સુરત શહેરની યુવા પ્રતિભા અને સાંસ્કૃતિક વૈવિધ્યનો સાક્ષાત અનુભવ પ્રાપ્ત થયો હતો.

# ‘વારસો અને વિરાસત’નો અનોખો સંગમ : ’ડાંગ દરબાર’



## સાંસ્કૃતિક આત્મવિશ્વાસ અને ઐતિહાસિક જાગૃતિ રાષ્ટ્રીય એકતા માટે આવશ્યક છે ત્યારે ’ડાંગ દરબાર’ આ થીમ મુજબ ગુજરાતનું ઘરેણું છે

## સને ૧૮૪૨/૪૩ થી શરૂ થયેલી ’ડાંગ દરબાર’ ની ઐતિહાસિક અને ભાતિગળ પરંપરા એ ગુજરાતનું ઘરેણું છે

સાપુતારાઃ તાઃ ૨૬

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ’વારસો અને વિરાસત’ વિશે વારંવાર ભાર મૂકે છે. તેમના મતે “આપણો વારસો માત્ર ભૂતકાળનું ગૌરવ નથી, પરંતુ ભવિષ્ય માટેની પ્રેરણા અને માર્ગદર્શન પણ છે.”

આ બાબતને ચરિતાર્થ કરતો ડાંગ જિલ્લાનો એકમેવ ઉત્સવ એટલે ’ડાંગ દરબાર’.ભારતની હજારો વર્ષની સંસ્કૃતિ, પ્રકૃતિ, પરંપરા, યોગ, આયુર્વેદ, વેદો અને લોકકલાઓ આપણા રાષ્ટ્રની ઓળખ છે. આ વિરાસતને જાળવવી અને નવી પેઢી સુધી પહોંચાડવી એ આપણી જવાબદારી છે. “વિકાસ પણ, અને વિરાસત પણ” ના



પ્રધાનમંત્રીશ્રીના મંત્ર અનુસાર, આધુનિક વિકાસ સાથે સાંસ્કૃતિક મૂલ્યોનું સંરક્ષણ જરૂરી છે. તો આપણા ઐતિહાસિક સ્થળોનું પુનરુત્થાન, અને ઐતિહાસિક ધરોહરનું સુપેરે સંવર્ધન કરવામાં આવી રહ્યું છે.

લોકલ પરંપરા અને “વોકલ ફોર લોકલ" અભિયાન દ્વારા હસ્તકલા, હેન્ડલૂમ અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહ્યું છે. જેના લીધે પરંપરાગત કૌશલ્ય જીવંત રહે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. રાષ્ટ્રીય ગૌરવ અને આત્મનિર્ભરતાનો મત વ્યક્ત કરતા પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું છે કે, ’જે રાષ્ટ્ર પોતાનો વારસો ભૂલી જાય છે, તે પોતાની ઓળખ ગુમાવી દે છે’. તેથી સાંસ્કૃતિક આત્મવિશ્વાસ અને ઐતિહાસિક જાગૃતિ રાષ્ટ્રીય એકતા માટે આવશ્યક છે. ત્યારે સને ૧૮૪૨/૪૩ થી શરૂ થયેલી ’ડાંગ દરબાર’ ની ઐતિહાસિક અને ભાતિગળ પરંપરા એ ગુજરાતનું ઘરેણું છે.





# ડાંગના રાજવીશ્રીઓની શૌર્યગાથા સાથે તેમની રાષ્ટ્રભક્તિને બિરદાવતા પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિત

## ડાંગના રાજવીશ્રીઓના યથોચિત સન્માન સાથે આહવા ખાતે ’ડાંગ દરબાર’ના ભાતિગળ લોકમેળાનો દબદબાભેર થયો પ્રારંભ

સાપુતારાઃ તાઃ ૨૬: અંગ્રેજોની આધિનતા નહીં સ્વિકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિત સહિતના મહાનુભાવોએ ’ડાંગ દરબાર’ના ઐતિહાસિક કાર્યક્રમનુ ઉદ્ઘાટન કર્યું હતું.આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પુરો પાડતા ’ડાંગ દરબાર’ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતા મંત્રી શ્રી ગામિતે રાજા, રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા, ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શુરવિરતા, શૌર્યગાથા, અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે તેમ ઉમેર્યુ હતુ.પોતાના પ્રાસંગિક વક્તવ્યમા મંત્રીશ્રીએ ’ડાંગ દરબાર’નો ઈતિહાસ વર્ણવી ડાંગના રાજવીશ્રીઓને અપાતી સાલિયાણા અર્પણ કરવાની ઐતિહાસિક પ્રણાલી અદા કરવાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. મંત્રીશ્રી ’ડાંગ દરબાર’ના મેળામાં પ્રશાસને ઉપલબ્ધ કરાવેલી પાયાકીય સુવિધાઓનો પણ ખ્યાલ આપ્યો હતો.’ડાંગ દરબાર’ ની પરંપરા અનુસાર પ્રતિવર્ષ આ કાર્યક્રમમા પધારતા રાજ્યપાલશ્રી, આ વેળા તા.૨જી માર્ચે આહવા ખાતે પધારી, ફરી એક વાર રંગ ઉપવનના આ જ રંગમંચ ઉપર રાજવીશ્રીઓનું યથોચિત સન્માન કરશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ખૂબ જ સાદગીપૂર્ણ રહેણીકરણી ધરાવતા ડાંગ જિલ્લાના રાજવીઓની પરંપરા અને તેની ગરિમાપૂર્ણ ઉજવણીનો ઉલ્લેખ કરીને, ’ડાંગ દરબાર’ના આ ઐતિહાસિક લોકમેળાના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ડાંગના રાજવીશ્રીઓનુ પરંપરાગત સન્માન કરાયુ હતુ. પ્રત્યુત્તરમા ડાંગના રાજવીશ્રીઓએ પણ ડાંગ પ્રદેશના સમગ્ર પ્રજાજનો વતી મહાનુભાવોને ધનુષબાણ અર્પણ કરી, અભિવાદન કર્યુ હતુ. રાજવીશ્રીઓ પરંપરાગત રીતે પાનસોપારી, શાલ, અને સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી.

પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં લોકસભાના નાયબ દંડક અને વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલે ડાંગ સહિત સમગ્ર રાજ્ય અને દેશના વિકાસની રફતારનો ખ્યાલ આપી, આગામી દિવસોમાં ’ડાંગ દરબાર’ ની ઉજવણીને વધુ ગરિમાપૂર્ણ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી પટેલે વડાપ્રધાનશ્રીના વિઝનનો ખ્યાલ આપી અતુલ્ય ભારતની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, ગુજરાત અને કેન્દ્રની સરકારને કારણે વિકાસના માર્ગે અગ્રેસર થયેલા ડાંગ જિલ્લાના વિકાસ પ્રકલ્પો, આગામી દિવસમાં જિલ્લાની ગરિમા વધારશે તેમ જણાવ્યુ હતુ. ખાસ કરીને ડાંગની પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે વિચારાધીન સંભવિત પ્રકલ્પોનો પણ તેમણે આ વેળા ખ્યાલ આપ્યો હતો.દરમિયાન રાજવી પરિવારવતી વાસુર્ણાના રાજવી શ્રી ધનરાજસિંહ સુર્યવંશીએ રાજ પરિવારોની લાગણી રજુ કરી, વન પર્યાવરણ જાળવણીની અપીલ કરી હતી. તેમણે રાજ પરિવાર વતી સૌ પ્રજાજનોને હોળી-ધૂળેટી (સિમગા ઉત્સવ)ની શુભકામનાઓ પાઠવી હતી.કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરતા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનેસૌને ’ડાંગ દરબાર’મા આવકારી, હોળી-ધૂળેટીના તહેવારોની શુભકામના પાઠવી હતી. ’ડાંગ દરબાર’ના રંગારંગ ઉદ્ઘાટન સમારોહમા ઉપસ્થિત રહેલી જનમેદનીને અહી ડાંગની સાંસ્કૃતિક ઝલક રજુ કરતા ડાંગી નૃત્યો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નિહાળવા મળ્યા હતા.’ડાંગ દરબાર’ના ઉદ્ઘાટન કાર્યક્રમ પૂર્વે ડાંગ જિલ્લાની ઐતિહાસિક પ્રણાલી અનુસાર ડાંગના માજી રાજવીઓની જિલ્લા સેવા સદન ખાતેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા, નગરના મુખ્ય માર્ગ ઉપર ફરી હતી. શણગારેલી બગીઓમા નિકળેલી રાજવીશ્રીઓની સવારી દરમિયાન, તેમણે પ્રજાજનોનુ અભિવાદન ઝીલ્યુ હતું. આહવાના રંગ ઉપવન ખાતે આયોજિત ’ડાંગ દરબાર ’ના ઉદ્ઘાટન સમારોહના કાર્યક્રમની આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ.વસાવાએ આટોપી હતી. ઉદ્ઘોષક તરીકે શ્રી વિજયભાઈ ખાંભુ તથા તેમની ટીમ સેવા આપી હતી.ઉલ્લેખનિય છે કે, ’ડાંગ દરબાર’ના ઐતિહાસિક કાર્યક્રમ વેળા રાજવીશ્રીઓ, નાયકો અને તેમના ભાઉબંધોને સન્માનિત કરાયા હતા.’ડાંગ દરબાર’ના ઉદ્ઘાટન કાર્યક્રમના સાક્ષી બનવા માટે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, ભાજપા પાર્ટી પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, ગુજરાત પ્રદેશ સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખશ્રી ડો. પ્રદિપભાઈ ગરાસિયા સહિત જિલ્લા પોલીસ વડા સુશ્રી પૂજા યાદવ, પ્રાયોજના વહીવટદાર શ્રી આંનદ પાટીલ, ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક સર્વશ્રી મુરારીલાલ મીણા અને ધીરજ કુમાર, અધિક નિવાસી કલેક્ટર શ્રી એસ.ડી.તબીયાર, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલીયા, દક્ષિણ ગુજરાત ઝોનના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછાર સહિતના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, મહાનુભાવો, અગ્રણી નાગરિકો, વ્યક્તિ વિશેષ, સ્થાનિક પ્રજાજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરનારા કલાકારો, મીડિયાકર્મીઓ, અને ડાંગના દરબારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દવા-ઔષધ બનાવવાની કળાનો ઇતિહાસ અને વર્તમાન

ઔષધ એટલે શું? દવા તો તેનો પર્યાયવાચી શબ્દ છે. ખોરાક લેવામાં પ્રમાણભાન ભૂલી જવાય કે વારસાગત કે કુદરતી કોઈ વ્યાધિ શરીરમાં ઘર કરી જાય કે અકસ્માતને કારણે શરીરમાં અવ્યવસ્થા સર્જાય – આ બધી શારીરિક કે માનસિક ઉપાધિ/વ્યાધિને ઠીક કરવા માટે જે સંકેન્દ્રિત કે અસંકેન્દ્રિત દ્રવ્યોને ઔષધ કહી શકાય. કેમિકલમાંથી એ બનાવવામાં આવ્યું હોય તો એ એલોપેથીક દવા કહેવાય. ઔષધોની શોધ, વિકાસ અને તેમના સરળ યોગ એટલે કે ફોર્મ્યુલેશન રૂપે ઉત્પાદન અને વિતરણ સાથે સંકળાયેલ આરોગ્યલક્ષી વ્યવસાય એટલે ઔષધશાસ્ત્ર. મનુષ્ય તથા પ્રાણીઓને થતા રોગના નિદાન કે ઉપચાર માટે, રોગને હળવો કરવા કે થતો અટકાવવા માટે, રોગથી થતી વિકૃત શારીરિક અવસ્થા તથા રોગનાં ચિહ્નો દૂર કરવા માટે અને જૈવિક કાર્યના પુનઃ સ્થાપન, ફેરફાર કે સુધારણા વગેરે માટે વપરાતા પદાર્થો કે પદાર્થોના મિશ્રણને ઔષધો કહે છે.

ઔષધો અંગેનું જ્ઞાન માનવસંસ્કૃતિ જેટલું પુરાણું છે. ફાર્મસી’ શબ્દ ગ્રીક ફાર્માકોન= ઔષધ’ ઉપરથી આવ્યો છે. આદિમાનવે ઘવાયેલાં માંદાં પ્રાણીઓની વર્તણૂક અને પોતાની અંતઃપ્રેરણાથી કેટલાંક ઔષધો શોધી કાઢ્યાં હતાં. માનવ વધુ સંસ્કૃત થતો ગયો તેમ તેમ પ્રયોગ અને અનુભવથી તેને કામ આવતી વનસ્પતિઓની જાણકારી તેણે એકઠી કરવા માંડી હતી. અમુક માણસોએ રોગનું નિદાન કરીને ઔષધો આપવાનો વ્યવસાય શરૂ કર્યો. એ રીતે એક નવો વ્યવસાય સમાજમાં વિકસ્યો હતો. છેક ઓગણીસમી સદી સુધી મોટાભાગનાં ઔષધો વનસ્પતિમાંથી અને કેટલાંક પ્રાણીઓમાંથી તથા ખનિજ પદાર્થોમાંથી મેળવવામાં આવતાં હતાં. આ બધાં ઔષધો મુખ્યત્વે અપરિષ્કૃત એટલે કે ક્રૂડ એટલે કે કાચા રૂપમાં જ હતાં.

વિવિધ સંસ્કૃતિઓએ તેમનું આગવું ઔષધશાસ્ત્ર વિકસાવ્યું હતું. ઔષધશાસ્ત્ર અંગે પ્રાચીન સમયમાં ચીન, ભારત અને ભૂમધ્ય પ્રદેશોની સંસ્કૃતિઓએ સારો વિકાસ સાધ્યો હતો. ઈ. પૂ. ૨૭૩૫ના અરસામાં ચીની વનસ્પતિ ચાંગ શાંગ જવરહર તરીકે વપરાતી હોવાનો ઉલ્લેખ છે. ચરક, સુશ્રુત વગેરેનો ઔષધશાસ્ત્રમાંનો ફાળો સમગ્ર વિશ્વે સ્વીકારેલો છે.

ઔષધશાસ્ત્રમાં ક્રાંતિકારી સુધારા સોળમી અને સત્તરમી સદીમાં અમલમાં આવ્યા. રોગ પારખીને ઔષધોનો નિર્દેશ કરનાર અને ઔષધ બનાવનાર – એમ બે વ્યવસાયો અલગ પડી ગયા. ઔષધની બનાવટમાં સમાનતા આણવા તથા તેમની શુદ્ધિ અંગેની ચકાસણીમાં મદદરૂપ થાય તેવા ગ્રંથો – ફાર્માકોપિયા – તૈયાર થવા માંડ્યાં. ન્યુરેમ્બર્ગમાં ૧૫૪૬માં પ્રથમ ફાર્માકોપિયા બહાર પડ્યો. ૧૬૧૭માં સોસાયટી ઑવ્ ઍપોથેકરીની સ્થાપના થઈ અને ઔષધશાસ્ત્ર એક આગવા વ્યવસાય તરીકે અસ્તિત્વમાં આવ્યો. કાયદાથી એમ ઠરાવવામાં આવ્યું કે ઍપોથેકરી જ ઔષધ રાખી/વેચી શકે. ૧૮૪૧માં ફાર્મસ્યૂટિકલ સોસાયટી ઑવ્ ગ્રેટબ્રિટન અસ્તિત્વમાં આવી અને ફાર્મસિસ્ટની વ્યવસ્થિત કેળવણી શરૂ થઈ.

## તંત્રી લેખ...

**શુક્રવાર, તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬**

# નામમાં જ બધું છે!

કેરળ વિધાનસભાએ બે વાર રાજ્યનું નામ બદલીને કેરલમ્ કરવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલ્યો હતો, જેના પર આખરે કૅબિનેટે મંજૂરીનું મત્તું માર્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ નામ બદલ વિશે સોશિયલ મીડિયા પર કરેલી પૉસ્ટમાં લખ્યું છે કે- આ પગલું રાજ્યના લોકોની ઈચ્છા અને સાંસ્કૃતિક ઓળખને સુદઢ કરવાના પ્રયાસો સાથે સંરેખિત છે. ૧૪૦ સભ્યોની કેરળ વિધાનસભાનો કાર્યકાળ આગામી ૨૩મી મેએ પૂરો થાય છે અને રાજ્યમાં આગામી એપ્રિલ મહિનામાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે લેવાયેલા આ પગલાને ચૂંટણીલક્ષી ગણાવવામાં આવી રહ્યું છે. તો, બીજી તરફ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર હુમલો કરતાં કહ્યું છે કે, વેસ્ટ બેંગાલનું નામ બાંગ્લા કરવા માટેનો પ્રસ્તાવ ભાજપની સરકારે દબાવી રાખ્યો છે. મમતાદીદીએ નવો રાગ છેડતાં કહ્યું છે કે, વિધાનસભા ચૂંટણી પહેલાં આ નામ બદલથી સ્પષ્ટ છે કે, ભાજપ અને સીપીઆઇ (એમ) વચ્ચેનું ગઠબંધન વધુ મજબૂત બની રહ્યું છે. કેન્દ્ર સરકાર બંગાળ વિરોધી છે, કેમ કે બે વાર પશ્ચિમ બંગાળ વિધાનસભામાં રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ પસાર થયો છે અને મેં જાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ માટે પત્ર લખ્યો હોવા છતાં આ દિશામાં કશું જ આગળ વધ્યું નથી.

ભારતમાં બીજું કંઈ બદલાય ન બદલાય, સત્તામાં નવી સરકાર આવે એટલે સૌથી પહેલા નામ બદલવાનો દાવ શરૂ થતો હોય છે. સ્વતંત્રતા બાદ અનેક રાજ્યોનાં નામ બદલાયાં છે અને વિવિધ રાજ્યોમાં શહેરો, ગામો અને સ્થળોનાં નામમાં પરિવર્તન થયાં છે. જોકે, નામ બદલવાની આ રમત અને મમતને કારણે સરકારી રેકૉર્ડમાં ફેરફાર કરવા માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય છે. કોઈ વ્યક્તિ પોતાનું નામ બદલવા માગતી હોય તો એની પ્રક્રિયા પણ ખાસ્સી લાંબીલચક છે, તો રાજ્યનું નામ બદલા માટેની પ્રક્રિયા પણ જટિલ હોવાની જ. મલયાલમમાં રાજ્યનું નામ કેરલમ્ જ છે, પણ બંધારણના આઠમા અનુચ્છેદમાં આ નામ કેરળ હોવાથી અને પહેલી નવેમ્બર, ૧૯૫૬ના રોજ ભાષાના આધારે રાજ્યોની આંકણી કરાઈ હોવાથી મલયાલમ ભાષામાં રાજ્યનું નામ છે, એ જ નામ સત્તાવારપણે પણ હોવું જોઈએ. જોકે, કેન્દ્રની કૅબિનેટે મંજૂરી આપી હોવા છતાં કેરળનું કેરલમ્ થવામાં વાર લાગશે, કેમ કે રાજ્યનું નામ બદલવા માટેનો ખરડો રાષ્ટ્રપતિ ભલામણ કરે એ પછી જ સંસદમાં તેને રજૂ કરી શકાય છે. ગૃહ ખાતું અને કાયદા મંત્રાલયે કેરળ વિધાનસભાના પ્રસ્તાવનો અભ્યાસ કરી આ પગલાને લીલી ઝંડી આપી હતી.

**ભારતમાં બીજું કંઈ બદલાય ન બદલાય, સત્તામાં નવી સરકાર આવે એટલે સૌથી પહેલા નામ બદલવાનો દાવ શરૂ થતો હોય છે. સ્વતંત્રતા બાદ અનેક રાજ્યોનાં નામ બદલાયાં છે અને વિવિધ રાજ્યોમાં શહેરો, ગામો અને સ્થળોનાં નામમાં પરિવર્તન થયાં છે.**

## એસઆઇઆરમાં અદાલતની દરમિયાનગીરી નોંધનીય

ભારતીય લોકશાહીના આધારસ્તંભ સમાન મતદારયાદીમાં ગેરકાયદે મતદારો મોટી સંખ્યામાં સામેલ હોવાની ચોંકાવનારી આશંકાને દૂર કરવા આ યાદીની ખરાઈની હાથ ધરાયેલી ખાસ કાર્યવાહીમાં જાગી રહેલા વિવાદમાં સર્વોચ્ચ અદાલતે દરમિયાનગીરી કરીને મર્યાદા અંકિત કરી આપી છે. ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સમીક્ષા (એસઆઈઆર) હાથ ધરાઈ રહી છે તેમાં વિપક્ષ શાસિત રાજ્યોમાં વિવાદ જાગી રહ્યા છે. ખાસ તો પશ્ચિમ બંગાળમાં વહીવટી મતભેદ અને સંઘર્ષની હાલત ઊભી થઈ છે. આવામાં સર્વોચ્ચ અદાલતે દરમિયાનગીરી કરીને આ કાર્યવાહીમાં મતદારયાદીમાંથી કોઈ યોગ્ય નાગરિકની બાદબાકી ન થાય અને કોઈ અયોગ્ય વ્યક્તિ તેમાં સામેલ ન થઈ જાય એનો ખ્યાલ રાખવાની ખાસ તાકીદ કરી છે.

પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા આ કાર્યવાહી અને ચૂંટણી પંચના ઈરાદા સામે સતત વિરોધ વ્યક્ત કરાતો રહ્યો છે. હવે સર્વોચ્ચ અદાલતે આ મામલામાં દરમિયાનગીરી કરીને આ મામલો અસાધારણ હોવાનું સ્પષ્ટ કર્યું છે. અદાલતે હવે રાજ્યમાં ચૂંટાયેલી સરકાર અને ચૂંટણ પંચ વચ્ચે વિશ્વાસના અભાવનો ઈલાજ કરવા ન્યાયતંત્રના હાલના અને નિવૃત્ત અધિકારીઓને દેખરેખની ખાસ જવાબદારી સોંપી છે. અદાલતે જે રીતે સરકાર અને પંચ વચ્ચે વિશ્વાસના અભાવના સંદર્ભમાં ટિપ્પણી કરી છે તે બહુ નોંધપાત્ર અને ચિંતાજનક છે. અદાલતે કહ્યંઅ છે કે, આવી સ્થિતિ લોકશાહીને નુકસાન કરે છે.

સર્વોચ્ચ અદાલતને એસઆઈઆરની દેખરેખ માટે ન્યાયતંત્રની દરમિયાનગીરીનો આદેશ આપવો પડ્યે તે બતાવે છે કે, આ સ્થિતિ અસામાન્ય છે. સાથોસાથ સરકાર અને આ બંધારણીય સંસ્થા વચ્ચે સંવાદનો ભારે અભાવ જણાઈ રહ્યો છે. ઉલ્લેખનીય બાબત એ છે કે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને તેમની બૅન્ચે એ સ્પષ્ટ કર્યું છે કે, ન્યાયતંત્રના નિરીક્ષક અધિકારીઓના નિર્ણયને આદાલતનો આદેશ માનવામાં આવશે. આ આદેશનો કલેકટર અને એસપી અમલ કરાવશે.

આખા પ્રકરણ ઉપરથી સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, ચૂંટણીની કાર્યવાહી એટલી બધી અવિશ્વસનીય થઈ ગઈ છે કે, ન્યાયતંત્રને દરમિયાનગીરી કરવી પડી રહી છે. જો આ સવાલનો જવાબ હા હોય તો લોકશાહી માટે ભારે જોખમી હાલત કહી શકાય. અદાલતે ૨૮મી ફેબ્રુઆરીના અંતિમ મતદારયાદી જાહેર કરવાની મંજૂરી આપી છે. સાથોસાથ જરૂર જણાય તો વધારાની સપ્લિમેન્ટરી યાદીની પણ છૂટ અપાઈ છે. અદાલતે વિવાદિત પક્ષો વચ્ચે સમતુલન ઊભું કરવાની સાથોસાથ મતદારયાદીમાં વિલંબ ન થાય અને તેમાં કોઈ ભૂલ રહી જાય તો તેમાં સુધારાની જોગવાઈ પણ કરી આપી છે.

સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યંઅ છે કે, રોજબરોજની કામગીરીમાં દખલગીરી કરવાનું ન્યાયતંત્રનું કામ નથી, પણ વહીવટી તંત્ર દ્વારા વિલંબ થતો હોય કે સ્પષ્ટતા ન થતી હોય તેવા સંજોગોમાં અદાલતોને દરમિયાનગીરી કરવાની ફરજ પડતી હોય છે. આ વિવાદમાં સર્વોચ્ચ અદાલતે દેખરેખની વ્યવસ્થા ગોઠવી છે તે હંગામી છે. ખરેખર તો ચૂંટણી પંચ અને રાજ્ય સરકારે મતભેદો કોરણે મૂકીને લોકશાહી માટે ચાવીરૂપ આ પ્રક્રિયાને ખરા અર્થમાં વિવાદરહિત મતદારયાદી તૈયાર કરવામાં સાથે મળીને કામ કરવું જોઈએ.

**અલબત્ત બીજાં ક્ષેત્રોના ભ્રષ્ટાચારની વાત નથી કરી તેનો મતલબ એ નથી કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાક નથી**

# સુપ્રીમની વાત સાચી, એકલું ન્યાયતંત્ર જ ભ્રષ્ટ નથી

**ભારતના ઈતિહાસમાં મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરનારા જસ્ટિસ રામાસ્વામી સુપ્રીમ કોર્ટના પહેલા ન્યાયાધીશ છે.**

ભારતમાં શાળામાં ભણાવવાનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરતી સંસ્થા નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ (એનસીઈઆરટી)ના ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં 'ન્યાયિક ભ્રષ્ટાચાર' એટલે કે જ્યુડિશિયલ કરપ્શનનું પ્રકરણ સમાવાયું એ મુદ્દે બબાલ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્કૂલનાં છોકરાંને ભણાવાય તેની સામે આક્રોશ ઠાલવ્યો તેના પગલે જ્યુડિશિયલ કરપ્શન ચેપ્ટરવાળા પુસ્તક પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. કપિલ સિબલે સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો તેના પગલે ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે ભારે નારાજગી વ્યક્ત કરીને કહ્યું કે, દુનિયામાં કોઈને પણ ન્યાયતંત્રને બદનામ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે. જસ્ટિસ સૂર્યકાન્તે તો ન્યાયતંત્રને બદનામ કરવાનું ષડ્યંત્ર રચાયું હોવાની આશંકા વ્યક્ત કરીને એમ પણ કહ્યું કે, આ પ્રકરણનો સમાવેશ સારી રીતે વિચારીને લેવાયેલો નિર્ણય લાગે છે એ જોતાં આ કેસ હું જાતે જ સાંભળીશ. આ પુસ્તકમાં માત્ર ન્યાયતંત્રમાં જ ભ્રષ્ટાચાર હોવાનો ઉલ્લેખ છે તેની સામે પણ સુપ્રીમ કોર્ટે વાંધો લીધો છે. રાજકારણ, વહીવટીતંત્ર કે જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર વિશે એક શબ્દ પણ નથી તેની સામે પણ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટની આ વાત સાવ સાચી છે. ભારતમાં ભ્રષ્ટાચાર સર્વવ્યાપી છે અને રાજકારણ તથા વહીવટીતંત્ર તો ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે છતાં તેમના ભ્રષ્ટાચાર વિશે કશું ના કહેવાય ને માત્ર ન્યાયતંત્રના ભ્રષ્ટાચારના પાઠ ભણાવાય એ પૂર્વગ્રહ પ્રેરિત તો કહેવાય જ. અલબત્ત બીજાં ક્ષેત્રોના ભ્રષ્ટાચારની વાત નથી કરી તેનો મતલબ એ નથી કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાક નથી. માત્ર ન્યાયતંત્રનો ઉલ્લેખ કરાયો તેથી માનનીય ચીફ જસ્ટિસ અને બીજા ન્યાયાધીશોને ભલે લાગી આવ્યું પણ આપણું ન્યાયતંત્ર સાવ દૂધે ધોયેલું તો નથી જ. આ વાત ન્યાયતંત્રમાં કામ કરી ચૂકેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સહિતના દિગ્ગજો કહી ચૂક્યા છે. આ દેશમાં હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને ભ્રષ્ટાચાર બદલ હોદ્દા પરથી દૂર કરાયા હોય કે પછી તગેડી મુકાય તેની બદનામીથી બચવા માટે ન્યાયાધીશે પોતે રાજીનામું ધરી દીધું હોય એવા કેટલાય કિસ્સા પણ નોંધાયેલા છે. ૧૯૯૩માં જસ્ટિસ વી. રામાસ્વામી સામે તો ઈમ્પિચમેન્ટ મૉશન લાવીને સંસદે તેમને દૂર કરવાની કાર્યવાહી કરવી પડી હતી. જસ્ટિસ રામાસ્વામીને સંસદીય સમિતિએ નાણાકીય ગેરરીતિઓ માટે દોષિત ઠેરવ્યા હતા. તેના પગલે તેમને દૂર કરવા માટે ઈમ્પિચમેન્ટ એટલે કે મહાભિયોગ કાર્યવાહી કરાયેલી. ભારતના ઈતિહાસમાં મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરનારા જસ્ટિસ રામાસ્વામી સુપ્રીમ કોર્ટના પહેલા ન્યાયાધીશ છે. રાજકીય કારણોસર જસ્ટિસ રામાસ્વામીને દૂર કરવાનો પ્રસ્તાવ સંસદમાં ઊડી ગયેલો પણ સંસદીય સમિતિએ તેમને દોષિત ઠેરવેલા તેથી ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એ તો સાબિત થયેલું જ. ૨૦૧૧માં કોલકાતા હાઈ કોર્ટના જસ્ટિસ સૌમિત્ર સેને ભંડોળના દુરુપયોગના દોષી સાબિત થયા પછી તેમની સામે પણ ઈમ્પિચમેન્ટ મૉશન લવાયેલી પણ કાર્યવાહીના થોડા સમય પહેલાં રાજીનામું આપીને તેમણે આબરુ બચાવી લીધેલી. જસ્ટિસ યશવંત વર્માનો કિસ્સો તો તાજો જ છે. માર્ચ ૨૦૨૫માં, દિલ્હી હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે આગ લાગી ત્યારે જંગી પ્રમાણમાં બિનહિસાબી રોકડ મળી આવી હતી. સ્ટોર રૂમમાં રખાયેલી ઘણી નોટો અડધી બળી ગઈ હતી. દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસે ધ્યાન દોર્યું છતાં સુપ્રીમ કોર્ટે ભીનું સંકેલીને જસ્ટિસ વર્માને બચાવવા ફાંફાં માર્યાં હતાં. આ વાત મીડિયામાં આવી ગઈ ને બળેલી ચલણી નોટોના વીડિયો વાયરલ થયા પછી સુપ્રીમ કોર્ટે પગલાં લેવાં જ પડે તેમ હતાં છતાં વર્માને બચાવવાના ભરપૂર પ્રયત્નો થયા. સુપ્રીમ કોર્ટે પહેલાં તો જસ્ટિસ વર્મા સામે એફઆઈઆર નોંધાવવાની માગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ વર્માને હટાવવાની અને સસ્પેન્ડ કરવાની માગણી ઉગ્ર બનતાં જસ્ટિસ વર્માને અલાહાબાદ હાઈ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અલાહાબાદ હાઈ કોર્ટના વકીલો અને અન્ય ન્યાયાધીશોએ ઉગ્ર વિરોધ કરતાં બદલી મોકૂફ રાખીને છેવટે તપાસનો આદેશ આપવો પડેલો. જસ્ટિસ વર્મા સામે પણ મહાભિયોગની પ્રક્રિયા જુલાઈ ૨૦૨૫માં સંસદના ચોમાસુ સત્રમાં શરૂ કરાયેલી પણ વાત આગળ વધી નથી. આ તો ઉચ્ચ અદાલતોનાં બહુ જાણીતાં ઉદાહરણોની વાત કરી, બાકી આક્ષેપોની ઘટનાઓ તો બીજી પણ છે. નીચલી અદાલતોમાં તો લોલેલોલ ચાલે છે અને ન્યાયાધીશો ન્યાયતંત્રના કર્મચારીઓનું કરી નાંખવામાં સામેલ હોય એવી ઘટનાઓ પણ બની છે. ૨૦૦૮ના ગાઝિયાબાદ પ્રોવિડન્ટ ફંડ કૌભાંડમાં કોર્ટ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડનાં નાણાં ચાંઉ થઈ ગયેલાં એવું બહાર આવેલું અને આ ઉચાપતમાં ઘણા જિલ્લા અને ઉચ્ચ અદાલતના ન્યાયાધીશો સામેલ હતા. ૨૦૧૭માં મેડિકલ કૉલેજ લાંચ કેસમાં ખાનગી મેડિકલ કોલેજોએ પોતાની તરફેણમાં ચુકાદા લાવવા માટે જજોને મોટી સંખ્યામાં લાંચ આપી હોવાના આક્ષેપો થયેલા. આ કેસની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી પણ પછી ભીનું સંકેલી દેવામાં આવ્યું. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એવું સુપ્રીમ કોર્ટ જે હાઈ કોર્ટના જજોએ કહ્યું હોય એવાં તો ઢગલાબંધ ઉદાહરણો છે. જે પુસ્તક વિશે વિવાદ થયો છે તે પુસ્તકમાં ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈનો ઉલ્લેખ છે. જસ્ટિસ ગવઈએ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્વીકારીને જુલાઈ ૨૦૨૫માં કહ્યું હતું કે, ન્યાયતંત્રની અંદર ભ્રષ્ટાચાર અને ખોટા કાર્યોના કેસોની જાહેર વિશ્વાસ પર ખરાબ અસર પડે છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રૂમા પાલે તો ઉચ્ચ ન્યાયતંત્રમાં પ્રવર્તતાં સેવન સિન્સ એટલે કે સાત પાપની વાત કરીને ભારે ખળભળાટ મચાવેલો. જસ્ટિસ રૂમા પાલના કહેવા પ્રમાણે, સાથી જજના અન્યાયી વર્તન પ્રત્યે આંખ આડા કાન કરવા, ન્યાયિક સ્વતંત્રતાના ધોરણોને વિકૃત બનાવીને દંભ કરવો, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકમાં પારદર્શકતાનો અભાવ, સુપ્રીમ કોર્ટના જજ દ્વારા જૂના ચુકાદાઓમાંથી બેઠા ફકરા ઉઠાવીને મૂકી દેવાની ચોરી, ન્યાયતંત્રના ભ્રષ્ટાચારને રોકવા માટેના ધમપછાડા, જજોમાં પ્રોફેશનલ ક્ષમતાનો અભાવ અને ભાઈ-ભત્રીજાવાદ એ સાત પાપ પ્રવર્તે છે. ઘણા નિવૃત્ત ન્યાયાધીશોએ આ વાતમાં સૂર પુરાવ્યો હતો. ૨૦૧૬માં તો સુપ્રીમ કોર્ટના ચાર જજે પ્રેસ કોન્ફરન્સ કરીને ચીફ જસ્ટિસ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરીને સનસનાટી મચાવી દીધેલી. આ બધી ઘટનાઓ આપણી નજર સામે છે ને એ છતાં ચીફ જસ્ટિસને લાગે છે કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એવું સ્થાપિત કરવા પાછળ કોઈ કાવતરું છે તો તેનો કોઈ ઉપાય નથી.

**ટોયલેટમાં મોબાઇલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે.**

# ટોઈલેટમાં મોબાઈલ કથા

**• મોબાઇલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે.**

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. ઘણા લોકો માટે ટોયલેટમાં પણ મોબાઈલ લઈ જવો એક સામાન્ય ટેવ બની ગઈ છે. જોકે, આ ટેવ આરોગ્ય, સ્વચ્છતા અને માનસિક સ્થિતિ પર નોંધપાત્ર હાનિકારક અસરો કરી શકે છે.

૧. સ્વચ્છતા અને બેક્ટેરિયાનું જોખમ

ટોયલેટ એ એક એવું સ્થળ છે જ્યાં બેક્ટેરિયા અને જંતુઓનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. ફ્લશ કરતી વખતે, નાના નાના પાણીના ટીપાં હવામાં ફેલાય છે, જેમાં ફેકલ બેક્ટેરિયા (જેમ કે ઇ. કોલાઇ) હોઈ શકે છે. આ ટીપાં મોબાઈલ ફોનની સપાટી પર સરળતાથી જમા થઈ શકે છે. સંશોધન દર્શાવે છે કે મોબાઈલ ફોનની સપાટી પર ટોયલેટ સીટ કરતાં ૧૦ ગણા વધુ બેક્ટેરિયા હોઈ શકે

છે, ખાસ કરીને જો તેને ટોયલેટમાં નિયમિત લઈ જવામાં આવે. આ બેક્ટેરિયા હાથ, ચહેરા અને મોઢા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે, જેનાથી ચેપ, પેટના રોગો અને અન્ય આરોગ્ય સ સમસ્યાઓનું જોખમ રહે છે.

ઉદાહરણ તરીકે, યુનિવર્સિટી ઓફ એરિઝોનાના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ૯૦%થી વધુ મોબાઈલ ફોન પર હાનિકારક બેક્ટેરિયા હોય છે, જેમાંથી મોટાભાગના ટોયલેટ જેવા અસ્વચ્છ વાતાવરણમાંથી આવે છે. મોબાઈલ ફોનને નિયમિત સાફ ન કરવામાં આવે તો, તે બેક્ટેરિયાનો સ્ત્રોત બની શકે છે, જે ખાસ કરીને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી છે.

ટોયલેટમાં મોબાઈલ ફોનનો ઉપયોગ લાંબા સમય સુધી બેસવાની ટેવને પ્રોત્સાહન આપે છે, જે શારીરિક આરોગ્ય માટે હાનિકારક છે. લાંબા સમય સુધી ટોયલેટ સીટ પર બેસવાથી હેમોરોઇડ્સ (પાઈલ્સ) અને ગુદામાર્ગ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધે છે. ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. અનિશ શેઠના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી બેસવાથી ગુદામાર્ગ પર દબાણ વધે છે, જે હેમોરોઇડ્સનું કારણ બની શકે છે. વધુમાં, મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આંખો પર તાણ આવે છે અને ડિજિટલ આઈ સ્ટ્રેન (comìuter áision syndrmeo) ની સમસ્યા થઈ શકે છે, જેમાં આંખોમાં દુખાવો, શુષ્કતા અને ઝાંખું દ્રષ્ટિ જેવા લક્ષણો જોવા મળે છે.

મોબાઈલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે. મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન આપવાથી વ્યક્તિનું મગજ સતત સક્રિય રહે છે, જે આરામની ક્ષણોને ઘટાડે છે. સાયકોલોજિસ્ટ ડૉ. લેરી રોસેનના મતે, સતત સ્ક્રીનના સંપર્કમાં રહેવાથી તણાવનું સ્તર વધે છે અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે. ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ ઘણીવાર સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ અથવા ગેમિંગમાં સમયનો વ્યય કરે છે, જે ઉત્પાદકતાને અસર કરે છે અને દિવસની શરૂઆતને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાથી ફોનને શારીરિક નુકસાન થવાનું જોખમ પણ રહે છે. આકસ્મિક રીતે ફોન ટોયલેટમાં પડી જવો, પાણીથી ભીજાવું અથવા સખત સપાટી પર પડવાથી તેની સ્ક્રીન તૂટી શકે છે. આવા નુકસાનથી આર્થિક ખર્ચ વધે છે, જે ટાળી શકાય તેવું હોય છે.

૫. વ્યસનનું જોખમ

ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ મોબાઈલ ફોનના વ્યસનને વધારી શકે છે. સંશોધન દર્શાવે છે કે સોશિયલ મીડિયા અને મોબાઈલ એપ્લિકેશન્સ ડોપામાઇનનું સ્તર વધારે છે, જે વ્યસનનું કારણ બની શકે છે. આ ટેવથી વ્યક્તિનું ધ્યાન વિચલિત થાય છે અને તે વાસ્તવિક જીવનની જવાબદારીઓથી દૂર રહે છે.

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે. સૌપ્રથમ, લોકોએ આ આદતની હાનિકારક અસરો, જેમ કે બેક્ટેરિયલ ચેપ અને શારીરિક સમસ્યાઓ, વિશે જાગૃત થવું જોઈએ અને ટોયલેટનો ઉપયોગ ઝડપથી પૂર્ણ કરવા મોબાઈલને બહાર રાખવાની આદત વિકસાવવી જોઈએ. જો મોબાઈલ ટોયલેટમાં લઈ જવામાં આવે, તો તેની નિયમિત સફાઈ આલ્કોહોલ-આધારિત વાઈપ્સથી કરવી જરૂરી છે, જેથી બેક્ટેરિયાનો ફેલાવો ટાળી શકાય. આ ઉપરાંત, ટોયલેટમાં સમય પસાર કરવા માટે મોબાઈલને બદલે પુસ્તકો કે મેગેઝિન જેવા ઓફલાઈન વિકલ્પોનો ઉપયોગ કરવો એક સારો વિકલ્પ હોઈ શકે છે. ફોનના ઉપયોગને નિયંત્રિત કરવા માટે સમય અને સ્થળની મર્યાદા નક્કી કરવી પણ મહત્વપૂર્ણ છે, જેથી ટોયલેટ જેવા અયોગ્ય સ્થળોએ તેનો ઉપયોગ ટાળી શકાય. છેલ્લે, સ્વચ્છતાને પ્રાથમિકતા આપીને, ટોયલેટમાંથી બહાર નીકળ્યા પછી હાથને સાબુથી સારી રીતે ધોઈને અને ફોનને સ્પર્શતા પહેલાં હાથ સૂકવીને ચેપનું જોખમ ઘટાડી શકાય છે. આ ઉપાયો અપનાવવાથી ટોયલેટમાં મોબાઈલ લઈ જવાની આદતને નિયંત્રિત કરીને આરોગ્યની સુરક્ષા કરી શકાય છે.

નિષ્કર્ષ- ટોયલેટમાં મોબાઈલ લઈ જવું એ એક સામાન્ય પણ હાનિકારક ટેવ છે, જે સ્વચ્છતા, શારીરિક આરોગ્ય, માનસિક સ્થિતિ અને ઉત્પાદકતા પર નકારાત્મક અસર કરે છે. સંશોધન અને નિષ્ણાતોના મંતવ્યો દર્શાવે છે કે આ ટેવથી બેક્ટેરિયલ ચેપ, હેમોરોઇડ્સ, આંખોનો તણાવ અને મોબાઈલ વ્યસન જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ ટેવને ટાળવા માટે સભાન પ્રયાસો અને વૈકલ્પિક આદતો અપનાવવાથી આરોગ્ય અને જીવનશૈલીમાં સુધારો થઈ શકે છે. ટોયલેટમાં મોબાઈલ લઈ જવાનું ટાળીને આપણે સ્વચ્છ, સ્વસ્થ અને ઉત્પાદક જીવન જીવી શકીએ છીએ.

**રેસ તથા સર્કસ જેવાં મનોરંજનનાં માધ્યમો પર એન્ટરટેઇનમેન્ટ ટેક્સ લાદવાનો પ્રસ્તાવ છે.**

# મુંબઈનાં વિકાસ અને વિસ્તરણનું વિઝન

સામાન્યપણે બજેટમાં ખર્ચ ઘટાડવા સાથે આવક વધારવા પર ભાર અપાતો હોય છે અને બીએમસીના બજેટમાં પણ નાગરિકો પર સીધો વેરો નાખ્યા વિના મનોરંજન કરને વ્યાપક બનાવવાનું પગલું લેવાયું છે.

દેશની સૌથી તવંગર પાલિકા અને નવ રાજ્યો કરતાં જેનું અંદાજપત્ર મોટું હોય છે, એ બીએમસીના બજેટમાં નવા કોઈ કરવેરા નથી કે ન તો પ્રૉપર્ટી ટૅક્સ ઝીકાયો છે. માળખાકીય સુવિધાઓના વિકાસ પર ભાર મુકાયો છે, સ્વાસ્થ્ય અને શિક્ષણ તથા પર્યાવરણ અને આબોહવામાં સુધારણા માટે ફાળવણી વધારવામાં આવી છે. આમ છતાં, વિકાસને વેગ આપતા રૂા. ૮૦,૯૫૨ કરોડના બીએમસી બજેટમાં આ સકારાત્મક બાજુઓને નજરઅંદાજ કરી વિરોધીઓ એક જ મુદ્દો ઉછાળી રહ્યા છે-ભાજપના હાથમાં સત્તા આવતાં જ છેલ્લાં અનેક વર્ષોમાં ઊભી કરવામાં આવેલી હજારો કરોડોની થાપણો તોડવામાં આવી રહી છે. મહાપાલિકાના ચૂંટણીપ્રચાર દરમિયાન ઉદ્ધવસેના દ્વારા આ મુદ્દો ચગાવાયો હતો અને બુધવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ રજૂ કરેલા બજેટ બાદ ફરી આ બાબત ચગાવાઈ રહી છે.

એ ખરું કે બજેટમાં પાલિકાની ૮૧,૪૪૯.૩૨ કરોડ રૂપિયાની ફિક્સ્ડ ડિપૉઝિટમાંથી બીએમસી ઈન્ટર્નલ ટ્રાન્સફર દ્વારા રૂા. ૧૩,૭૫૬ કરોડ રૂપિયાનું ભંડોળ વિકાસ કાર્યો માટે વાપરવા માગે છે અને સ્પેશિયલ ફંડ તથા રિઝર્વ ફંડમાંથી પણ ૧૪,૨૯૫ કરોડ વિકાસ કાર્યો માટે વાળવામાં આવશે. આમ કુલ રૂા. ૨૮,૦૬૧ કરોડ આ કામ માટે ઉપયોગમાં લેવાશે, પણ ફિક્સ્ડ ડિપૉઝિટનો આંકડો મોટો થતો રહે અને છતાં મુંબઈગરો મૂળભૂત સુવિધાઓ માટે ટળવળતો રહે એનો અર્થ શો? વળી, આ પહેલીવાર એવું નથી થઈ રહ્યું જ્યારે ફિક્સ્ડ ડિપૉઝિટ તોડીને એ રકમનો ઉપયોગ કરાયો હોય.

સામાન્યપણે બજેટમાં ખર્ચ ઘટાડવા સાથે આવક વધારવા પર ભાર અપાતો હોય છે અને બીએમસીના બજેટમાં પણ નાગરિકો પર સીધો વેરો નાખ્યા વિના મનોરંજન કરને વ્યાપક બનાવવાનું પગલું લેવાયું છે. થિયેટર, મલ્ટિપ્લૅક્સ ઉપરાંત બાલિંગ ઍલી, કૅબલ ટીવી પ્રદાતાઓ, ટિકિટ આધારિત જાહેર કાર્યક્રમો, પૂલ પાર્લર્સ, એક્ઝિબિશન્સ,

રેસ તથા સર્કસ જેવાં મનોરંજનનાં માધ્યમો પર એન્ટરટેઈનમેન્ટ ટૅક્સ લાદવાનો પ્રસ્તાવ છે. પાલિકા પર આર્થિક બોજ વધી રહ્યો હોવા છતાં આવકમાં સ્થિર વધારો જોવા મળી રહ્યો છે. આ વખતના બજેટમાં રૂા. ૫૧,૫૧૦ કરોડની આવકનો અંદાજ વ્યક્ત કરાયો છે. આ સાથે જ બીએમસી પહેલીવાર ટકાઉ માળખાકીય પ્રોજેક્ટ્સ, જેમ કે વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ અને ડિસ્ટિલેશન પ્લાન્ટ માટે ભંડોળ ઊભું કરવા મ્યુનિસિપલ ગ્રીન બૉન્ડ્સ રજૂ કરવામાં આવશે. આ બૉન્ડ્સ દ્વારા પાંચથી દસ હજાર કરોડનું ભંડોળ એકત્ર કરવાની નેમ છે. પાલિકા કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે આર્થિક ખેંચને કારણે નથી લઈ રહી, પણ કેન્દ્ર સરકાર દ્વારા અપાનારા અનુદાન માટે પાલિકા આ પગલું લઈ રહી છે. પાલિકા એક હજાર કરોડનાં બૉન્ડ્સ જારી કરશે, તો કેન્દ્ર સરકાર તરફથી તેમને રૂા. ૧૦૦ કરોડનું અનુદાન મળશે.

ખોટ કરી રહેલા બેસ્ટ ઉપક્રમે બજેટમાં ત્રણ હજાર કરોડ રૂપિયા ફાળવવાની માગ કરી હતી, પણ અગાઉની જેમ એક હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. જોકે, ઈલેક્ટ્રિક બસીસની ખરીદી માટે વધારાના અઢીસો કરોડ રૂપિયા ફાઈનાન્સ કમિશન દ્વારા મંજૂર કરવામાં આવશે. શહેરના કેટલાક વિસ્તારોમાં નવાં બિઝનેસ સેન્ટર બનાવવા માટે ઈકૉનૉમિક માસ્ટર પ્લાન બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત, ગગનચુંબી ઈમારતોમાં આગની ઘટના બને ત્યારે ડ્રૉન દ્વારા તેને નિયંત્રણમાં લેવાની વ્યવસ્થા કરાશે. રસ્તા પરનો ટ્રાફિક ઓછો કરવા માટે મલ્ટિ-ડૅક ટનલ સિસ્ટમના પ્રસ્તાવ સાથે વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ માટે ચાર હજાર કરોડ રૂપિયા, દહિસર-મીરા રોડ-ભાયંદર એલિવેટેડ રોડ માટે ૭૦૦ કરોડ રૂપિયા તથા ગોરેગામ-મુલુંડ લિન્ક રોડ માટે રૂા. ૨૬૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. શહેરની સતત કથળતી હવાની ગુણવત્તાને જોતાં પર્યાવરણ અને હવામાન ખાતા માટેની ફાળવણી બમણી કરી રૂા. ૧૬૦ કરોડ કરાઈ છે. આગામી પાંચ વર્ષમાં શહેરનો પાણીપુરવઠો દિવસના ૮૦૦ એમએલડી જેટલો વધારવા માટેની માળખાકીય સુવિધાઓ માટે પણ મોટી રકમની ફાળવણી કરાઈ છે. સર્વાંગી અને વ્યાપક વિકાસ પર કેન્દ્રિત આ બજેટ એકંદરે મુંબઈગરા માટે રાહત જેવું છે. બસ, એ તેમના સુધી ક્યારે પહોંચે છે એનું મહત્ત્વ છે.



# મળો મારા હસબન્ડને! મિસ્ટર વિજય દેવરકોંડા, મેં મારી બેસ્ટ ફ્રેન્ડને જ પત્ની બનાવી દીધી

વિજય દેવેરાકોન્ડા અને રશ્મિકા મંદન્ના હવે સત્તાવાર રીતે લગ્નબંધનમાં બંધાઈ ચૂક્યાં છે. લાંબા સમય સુધી તેમના સંબંધ વિશે મૌન રાખ્યાં બાદ આ સ્ટાર કપલે ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઉદયપુરમાં નજીકના મિત્રો અને પરિવારજનોની હાજરીમાં લગ્ન કર્યાં છે. એક ખાનગી સ્થળે તેલુગુ હિંદુ રીતિ-રિવાજો અનુસાર લગ્ન થયાં, જ્યારે સાંજે કૂર્ગ શૈલીની વિધિઓ થઈ હતી. આ જોડીએ પોતાના પરંપરાગત મૂળને સન્માન આપતાં બંને સંસ્કૃતિઓને આ બંધનમાં સ્થાન આપ્યું હતું. ગુરુવાર સાંજે બંનેએ તેમના પરંપરાગત લગ્ન સમારોહની પહેલી તસવીરો શેર કરી અને ખુશીના પળો ચાહકો સાથે વહેંચી હતી. દુલ્હન રશ્મિકાએ ઘેરા નારંગી રંગની ગોલ્ડન વર્કવાળી સાડી પસંદ કરી, જ્યારે દુલ્હાએ પરંપરાગત ધોતી (પંચા) અને લાલ અંગવસ્ત્ર ધારણ કર્યું હતું, જે તસવીરોમાં સાડી સાથે બાંધેલું દેખાતું હતું. અનેક વિધિઓ વચ્ચે તેઓ ચુપચાપ હાથ પકડીને ઉભા અને મહત્વપૂર્ણ ક્ષણોમાં ભાવુક થતાં પણ દેખાયા. વિજય દેવેરાકોન્ડા અને રશ્મિકા મંદન્ના બંને મેચિંગ આઉટફિટમાં લગ્ન સ્થળે પહોંચ્યાં હતાં અને છેલ્લા કેટલાંક દિવસોથી તેઓ ઉજવણીની નાની ઝલક સોશિયલ મીડિયા પર શેર કરતાં રહ્યાં હતાં. જાપાનીઝ ભોજન સાથે વેલકમ ડિનર, પૂલ વૉલિબૉલ, 'VIROSH પ્રીમિયર લીગ' નામે બંને પક્ષોની ક્રિકેટ મેચ અને હોળી જેવી હલ્દી વિધિ યોજાઈ હતી. તેમની ભવ્ય સંગીત સેરેમની પણ યોજાઈ હતી, જેમાં અભિનેત્રીએ પોતાના થનારા પતિ માટે પુષ્પા ૨નાં ગીત 'અંગારોં' પર પરફોર્મ કરીને સરપ્રાઈઝ આપ્યું. એવા પણ અહેવાલો હતા કે વિજયનની માતાએ આ પ્રસંગે પોતાની રશ્મિકાને પરંપરાગત વારસાગત ચુડીઓ ભેટ આપી હતી. રશ્મિકાએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, ''હાય, મારા પ્રિય લોકો, હવે હું તમને ''મારા પતિ'' સાથે પરિચય કરાવું છું! શ્રી વિજય દેવેરાકોન્ડા!! એ વ્યક્તિ જેણે મને સાચો પ્રેમ શું હોય છે તે શીખવ્યું, એ વ્યક્તિ જેણે મને શાંતિનો સાચો અર્થ સમજાવ્યો! એ વ્યક્તિ જેણે રોજ મને કહ્યું કે મોટા સપનાં જોવાં બિલકુલ યોગ્ય છે અને સતત મને સમજાવ્યું કે હું મારી કલ્પના કરતાં પણ વધારે હાંસલ કરી શકું છું! એ વ્યક્તિ જેણે ક્યારેય મને કોઈની પરવા કર્યા વગર નૃત્ય કરતી રોકી નથી..એ વ્યક્તિ જેણે બતાવ્યું કે મિત્રો સાથે મુસાફરી કરવી દુનિયાની સૌથી સુંદર વાત છે અને મારી વાત માનો, હું આ વ્યક્તિ પર એક પુસ્તક લખી શકું એમ છું! હું એ સ્ત્રી બની છું, જે બનવાનું મેં હંમેશાં સપનું જોયું હતું, કારણ કે તમે મને આજે જે છું તે બનાવી છે! હું ખરેખર ભાગ્યશાળી છું! વિજ્જુ, તારા માટેની મારી લાગણીઓ શબ્દોમાં વર્ણવી શકું એટલા શબ્દો મારી પાસે ક્યારેય નથી! મેં તને હંમેશાં કહ્યું છે!! પણ જાણે અચાનક મારી તમામ સિદ્ધિઓ, સંઘર્ષ, ખુશી, દુઃખ, આનંદ, જીવન — બધું હવે વધુ અર્થપૂર્ણ લાગે છે — કારણ કે તું મારી સાથે છે — આ બધાનો સાક્ષી બનીને.. આ બધાનો સૌથી મોટો ભાગ બનીને! હું તારી પત્ની બનવા માટે એટલી, એટલી, એટલી, એટલી જ ઉત્સાહિત છું! તારી પત્ની બનવા માટે! તારી પત્ની કહેવાવા માટે!! હવે તો પાર્ટીનો સમય પાક્કો છે!!''

જ્યારે વિજયે આ તસવીરો શેર કરીને રશ્મિકા માટે લખ્યું, ''એક દિવસ મને એની ખુબ યાદ આવી. મને એની એટલી યાદ આવી કે મને થયું કે જો તે મારી સાથે હોત તો મારો દિવસ વધુ સારો હોત. જો એ મારી બાજુમાં બેઠી હોત તો ભોજનથી કદાચ મને વધુ સંતોષ થયો હોત. મને એની જરૂર છે – જેથી હું ક્યાંય પણ હોય, તો પણ મને બસ ઘર જેવો, શાંતિ જેવો અનુભવ થાય. એટલે, મેં મારી બેસ્ટ ફ્રેન્ડને મારી પત્ની બનાવી દીધી. ૨૬.૦૨.૨૦૨૬''



# શાહરુખ મને ચાર સીન કે ચાર ગીત કહેશે તો હું કરીશ : રકુલપ્રીત

### રકુલપ્રીતે ઇન્ડસ્ટ્રીમાં ટકી રહેવા અને સંતુલન જાળવવા અંગે વાત કરી

રકુલપ્રીત તેની ફિલ્મ કરતાં વધુ તેની આરોગ્ય અને તંદુરસ્તી અંગેની ચર્ચા માટે વધુ ચર્ચામાં રહે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રકુલપ્રીતે વિવિધ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની પોતાની સફર અને જીવનના આગામી પ્રકરણ વિશે વાત કરી હતી. રકુલ માને છે કે હાલ તે એવા તબક્કમાં છે, જ્યારે તે પોતાના નિર્ણયો અને પસંદગી પર પુનર્વિચારણા કરી રહી છે. સંતુલન જાળવવાની વાત પર રકુલપ્રીતે જણાવ્યું, ''મારે કમર્શીયલ ફિલ્મ કરવી છે, પરંતુ એમાં મને ગમે એવું કશુંક હોવું જોઈએ. મેં માત્ર દેખાળા પૂરતાં રોલ પણ કર્યા જ છે. મારે કોઈ એવા રોલ નથી કરવા જેમાં એક છોકરી માત્ર ચાર સીન કે ગીત માટે આવે અને જતી રહે. મારે ઊંડાણ ધરાવતી સ્ત્રીના, પછી તે સુંદર કપડામાં શહેરની આધુનિક છોકરી હોય કે પછી નાના ગામની સંઘર્ષ કરતી છોકરી, એવા કોઈ પણ રોલ રહુ કરી શકું છું.''

આ જ દર્શાવે છે કે રકુલ હવે પોતાની દિશા બદલવા વિચારી રહી છે, તે મસાલા ફિલ્મોથી દૂર જવા નથી માગતી, તેમાં જ રહીને પોતાનું સ્થાન ફરી મજબુત કરવા માગે છે, હવે તેનું ધ્યાન સુંદરતાથી વધુ પાત્રો પર છે.


રકુલે કહ્યું, ''પરંતુ, જો શાહરુખ મને કોલ કરે અને ચાર સીન કે ચાર ગીતનો રોલ કહે તો હું બિલકુલ કરીશ.''

રકુલ જણાવે છે, ''ઘણી વખત તમે ફિલ્મ કરો છો, કારણ કે તમે એ મેકર સાથે કામ કરવા માગો છો. ક્યારેક તમારે ફિલ્મના કૉએક્ટર સાથે કામ કરવા માગતા હોય, ક્યારેક તમને રોલ ગમતો હોય છે. મારે મારી જાતને એક ડબ્બામાં બંધ નથી કરવી. હું તો ઈચ્છીશ કે હું મેકઅપ વિનાનો નાના ગામની છોકરીનો રોલ કરું. કે પછી ગ્લેમરસ રોલ હોય તો પણ ચાલે. મારે બસ ટકી રહેવું છે. હું એક ઉંમરમાં બંધાવા નથી માગતી.''

છેલ્લે રકુલ અજય દેવગન અને માધવન સાથે દે દે પ્યાર દે ૨માં જોવા મળી હતી.

# આલિયા - શર્વરીની આલ્ફાની થિએટર રિલીઝ નિશ્ચિત

### યશરાજે આલ્ફાની ૨૧૫ કરોડની ઓટીટી ડીલ રીજેક્ટ કરી




આદિત્ય ધરની ધુરંધરની ધમાકેદાર સફળતા અને રિતિક રોશનની 'વૉર ૨'ની નિષ્ફળતાને કારણે એવી ચર્ચા હતી કે આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની યશરાજની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા' હવે સીધી ઓટીટી પર જ રિલીઝ થઈ શકે છે. ફિલ્મમાં બૉબી દેઓલ અને અનિલ કપૂર પણ છે. નિષ્ણાતો માનતા હતા કે એક પછી એક સ્પાય ફિલ્મ રિલીઝ થાય તો તે નિષ્ફળ જઈ શકે છે અને તેનો આઈડિયા પણ જુનો લાગે છે. પરંતુ હવે યશરાજ ફિલ્મ્સે સ્પષ્ટ કરી દીધું છે કે ફિલ્મ સીધી થિએટરમાં જ રિલીઝ કરાશે.

મેકર્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં કહેવાયું છે, ''આલ્ફા ઓટીટી પર રિલીઝ થશે એ વાત અફવા છે, જેનો હેતુ હિરોઈનને લીડ રોલમાં લઈને બનતી ફિલ્મને ખરાબ ચીતરવા માગે છે. યશરાજ ફિલ્મ્સ પોતાની થિએટ્રીકલ સ્લેટમાંથી કોઈ ફિલ્મને ક્યારેય સીધી સ્ટ્રીમિંગમાં મુકતું નથી. અમે એક એવું પ્રોડક્શન હાઉસ છીએ, જે દર્શકોને સિનેમેટિક અનુભવ આપવામાં ગૌરવ અનુભવે છે. કંપની માટે આલ્ફા એક મહત્વની ફિલ્મ છે.''

આ નિવેદનમાં આગળ કહેવાયું, ''કશુંક ઘણું ખાસ દર્શકોને આપાવાના અમારા પ્રયત્નરૂપે આલ્ફા બનાવવામાં આવી છે. જેમાં આપણા દેશની સૌથી પ્રતિભાશાળી એક્ટ્રેસમાંથી એક આલિયા ભટ્ટ લીડ રોલમાં છે, જેની સાથે વધુ એક પ્રતિભાશાળી એક્ટર, શર્વરી છે. અમને આશા છે કે અમે આલ્ફામાં એક સારી ફિલ્મ બનાવી છે અને અન્ય એક્શન ફિલ્મોને દર્શકોએ જે પ્રકારનો પ્રેમ આપ્યો છે

# યશ ચોપરા ફાઉન્ડેશન દ્વારા ફિલ્મ વર્કર્સની મદદ માટે 'સાથી પ્રોગ્રામ ૨૦૨૬'ની શરૂઆત

### ફિલ્મ વર્કર્સને આરોગ્ય, આર્થિક સહાય અને બાળકોના શિક્ષણ માટે મદદ મળશે




યશ રાજ ફિલ્મ્સની સામાજિક કાર્યો કરતી શાખા યશ ચોપરા ફાઉન્ડેશન (YCF)દ્વારા 'સાથી પ્રોગ્રામ ૨૦૨૬'ની શરૂઆત કરવામાં આવી છે. આ પહેલ ફિલ્મ ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓ અને તેમના પરિવારોને વર્ષભર સતત સહાય આપવા માટે શરૂ થઈ છે. માત્ર રાહત યોજનાઓથી આગળ વધીને, આ પ્રોગ્રામ તેમની સતત જરૂરીયાતોને પૂરી કરવા અને પડદા પાછળ કામ કર્મચારીઓના જીવનની ગુણવત્તા સુધારવા પર કેન્દ્રિત છે. આ પ્રોગ્રામ અંતર્ગત માન્ય યુનિયનોમાં નોંધાયેલા ફિલ્મ કામદારોને જીવનના વિવિધ પાસાઓમાં સહાય મળશે. તેમાં ઘરગથ્થુ જરૂરિયાતો માટે માસિક સહાય, આરોગ્ય સહાય — જેમાં દવાઓ અને નિદાન સેવાઓમાં મદદ, તેમજ શાળા અને કોલેજમાં ભણતાં તેમનાં બાળકો માટે શિક્ષણ સહાયનો સમાવેશ થાય છે. ઉપરાંત, લાભાર્થીઓને વાર્ષિક પોતાના વતન જવા માટે જરૂરી પ્રવાસ સહાય પણ આપવામાં આવશે. ખાસ તો ૬૦ વર્ષ કે તેથી વધુ વયના નિવૃત્ત કર્મચારીઓ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓને તેમની વધતી આરોગ્ય જરૂરિયાતો અને મર્યાદિત આવકને ધ્યાનમાં રાખીને પ્રાથમિકતા આપવામાં આવશે. દાયકાઓ સુધી ફિલ્મ ઉદ્યોગને સેવા આપનાર લોકો માટે સુરક્ષાનું માળખું ઊભું કરવાનો ફાઉન્ડેશનનો હેતુ છે.



# સિનેમામાં સંબંધોની અદલાબદલી

બોલિવૂડમાં કાસ્ટિંગ પાછળનું ગણિત મોટેભાગે પ્રેક્ષકોની પસંદગી પર આધારિત હોય છે. કોઈ જોડી હિટ જાય એટલે મેકર્સ તેમને વારંવાર પડદા પર લાવે છે. જોકે હિન્દી સિનેમામાં એક બહુ મજેદાર ટ્રેન્ડ છે, સંબંધોનું રિ-શફલિંગ એટલે કે, જે બે કલાકાર એક ફિલ્મમાં પ્રેમી તરીકે દેખાયા હોય, તે જ બીજી ફિલ્મમાં અચાનક ભાઈ-બહેન કે દુશ્મન બનીને સામે આવે. પ્રેક્ષકો માટે આ એક એવો અનુભવ છે જ્યાં તેમણે જૂની ફિલ્મ્સની યાદોને સાઈડમાં મૂકીને એ જ કલાકારોને નવા સંબંધોમાં સ્વીકારવાના હોય છે.

આ ટ્રેન્ડનું એક ઉદાહરણ એટલે રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા. વર્ષ ૨૦૧૪માં 'ગુંડે' ફિલ્મમાં આ બંનેની કેમિસ્ટ્રી એકદમ હોટ અને રોમેન્ટિક હતી, પણ તેના બરાબર એક વર્ષ પછી 'દિલ ધડકને દો'માં એ બન્ને આયેશા અને કબીર મહેરા તરીકે ભાઈ-બહેનની ભૂમિકામાં આવ્યા. જે જોડી માટે આપણે થોડા સમય પહેલા રોમેન્ટિક ગીતો ગાઈ રહ્યા હતા, તે જ જોડી હવે ભાઈ-બહેન તરીકે એકબીજાના સિક્રેટ્સ સાચવતી જોવા મળી. એટલું જ નહી, એ જ વર્ષે 'બાજીરાવ મસ્તાની'માં પ્રિયંકા રણવીરના પાત્ર બાજીરાવની પત્ની કાશીબાઈ બની. એક જ વર્ષમાં પ્રેમી, ભાઈ-બહેન અને પછી પતિ-પત્ની... આ લેવલની વેરાયટી કદાચ બોલિવૂડમાં જ શક્ય છે!

જ્યારે રિયલ લાઈફ રિલેશનશિપ પડદા પર ઉલટાય છે ત્યારે મજા બમણી થઈ જાય છે. અમિતાભ અને અભિષેક બચ્ચન બાપ-દીકરો છે એ આખું જગત જાણે છે. 'સરકાર' જેવી ફિલ્મ્સમાં તેમણે એ જ સંબંધ નિભાવ્યો, પણ 'બંટી ઔર બબલી'માં ગેમ બદલાઈ ગઈ. અભિષેક એક સ્માર્ટ ચોર હતો અને અમિતાભ તેની પાછળ હાથ ધોઈને પડેલા પોલીસ ઓફિસર. પિતા અને પુત્ર વચ્ચેની એ 'કેચ મી ઈફ યુ કેન'વાળી રમત જોવાની ભારે મજા પડી હતી. આ રિલેશનશિપ એક્સપેરિમેન્ટનો પીક પોઈન્ટ તો 'પા' (૨૦૦૯) ફિલ્મ હતી, જ્યાં દીકરા અભિષેકે પિતા અમિતાભના પિતાની ભૂમિકા ભજવી હતી.

બચ્ચન પરિવારની વાત ચાલે છે તો જયા બચ્ચનની પણ વાત કરી લઈએ. ૧૯૭૨માં આવેલી ફિલ્મ 'કોશિશ'માં સંજીવ કુમાર અને જયા બચ્ચને એક મધુર પતિ-પત્નીની ભૂમિકા ભજવી હતી, જેમના અભિનયના આજે પણ વખાણ થાય છે, પરંતુ તેના માત્ર ત્રણ વર્ષ પછી, જ્યારે 'શોલે' જેવી મહાકાય ફિલ્મ આવી, ત્યારે આખું ગણિત બદલાઈ ગયું. જે સંજીવ કુમાર પડદા પર જયાના પતિ બન્યા હતા, તે જ હવે ઠાકુર બનીને તેમના સસરાની ભૂમિકામાં હતા. એક યુવાન અભિનેતા માટે પોતાની જ હીરોઈનના સસરા બનવું એ તે સમયે બહુ મોટું જોખમ હતું, પણ પ્રેક્ષકોએ આ બંને પાત્રોને એટલા જ પ્રેમથી સ્વીકાર્યા.

બચ્ચન પરિવારમાં ઐશ્વર્યા પણ તો ખરી જ ને. તો શાહરુખ ખાન અને ઐશ્વર્યા રાયની જોડીએ વર્ષ ૨૦૦૦માં 'જોશ' ફિલ્મમાં જોડિયા ભાઈ-બહેન બનીને આખા ગોવાને માથે લીધું હતું. પણ એ જ વર્ષે 'મોહબ્બતેં'માં તેઓ અમર પ્રેમી તરીકે દેખાયા. બે વર્ષ પછી 'દેવદાસ'માં આ જોડીએ કરુણ પ્રેમની એવી મિસાલ આપી કે લોકો ભૂલી જ ગયા કે આ બંને ક્યારેય પડદા પર ભાઈ-બહેન પણ હતા. પ્રેક્ષકોની આ ઈમોશનલ રીસેટ કરવાની ક્ષમતા ખરેખર અદ્ભુત છે.

આવો જ એક મજેદાર બદલાવ કરીના કપૂર અને તુષાર કપૂરની જોડીમાં પણ જોવા મળ્યો હતો. કરીનાએ જ્યારે 'મુઝે કુછ કહેના હૈ'થી કરિયરની શરૂઆત કરી ત્યારે તુષાર તેનો રોમેન્ટિક હીરો હતો. વર્ષો પછી જ્યારે 'ગોલમાલ' સિરીઝ શરૂ થઈ, ત્યારે આ રોમેન્ટિક જોડી એકાએક ભાઈ-બહેનમાં ફેરવાઈ ગઈ. કરીના 'ગોલમાલ રિટન્સ'માં તુષારના પાત્ર લકીની બહેન બની હતી.

૯૦ના દાયકાની શરૂઆતમાં સલમાન ખાન અને નીલમની જોડી 'એક લડકા એક લડકી' જેવી ફિલ્મમાં રોમેન્ટિક જોડી તરીકે જોવા મળી હતી. તે સમયે પ્રેક્ષકો તેમને પડદા પર પ્રેમી તરીકે જોતા હતા, પરંતુ જ્યારે સૂરજ બડજાત્યાની ફેમિલી ડ્રામા 'હમ સાથ સાથ હૈ'(૧૯૯૯) આવી, ત્યારે આ રોમેન્ટિક ઈતિહાસ એકાએક ભૂંસાઈ ગયો. સલમાન ખાન પ્રેમની ભૂમિકામાં હતો અને નીલમ તેની બહેન બની હતી. સલમાનનું એવું જ તબુ સાથે પણ છે. 'હમ સાથ સાથ હૈ'માં સલમાનની ભાભી બનતી તબુ વર્ષો પછી 'જય હો'માં તેની બહેન બનીને દર્શકો સમક્ષ આવી હતી. કેરેક્ટર આર્ટિસ્ટના કિસ્સામાં પણ આવું જ જોવા મળે છે. પરેશ રાવલ 'મિસ્ટર એન્ડ મિસિસ ખિલાડી'માં જુહી ચાવલાના અંકલ બન્યા હતાં. તો છેક ૨૦૨૨માં 'શર્માજી નમકીન' સુધી આવતા પરેશ રાવલ અને જુહી ચાવલા વચ્ચે એક પાકટ ઉંમરની સમજદારી અને મિત્રતા જોવા મળી.

ક્યારેક ફિલ્મનો જોનર આ બદલાવને બહુ આસાન બનાવી દે છે. જોન અબ્રાહમ અને દીપિકા પાદુકોણ 'દેશી બોયઝ'માં રોમેન્ટિક હતા, પણ 'રેસ ૨' જેવી થ્રિલર ફિલ્મમાં તેઓ ભાઈ-બહેન બની ગયા. એવી જ રીતે 'ઓમ શાંતિ ઓ'માં અર્જુન રામપાલ દીપિકાનો ખૂની પતિ હતો, જે 'હાઉસફુલ' જેવી કોમેડી ફિલ્મમાં એનો પઝેસિવ ભાઈ બની ગયો. જ્યારે કોમેડી કે એક્શન હોય ત્યારે પ્રેક્ષકો પાછલી ફિલ્મ્સના રોમેન્ટિક ઈતિહાસને બહુ જલ્દી ભૂલી જાય છે. આમ મનોરંજન દેવની કૃપાથી સિનેમા કલાકારોને તેમની રેન્જ બતાવવાની તક આપે છે. આ રિશફલિંગ જ સાબિત કરે છે કે માત્ર પર્ફોર્મન્સ જ સત્ય છે. હજુ આવા કેટલાં દ્રષ્ટાંતો તમને યાદ આવે છે?




# હાર્દિક-તિલકની ઝંઝાવાતી બેટિંગ ભારતનો ધમાકેદાર વિજય

## ટી૨૦ વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે સામે ૭૨ રનના વિજય સાથે ભારતે સેમિફાઇનલની આશા જીવંત રાખી. ભારતનો ૨૫૬ રનનો તોતિંગ વિક્રમી સ્કોર, ઝિમ્બાબ્વેના ૧૮૪, હાર્દિકના ૨૩ બોલમાં ૫૦, અભિષેકના ૫૫

ચેન્નાઈ

ઓપનર અભિષેક શર્માએ તેનું ફોર્મ પરત મેળવી લેતી અડધી સદી ફટકાર્યા બાદ હાર્દિક પંડ્યા અન તિલક વર્માએ બેટિંગમાં ઝંઝાવાત સર્જતા ભારતે ગુરુવારે અહીં રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વે સામે ૭૨ રનથી શાનદાર વિજય હાંસલ કરીને ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાના સેમિફાઇનલ પ્રવેશની આશા જીવંત રાખી હતી. જોકે ભારતને બાકી રહેલી એક મેચ જીતવી ફરજિયાત છે પરંતુ તેણે ફોર્મ પરત મેળવ્યાના સંકેત આપી દેતી રમત દાખવી હતી.

અહીંના ચેપોક ખાતે રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વેએ ટોસ જીત્યા બાદ ભારતને પ્રથમ બેટિંગ આપી હતી જે કેપ્ટન સિકંદર રઝાની ભૂલ પુરવાર થઈ હતી કેમ કે ભારતે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૬ રનનો તોતિંગ સ્કોર ખડકી દીધો હતો જેની સામે ઝિમ્બાબ્વે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૪ રન કરી શક્યું હતું. ભારતની બેટિંગમાં તેના તમામ બેટરનું યોગદાન રહ્યું હતું.

વર્તમાન વર્લ્ડ કપમાં અગાઉ ખાતું પણ ખોલાવી નહી શકેલા અભિષેક શર્માએ ટીમને મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. ચોથી ઓવર સુધીમાં તેણે સંજુ સેમસન સાથે મળીને ૪૮ રન ઉમેરી દીધા હતા. સંજુએ પણ મહત્વનું યોગદાન આપતાં ૧૫ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા. અભિષેક તેના મૂળ ફોર્મમાં જણાતો હતો. તેણે માત્ર ૩૦ બોલમાં ચાર સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૫૫ રન ફટકારી દીધા હતા. ઈશાન કિશનને ત્રીજા ક્રમે મોકલાયો હતો પરંતુ તેણે પણ પોતાનું ફોર્મ જાળવી રાખીને ૨૪ બોલમાં આક્રમક ૩૮ રન ફટકાર્યા હતા તો કેપ્ટન સૂર્યકુમાર યાદવે વધુ આક્રમકતા દાખવી હતી. તે માત્ર ૧૩ જ બોલ રમ્યો હતો જેમાં તેણે બે સિક્સર સાથે ૩૩ રન ફટકારી દીધા હતા. જોકે ભારતીય ઈનિંગ્સમાં રનની રમઝટ તો સૂર્યાના આઉટ થયા બાદ જોવા મળી હતી. ૧૫મી ઓવરના પાંચમા બોલે કેપ્ટન સૂર્યકુમાર યાદવ આઉટ થયો ત્યારે હાર્દિકની સાથે તિલક વર્મા જોડાયો હતો. અહીથી ઝંઝાવાતનો પ્રારંભ થયો હતો. બંનેએ માત્ર ૩૧ બોલમાં ૮૪ રન ઝૂડી નાખ્યા હતા. ઈનિંગ્સના છેલ્લા બોલે અડધી સદી પૂરી કરનારા હાર્દિક પંડ્યાએ ૨૩ બોલમાં ચાર સિક્સર અને બે ચોગ્ગા સાથે અણનમ ૫૦ રન ફટકાર્યા હતા તો તિલક વર્મા તો પોતાના સિનિયર જોડીદાર કરતાં પણ વધારે આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૧૬ જ બોલ રમીને ચાર ચાર સિક્સર અને ચોગ્ગા સાથે અણનમ ૪૪ રન ફટકાર્યા હતા.

ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતનો આ સર્વોચ્ચ સ્કોર અને ટુર્નામેન્ટના ઈતિહાસનો બીજો સર્વોચ્ચ સ્કોર હતો. ભારતીય ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી. બેટિંગમાં આવેલા તમામ બેટરે કમસે કમ એક સિક્સર ફટકારી હતી. ૨૫૭ રનના પ્રારંભથી જ કપરા ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વે માટે ઓપનર બ્રાયન બેનેટે લડાયક બેટિંગ કરી હતી પરંતુ શરૂઆતથી જ તેની ટીમ વિજયથી દૂર રહી ગઈ હતી.

ટી૨૦ વર્લ્ડ કપમાં બીજો સર્વોચ્ચ સ્કોર ભારતના નામે

આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ગુરુવારે ઝિમ્બાબ્વે સામેની ચેન્નાઈ ખાતેની મેચમાં ભારતે અત્યંત આક્રમક બેટિંગ કરીન ચાર વિકેટે ૨૫૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો. ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં આ બીજો સર્વોચ્ચ સ્કોર રહ્યો હતો. અગાઉ શ્રીલંકાએ ૨૦૦૭માં કેન્યા સામે છ વિકેટે ૨૬૦ રન કર્યા હતા. હજી ત્રણ દિવસ અગાઉ વેસ્ટ ઈન્ડિઝે આ જ હરીફ સામે મુંબઈ ખાતે ૨૫૪ રન નોંધાવ્યા હતા.

### ભારતીય ઇનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી

ઝિમ્બાબ્વે સામેની મેચ દરમિયાન ભારતની ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી જેમાં અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા અને તિલક વર્માની ચાર ચાર સિક્સર સામેલ હતી. ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતે એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો પોતાનો રેકોર્ડ બહેતર બનાવ્યો હતો. અગાઉ તેણે એપ્રિલ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા સામે ૧૫ સિક્સર ફટકારી હતી.

# ભારતીય ક્રિકેટર રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું સ્ટેજ - ૪ લીવર કેન્સરથી નિધન

ગ્રેટર નોઈડા/અલીગઢ, તા. ૨૭

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન રિંકુ સિંહ પર ભારે આઘાત પડ્યો છે. તેમના પિતા ખાનચંદ સિંહનું સ્ટેજ-૪ લીવર કેન્સરની લાંબી લડાઈ પછી નિધન થયું છે. તેઓ ગ્રેટર નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા અને ત્યાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા.

આ દુઃખદ ઘટના ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ તબક્કા દરમિયાન બની છે, જ્યાં રિંકુ ભારતીય ટીમ સાથે હતા પરંતુ પિતાની તબિયત બગડતા તેઓ થોડા દિવસ પહેલાં ઘરે પરત ફર્યા હતા.

ખાનચંદ સિંહ એક સામાન્ય ન્ ગ સિલિન્ડર ડિલિવરી વર્કર હતા, જેમણે પરિવારની આર્થિક તંગી વચ્ચે પણ રિંકુને ક્રિકેટમાં આગળ વધારવા માટે અથાગ મહેનત કરી હતી. રિંકુએ અનેક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેમના પિતા તેમના સૌથી મોટા સપોર્ટર હતા અને ગરીબીમાં પણ તેમને ક્રિકેટના સપના જોવા દીધા.



રાષ્ટ્રીય ફરજ : અતિ ગંભીર હોવા છતાં ગઈકાલે ઝિમ્બાબ્વે સામેની મેચમાં રિંકુ ફિલ્ડિંગ કરતા જોવા મળ્યો હતો

છેલ્લા એક વર્ષથી વધુ સમયથી ખાનચંદ સ્ટેજ-૪ લીવર કેન્સર સામે લડી રહ્યા હતા. તાજેતરમાં તેમની તબિયત વધુ બગડી અને તેઓ વેન્ટિલેટર પર હતા. રિંકુએ ટીમ કેમ્પમાંથી થોડા દિવસ માટે રજા લઈને પિતાની સેવા કરી હતી, પરંતુ શુક્રવારે (૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬) તેમનું અવસાન થયું.

રાષ્ટ્રીય ફરજ એક તરફ પિતા હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા, ત્યારે બીજી તરફ રિંકુ સિંહ પોતાની રાષ્ટ્રીય ફરજ બજાવી રહ્યો હતો. ગુરુવારે ઝિમ્બાબ્વે સામે રમાયેલી મેચ દરમિયાન રિંકુ સિંહ મેદાન પર ફિલ્ડિંગ કરતો જોવા મળ્યો હતો. અંગત જીવનમાં આટલી મોટી કટોકટી હોવા છતાં, રિંકુએ મેદાન પર જે સંયમ અને સમર્પણ બતાવ્યું તે તેની રમત પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.




# ન્યૂઝીલેન્ડ આજે ઇંગ્લેન્ડને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ માટે રમશે

### અગાઉથી જ ક્વોલિફાઈ થઈ ગયેલી અંગ્રેજ ટીમ માટે વોર્મ અપ, કિવિને જીતવું જરૂરી સાંજે ૭.૦૦થી પ્રારંભ

કોલંબો

શ્રીલંકાને પરાજય આપ્યા બાદ લગભગ સેમિફાઈનલમાં પહોંચી ગયેલી ન્યૂઝીલેન્ડની ટીમ શુક્રવારે ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડની ટીમ પહેલેથી જ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે, તેથી તેના પર વધારે દબાણ નથી. તેવામાં હેરી બ્રૂકની ટીમ સામે ન્યૂઝીલેન્ડનો માર્ગ આસાન નહી રહે

ઈંગ્લેન્ડે શ્રીલંકા અને બાદમાં પાકિસ્તાન સામે વિજય મેળવીને અંતિમ-૪માં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે. શ્રીલંકા સામે ૬૧ રનના જંગી અંતરથી વિજય નોંધાવીને ન્યૂઝીલેન્ડે તેનો નેટ રન રેટ વધારીને +૩.૦૫૦ કરી દીધો છે અને તેથી જીતીને તે સીધું સેમિફાઈનલમાં પહોંચી જશે. જોકે, જો તે મોટા અંતરથી હારશે તો તેનો માર્ગ મુશ્કેલ બની શકે છે. ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ પાકિસ્તાનનો નેટ રન રેટ -૦.૪૬૧ અને જો ન્યૂઝીલેન્ડ ખરાબ રીતે હારે તો તેના માટે સેમિફાઈનલની આશા જીવંત બની શકે છે. જોકે, તેના માટે પાકિસ્તાને પોતાની અંતિમ મેચમાં શ્રીલંકા સામે જંગી અંતરથી વિજય નોંધાવવો પડશે.

સુપર-૮માં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સામેની મેચ વરસાદમાં ધોવાઈ જતાં બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યા હતા. ન્યૂઝીલેન્ડના સ્પિનર્સે શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. મિચેલ સેન્ટનર, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, કોલ મેકકોન્ચી પલ્લિકલની તુલનામાં પ્રેમદાસા સ્ટેડિયમમાં વધારે સફળ સાબિત થઈ શકે છે.

### ન્યૂઝીલેન્ડ માટે ઓપનર ટિમ

સેફર્ટ અને ફિન એલન આક્રમક ફોર્મમાં છે પરંતુ શ્રીલંકા સામે તે વધારે સફળ રહ્યા ન હતા. શ્રીલંકા સામે ન્યૂઝીલેન્ડે એક સમયે ૮૬ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ કેપ્ટન સેન્ટનરની ૪૭ રનની ઈનિંગ્સ અને કોલ મેકકોન્ચીના અણનમ ૩૧ રનની મદદથી ટીમે શાનદાર કમબેક કર્યું હતું અને બાદમાં સ્પિનર્સે તરખાટ મચાવતા કિવિ ટીમે મેચ જીતી લીધી હતી.

બીજી તરફ ઈંગ્લેન્ડ ભલે સેમિફાઈનલમાં પહોંચી ગયું હોય પરંતુ ટુર્નામેન્ટમાં તેનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું રહ્યું નથી. કેપ્ટન બ્રૂક સારા ફોર્મમાં છે અને તેણે છેલ્લી મેચમાં પાકિસ્તાન સામે સદી ફટકારીને ટીમને એકલા હાથે જીતાડી હતી. જ્યારે અનુભવી ઓપનર જોઝ બટલર અને ફિલ સોલ્ટ જેવા ખેલાડીનો દેખાવ ઘણો જ નિરાશાજનક રહ્યો છે.

બુધવારે શ્રીલંકા સામે પોતાના મેચ-વિનિંગ પ્રદર્શન પછી ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિન રવીન્દ્રએ કહ્યું હતું કે, ભલે ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું નથી રહ્યું પરંતુ તેને ઓછું આંકવું મોટી ભૂલ સાબિત થઈ શકે છે. સેમિફાઈનલમાં સ્થાન સુનિશ્ચિત કરવા માટે ટીમ એકજૂટ થઈને શાનદાર પ્રદર્શન કરશે. ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને તે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે.

# બે ઓવરમાં ૪૬ રન સાથે શિવમ દુબેની બોલિંગમાં સૌથી ખરાબ પ્રદર્શન




### નિષ્ણાતોનું કહેવું - આગળના મેચોમાં તેને બોલિંગમાં ઉતારવો જોખમી

નવી દિલ્હી, તા. ૨૭

ભારતીય ટીમના ઓલરાઉન્ડર શિવમ દુબેની ૨૦ વર્લ્ડ કપમાં બોલિંગમાં ખરાબ પ્રદર્શન ચાલુ રહ્યું છે, જેના કારણે ટીમ ઇન્ડિયા માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. તાજેતરની મેચમાં દુબેના બોલિંગમાંથી વિરોધી ટીમે મોટી રન બનાવી લીધા, એક ઓવરમાં ૨૬ રન સાથે બે ઓવરમાં ૪૬ રન આપ્યા હતા.આ સાથે એક ઓવરમાં નોબોલ અને વાઈને કારણે ૧૧ બોલની એક ઓવર થઈ હતી. આ પ્રદર્શનને હોરર શો ગણાવીને નિષ્ણાતોએ કહ્યું છે કે જો દુબેને ફરી બોલિંગમાં ઉતારવામાં આવશે તો ભારતને ભારે નુકસાન થઈ શકે છે.શિવમ દુબેને બેટિંગમાં મજબૂત ફિનિશર તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેની બોલિંગ હંમેશા ચિંતાનો વિષય રહી છે. વર્લ્ડ કપમાં તેના બોલિંગમાં લાઇન-લેન્થની અછત, ખરાબ વેરિએશન અને સરળતાથી રન આપવાની સમસ્યા જોવા મળી છે.નિષ્ણાતોનું માનવું છે કે, ભારતીય ટીમ માટે દુબેને બોલિંગમાં ઉતારવું હવે જોખમી બની ગયું છે, કારણ કે તેના ઓવરમાંથી મોટી રન અને વિકેટોનું નુકસાન ટીમને ભારે પડી રહ્યું છે. આવા પ્રદર્શનથી ભારતની બોલિંગ યુનિટ પર વધારાનું દબાણ આવે છે અને મેચ જીતવાની શક્યતાઓ ઘટી જાય છે.ટીમ મેનેજમેન્ટ અને કેપ્ટનને હવે નિર્ણય લેવો પડશે કે દુબેને ફક્ત બેટ્સમેન તરીકે જ રમાડવો કે બોલિંગમાં પણ ઉતારવો. નિષ્ણાતોનું કહેવું છે કે જો દુબેને ફરી બોલિંગમાં ઉતારવામાં આવશે તો ભારતની મેચ જીતવાની આશાઓ પર વધુ અસર પડશે. આ સમસ્યા ભારતીય ટીમ માટે વર્લ્ડ કપમાં એક મોટી ચિંતા બની ગઈ છે, અને આગામી મેચોમાં આ અંગે કોઈ નક્કર નિર્ણય લેવાની જરૂર છે.

# રેસલર રવિ દહિયા લોસ એન્જલસ ઓલિમ્પિકમાં બદલાયેલા વજન વર્ગમાં ભાગ લેશે

**નવી દિલ્હી ,** ઓલિમ્પિક મેડલ વિજેતા કુસ્તીબાજ રવિ કુમાર દહિયાએ જણાવ્યું છે કે તેનું લક્ષ્ય લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતવાનું છે અને તે તેની તૈયારી કરી રહ્યો છે. ટોક્યો ઓલિમ્પિકમાં ૫૭ કિગ્રા ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં સિલ્વર મેડલ વિજેતા રવિ, ત્યારબાદ ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ ગયો હતો, અને હવે તે પોતાની વજન શ્રેણી બદલીને લોસ એન્જલસ ઓલિમ્પિકની તૈયારી કરી રહ્યો છે. તે હવે ૫૭ કિગ્રા કેટેગરીને બદલે ૬૫ કિગ્રા વજન વર્ગમાં ભાગ લઈ શકે છે. દેશ આગામી ઓલિમ્પિકમાં તેની પાસેથી ગોલ્ડ મેડલની આશા રાખી રહ્યો છે. ખેલાડી કહે છે કે તે પોતાને સિલ્વર સુધી મર્યાદિત રાખી શકતો નથી; તેનું લક્ષ્ય ગોલ્ડ જીતવાનું છે. રવિએ ૨૦૧૮ અંડર-૨૩ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઓળખ મેળવી હતી, જ્યાં તેણે ૫૭ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે ૨૦૧૯ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતીને ટોક્યો ઓલિમ્પિકમાં પણ સ્થાન મેળવ્યું હતું. રવિ એશિયન ચેમ્પિયનશિપમાં પણ ચેમ્પિયન છે. તેણે ૨૦૧૮, ૨૦૨૦ અને ૨૦૨૧ માં આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

ટોક્યો ઓલિમ્પિક પછી, દહિયાએ ૨૦૨૨ માં કોમનવેલ્થ ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેના પિતા રાકેશ દહિયા ખેડૂત છે, પરંતુ તેના કાકા મુકેશ દહિયા કુસ્તી સાથે જોડાયેલા છે. આ કારણે રવિને કુસ્તી વારસામાં મળી હતી, જેને તેણે પોતાના પ્રયત્નો દ્વારા સફળ બનાવી છે. રવિએ માત્ર ૧૦ વર્ષની ઉંમરે દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં કુસ્તીની તાલીમ માટે નોંધણી કરાવી હતી.

## સેન્ટનર જેવો કેપ્ટન હોવો આપણા માટે ફાયદાકારક છેઃ રચિન રવિન્દ્ર

કોલંબો , ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર રચિન રવિન્દ્રએ ટીમના કેપ્ટન મિશેલ સેન્ટનરની પ્રશંસા કરતા કહ્યું છે કે તે ખેલાડીઓને શક્તિનો અહેસાસ આપીને વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે. રચિનના મતે, સેન્ટનર કોઈપણ પરિસ્થિતિમાં ટીમના બચાવમાં આવે છે અને તેના ખેલાડીઓને સુરક્ષિત અનુભવ કરાવે છે. રવિન્દ્રએ કહ્યું, "સેન્ટનર ખૂબ જ શાંત અને સંયમિત છે, છતાં તેમનો વિચાર પણ ખૂબ જ સ્પષ્ટ છે, જેમ કે કયો બોલ કયા છેડેથી ફેંકવો જોઈએ. વધુ મહત્ત્વની વાત એ છે કે તે સારું પ્રદર્શન કરીને આગળથી નેતૃત્વ કરે છે. તે હંમેશા ખેલાડીઓ સાથે ઉભો રહે છે અને તેમને પ્રોત્સાહિત કરે છે. મારું માનવું છે કે તેના જેવો કેપ્ટન હોવો ટીમ માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના નેતૃત્વમાં મેદાન પર ઉતરતાની સાથે જ તમે સશક્ત અનુભવો છો. ટીમમાં તેની હાજરી ખેલાડીઓને પ્રેરિત રાખે છે. આ ફક્ત ખેલાડીઓને પ્રેરણા આપવા પૂરતું મર્યાદિત નથી. ઉપખંડીય પીચો પર બોલિંગ કરવાનો સેન્ટનરનો અનુભવ પણ તેને ખાસ બનાવે છે. તે તેના સ્પિનરોને દરેક રીતે સપોર્ટ કરે છે. એટલા માટે આજે આપણી પાસે તેના જેવા ઘણા બોલરો છે. તે આપણને બોલિંગ કેવી રીતે કરવી તે કહે છે. ઉભરતા ખેલાડીઓ માટે આ એક મોટો ફાયદો છે.

# સંગાકારાએ શ્રીલંકાના ક્રિકેટમાં પરિવર્તનની હાકલ કરી

**કોલંબો ,** શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન કુમાર સંગાકારાએ શ્રીલંકાના યજમાનીમાં ચાલી રહેલા ઝઅ ૨૦ વર્લ્ડ કપમાંથી ટીમના બહાર થવા પર નિરાશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ શ્રીલંકાના ક્રિકેટના ભવિષ્ય માટે ચેતવણી છે. જો આપણે હમણાં પગલાં નહીં લઈએ, તો આપણે પાછળ રહીશું. તેથી, આપણે હવે નોંધપાત્ર ફેરફારો કરવાની જરૂર છે.

સંગાકારાએ કહ્યું, "આ પ્રકારના બહાર નીકળવાથી દરેક જગ્યાએ ભારે પીડા થઈ છે. ચાહકોનું હૃદય તૂટી ગયું છે, નિરાશ થયા છે અને ગુસ્સે થયા છે. ખેલાડીઓ પણ ખૂબ જ દુઃખી છે. હું આવા ડ્રેસિંગ રૂમમાં રહ્યો છું; તે સરળ નથી. પરંતુ દેશનું પ્રતિનિધિત્વ કરવું એ જવાબદારી અને વિશેષાધિકાર બંને છે." સંગાકારાએ ખેલાડીઓની લાગણીઓને સમજીને કહ્યું કે આ જવાબદારીનો એક ભાગ છે, પરંતુ તેને દૂર કરવા માટે પરિવર્તન જરૂરી છે. સંગાકારાએ કહ્યું કે આપણે આ હારને



ધ્યાનમાં લેવી જોઈએ અને રમતના માળખામાં ફેરફાર કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું, "દરેક સ્તરે ઘણું કરવાની જરૂર છે. જો આપણે સમાન ભૂલોનું પુનરાવર્તન કરતા રહીશું, તો આપણે વધુ સારા પરિણામોની અપેક્ષા રાખી શકીએ નહીં." આધુનિક ક્રિકેટ ઝડપથી બદલાઈ રહ્યું છે, અને આપણે અનુકૂલન સાધવું પડશે. જો આપણે પોતાને નહીં બદલીએ, તો આપણે બહાર થઈ જઈશું.

# અંકલેશ્વરના ઉછાલી ગામમાં હરિયાળા વનમાં આગ ભડકી

**ગ્રીન બેલ્ટમાં સેંકડો વૃક્ષો બળીને ખાખ થઇ ગયા**



અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વરના ઉછાલી ગામની સીમમાં પર્યાવરણના જતન માટે તૈયાર કરવામાં આવેલું હરિયાળું વન અચાનક ભભૂકી ઉઠેલી આગમાં હોમાઈ ગયું છે. UPL કંપની દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે વિકસાવવામાં આવેલ ગ્રીન બેલ્ટમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળતા વર્ષોની મહેનત બાદ ઉછરેલા ઘટાદાર વૃક્ષો અને કુમળા છોડવાઓ બળીને ખાખ થઈ ગયા છે. ઉછાલી ગ્રામ પંચાયત દ્વારા પર્યાવરણ સુરક્ષાના હેતુથી આ જમીન કંપનીને સોંપાઈ હતી, જે સમય જતાં એક ગાઢ વનરાજીમાં ફેરવાઈ હતી, પરંતુ આ અકસ્માતે પ્રકૃતિપ્રેમીઓમાં ભારે શોક વ્યાપ્યો છે. આ ગ્રીન બેલ્ટ માત્ર વૃક્ષોનો સમૂહ નહોતો, પરંતુ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ હતો, જ્યાં દર વર્ષે ઉત્સાહભેર વૃક્ષારોપણ થતું હતું. ઘટનાની ગંભીરતાને જોતા વન વિભાગ અને મામલતદાર કચેરી સહિતના તંત્રોને જાણ કરવામાં આવી છે. પ્રકૃતિ સુરક્ષા મંડળે આ નુકસાનને પર્યાવરણ માટે મોટો ફટકો ગણાવ્યો છે. ગામના અગ્રણી જીતુભાઈ પટેલે આ વિસ્તારને ફરી બેઠો કરવાની નેમ વ્યક્ત કરી છે, જ્યારે સ્થાનિક ગ્રામજનો આ આગ અકસ્માત છે કે કોઈનું તોફાન, તે જાણવા માટે તટસ્થ તપાસની માંગ કરી રહ્યા છે.

# સાંસદ વસાવાની ઇન્ડિયા-મોરોક્કો પાર્લામેન્ટરી ફ્રેન્ડશીપ ગ્રુપમાં નિમણૂંક

**લોકસભાના અધ્યક્ષે બારડોલીના સાંસદની નિમણૂંક કરી**

સુરત, તા.૨૭

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા ૨૩-બારડોલી લોકસભા મતવિસ્તારના સાંસદ પ્રભુભાઈ એન.વસાવાની ઈન્ડિયા-મોરોક્કો પાર્લામેન્ટરી ફ્રેન્ડશીપ ગ્રુપમાં સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

સંસદીય મિત્રતા જૂથનો મુખ્ય હેતુ ભારત અને મોરોક્કો વચ્ચે સંસદીય સંવાદ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને આર્થિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે. આ નિમણૂંકને ભારત-મોરોક્કો સંબંધોને નવી દિશા આપતું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ કહ્યું કે, ભારત અને મોરોક્કો વચ્ચે ઐતિહાસિક અને મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. આ જવાબદારીનું નિર્વાહ તેઓ પૂરી નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સાથે કરશે. બંને દેશો વચ્ચે પરસ્પર સમજણ અને સહયોગને વધુ મજબૂત બનાવવાના પ્રયત્નો કરશે. બારડોલી લોકસભા મતવિસ્તાર માટે આ ગૌરવનો વાત છે. સુરત અને તાપી જિલ્લાની ઓળખ હવે આંતરરાષ્ટ્રીય મંચ પર વધુ મજબૂત બનશે. આ નિમણૂંક બદલ સાંસદ પ્રભુભાઈ વસાવાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# સુરતના આંગણે ૧૭મા 'જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાયો

**રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા અને પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ યુવાનોને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરિત કર્યા**




સુરત, તા.૨૭

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે 'માય ભારત' સુરત દ્વારા આયોજિત ૧૭મા જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ શુભારંભ રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા અને પદ્મશ્રી મથુરભાઈ સવાણીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્ર જેવા નક્સલ પ્રભાવિત રાજ્યોના ૨૫૦ જનજાતીય યુવાનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ યુવાનો ગુજરાતની પ્રગતિ અને આતિથ્યની ઝાંખી કરશે.અંતરિયાળ વિસ્તારના યુવાનોને વિકાસની મુખ્યધારામાં જોડી પ્રગતિના પંથે લઈ જવા અને રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રબળ બનાવવાના હેતુ સાથે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ સહભાગી યુવાનો સાથે આત્મીય સંવાદ સાધી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ જળસંચય અને આરોગ્ય ક્ષેત્રે પોતાના બહોળા અનુભવો વર્ણવી યુવાનોને સામાજિક જવાબદારીનું મહત્વ સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનના સદગુણ ગૌરાંગ દાસજી, ચેમ્બર ઓફ કોમર્સના ગ્રુપ ચેરમેન શ્રી મનીષ કાપડિયા સહિતના મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો અને વિવિધ રાજ્યોમાંથી પધારેલા યુવાનોએ પોતાના વિસ્તારના અનુભવો રજૂ કર્યા હતા. સ્વાગત પ્રવચન માય ભારત-સુરતના ડે.ડાયરેક્ટર શ્રી સચિન શર્મા દ્વારા રજૂ કરી યુવાનોને આગામી દિવસોમાં સુરતના પ્રખ્યાત ઉદ્યોગો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના ભ્રમણ સહિતના શિડ્યુલ, કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

માય ભારત' સુરત દ્વારા ગૃહ મંત્રાલયના વિશેષ સહયોગ સાથે સમગ્ર આયોજનમાં ભાવનગરના જિલ્લા યુવા અધિકારી શ્રી ભૂપેન્દ્રસિંહ ગિલ અને પ્રોગ્રામ સુપરવાઈઝર શ્રી ચંદ્રકાંત બક્ષી સહયોગ આપી રહ્યા છે. સહભાગી યુવાનોની સુરક્ષા કરી રહેલા ઝર્ઈહ્ન અને અન્ય સશસ્ત્ર દળોના એસ્કોર્ટ્સનું પણ ઉષ્માભર્યું સ્વાગત-સન્માન કરાયું હતું.

# એક જ દિવસમાં ૧૫,૭૦૦ મુલાકાતીઓ નોંધાયા

**યુનિવર્સિટી ગ્રાઉન્ડ પર પુસ્તક મેળામાં સહેલાણીઓ ઉમટ્યાં**

સુરત, તા.૨૭

સુરત મહાનગરપાલિકા દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઉધના મગદલ્લા રોડ, સુરત ખાતે આયોજિત ૨૦મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬-સુરત ,૧૮મા બાગાયત મેળો અને ફ્લાવર શો, ૧૦મા શિલ્પગ્રામ મેળો તથા ફૂડ ફેસ્ટીવલમાં આજરોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળા નં. ૨૭૪ના, શ્રીમતી વી.આર.ભટ્ટ કોલેજ ઓફ એજ્યુકેશન કામરેજના,પીઠાવાલા સ્કુલ ભીમપોરના, કવિ શ્રી ઉશનસ પ્રાયમરી શાળા ક્રમાંક ૩૧૮ના, પ્રાન્સી ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર અને સ્પેશિયલ ચાઈલ્ડ સ્કુલના, ગુરૂકુળ સ્કુલ વરાછાના, એસ.ઈ.એમ હાઈસ્કુલ ઉધનાના અને એસ.ડી.જે ઈન્ટરનેશનલ કોલેજ વેસુના વિદ્યાર્થીઓએ આ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી અને આકર્ષણનું કેંદ્ર તેમજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન- Visionary's Vault, Wrods That Build a Nation તથા તેઓ દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો, સુશાસન અને તેમની વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન નિહાળી વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુક માટે પ્રખ્યાત લેખકો દ્વારા લિખિત કલેકશનના પુસ્તકો નિહાળ્યા હતા. આવતીકાલે બપોરે ૧૨.૦૦ થી ૦૩.૦૦ કલાકે સ્પેલીંગ કોમ્પીટીશન (શાળા/કોલેજ વિભાગ), બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે સ્ટોરી રાઈટીંગ ફ્રોમ પિક્ચર/ વિડીયો કોમ્પીટીશન (શાળા/કોલેજ વિભાગ), સાંજે ૭.૩૦ કલાકે સુરત શહેરની વિવિધ કલા સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આજરોજ સદર પુસ્તક મેળામાં અંદાજિત ૧૫,૭૦૦ વ્યકિતઓએ મુલાકાત લીધી હતી.




# સુંવાલી ગામ ખાતે તાલુકા કક્ષાનું નારી સંમેલન યોજાયું

સુરત, તા.૨૭

મહિલાઓનાં સામાજિક પ્રશ્નોનાં નિરાકરણ, તેમનાં હકોની જાગૃતિ તેમજ ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા રાજ્યમાં ચાલી રહેલી નારી અદાલતોનાં કાર્યો, હેતુ અને કાર્યપદ્ધતિ વિશે માર્ગદર્શન આપવાનાં હેતુસર સંકલિત બાળ વિકાસ યોજના કચેરી, ચોર્યાસી દ્વારા તાલુકાનાં સુંવાલી સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે તાલુકા કક્ષાનું નારી સંમેલન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ (૨૦૨૨-૨૩)નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત ચોર્યાસીનાં પ્રમુખ તૃપ્તિબેન પી. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ સંમેલનમાં તાલુકા વિકાસ અધિકારી મયૂરીબેન ગાઈન, સી.ડી.પી.ઓ. દીક્ષિતાબેન ડોડીયા, લતાબેન ડી. પટેલ, વાસંતીબેન એસ. પટેલ તથા એડવોકેટ પ્રિતીબેન જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય સેવિકાઓ, આઈ.સી.ડી.એસ. કચેરી સ્ટાફ, આંગણવાડી કાર્યકરો તેમજ વિવિધ ગામોમાંથી આશરે ૨૦૦ જેટલી મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા મહિલાઓમાં જાગૃતિ અને આત્મવિશ્વાસ વધારવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# જૂના શ્રી અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો!

**હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે પૂજા તલવાર દર્શન માટે ખુલ્લી મુકાશે!**

અત્રે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે ભાવિક ભક્તજનોના હાર્દ સમા તથા આસ્થાનાં પ્રતિક ગણાતા પૌરાણિક શ્રી અંબાજી માતા મંદિરનાં ગાદીપતિ અને સીધી લીટીનાં વારસદાર ટ્રસ્ટી તથા લોક લાડિલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા (૭૯૯૦૮૧૦૧૨૪) આણી કમ્પનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે,

જૂના શ્રી અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો હોવાથી હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે પૂજા તલવાર ભાવિક ભક્તોનાં દર્શન માટે ખુલ્લી મુકાશે!

વિગત એવી છે કે, સુરત યુદ્ધ કે જે ૫ જાન્યુઆરી, ૧૬૬૪ માં છત્રપતિ શિવાજી મહારાજ અને ઈનાયત ખાન જે એક મુઘલ સુબેદાર હતો તેમની વચ્ચે સુરત શહેર, ગુજરાત નજીક થયું હતું. જેમાં શિવાજીએ પ્રમાણમાં નાના મુઘલ દળને હરાવ્યું. શિવાજીએ યુદ્ધ પછી સુરત શહેરમાં ઐતિહાસિક લુંટ ચલાવી હતી એ દરમ્યાન અત્રેનાં જૂના અંબાજી માતા મંદિરમાં પધારી જગત જનનીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્તિ પછી શક્તિનું પ્રતિક ગણાતી પૂજાની તલવાર માઁજીના ચરણે અને શરણે ભેટ ધરેલ ત્યારપછી તે પરત ફરતી વેળાએ ભવાની માતાના મંદિર એ દર્શન કરી સૂર્યપુત્રી નદી કુદાવી હતી! જેથી હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે



શિવાજી મહારાજની શક્તિનું પ્રતિક ગણાતી પૂજા તલવાર ભક્તોનાં દર્શન માટે ખુલ્લી મુકાશે, એમ એક યાદીમાં ભાગળ સ્થિત જુના અંબાજી માતા મંદિરનાં લોક લાડીલા યુવા મહંત મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ જણાવ્યું છે!જય શિવાજી! જય ભવાની! જય માતાજી!

**મહર્ષિ વિપુલ અંબાજીવાળા**
**- શ્રી અંબાજી માતા મંદિર,**
**૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત**
**૭૯૯૦૮૧૦૧૨૪)**

**લિકર-કેસમાં કેજરીવાલ,**
**પહેલા પાનાનું ચાલુ**

સરકાર ચુંટણીમાં પરાજીત થઈ હતી.

આજે ખાસ અદાલતના ન્યાયમૂર્તિ જીતેન્દ્રસિંહે પોતાના ચુકાદામાં જણાવ્યું કે ફરિયાદ પક્ષની ફરિયાદ ન્યાયીક કસોટીમાં પાર ઉતરી શકે તેમ નથી. તપાસ એજન્સીએ એક સ્ક્રીપ્ટ તૈયાર કરીને જે ચાર્જશીટ તૈયાર કર્યુ હતું તે ફક્ત અનુમાનો અને અટકળોને આધારે જ તૈયાર કરવામાં આવ્યું હતું. જે શરાબનીતિ લાગુ કરવામાં આવી હતી તેમાં કોઈપણ સમયે ષડયંત્ર કે અપરાધી ઈરાદા હોય તેવું રેકર્ડ પર પ્રમાણ આપવામાં આવ્યું નથી.

તેથી સમગ્ર મામલો અદાલતના પરિક્ષણમાં ટકી શકે તેમ નથી અને જે આરોપો મુકાયા છે તે સંદર્ભમાં પણ કોઈ મજબૂત આધાર કે પુરાવા રજુ કરાયા નથી જેથી અરવિંદ કેજરીવાલ ઉપરાંત મનીષ સીસોદીયા અને અન્ય ૨૧ આરોપીઓ સામે કેસ સાબીત થતો નથી. શ્રી કેજરીવાલ આ ચુકાદા માટે અદાલતમાં હાજર હતા અને ચુકાદા બાદ દિલ્હીમાં આમ આદમી પાર્ટીમાં જબરો જશ્નનો માહોલ શરુ થઈ ગયો છે.

**ગાઝીયાબાદમાં માસની**
**પહેલા પાનાનું ચાલુ**

વિવાદ ઉભો કર્યો છે - કેટલાક લોકો આને ધાર્મિક અસહિષ્ણુતા અને ધમકીના કેસ તરીકે જુએ છે, જ્યારે કેટલાકે મંગળવારે માંસાહાર વેચાણ વિરુદ્ધની પરંપરાને આધાર બતાવ્યો છે.

આવી ઘટનાઓ ધાર્મિક સંવેદનશીલતા અને વ્યાપારી સ્વતંત્રતા વચ્ચેના તણાવને વધુ ઉજાગર કરે છે. પોલીસે લોકોને શાંતિ જાળવવા અને કાયદાના માર્ગે ચાલવાની અપીલ કરી છે.

**પાઠય પુસ્તક વિવાદમાં**
**પહેલા પાનાનું ચાલુ**

આ પ્રકારના ચેપ્ટરના સમાવેશથી વડાપ્રધાન ખૂબ જ નારાજ હતા. શ્રી પ્રધાને આ માહિતી આપતા જણાવ્યું કે જયારે શ્રી મોદીના ધ્યાનમાં આ બાબત આવી તો તેઓએ પાઠયપુસ્તક પાછું ખેંચી લેવા સૂચના આપી હતી. શ્રી પ્રધાને કહ્યું કે ન્યાયતંત્રને નીચુ જોવુ પડે તેવું કંઈ સ્વીકાર્ય નથી અને જે આ ચેપ્ટર તૈયાર કરનાર હશે તેની સામે પગલા લેવાશે.

**ટૂંકમાં દિલ્હીથી કટરા**
**પહેલા પાનાનું ચાલુ**

આધુનિક કંટ્રોલ સિસ્ટમ લગાવવામાં આવશે. યાત્રિઓની સુવિધા માટે રસ્તામાં ૪૦થી વધુ એમેનિટી સેન્ટર બનાવવામાં આવી રહ્યા છે.

જેમાં ફૂડ કોર્ટ, ટ્રોમા સેન્ટર, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને પેટ્રોલ પમ્પ જેવી સુવિધાઓ સામેલ છે. જમ્મુ-સાંબા વિભાગમાં લગભગ ૨૧.૫ કિમીનો એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે, જેથી સ્થાનિક યાતાયાતને અસર વગર એક્સપ્રેસવેનું સંચાલન થઈ શકે.

અપડેટ અનુસાર, આ એક્સપ્રેસવેનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. હરિયાણા અને પંજાબના કેટલાક ભાગો પહેલેથી જ ચાલુ થઈ ગયા છે, પરંતુ આખા પ્રોજેક્ટને માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

જમ્મુ-કઠુઆ વિભાગના કેટલાક ભાગોને ૨૦૨૬ની અમરનાથ યાત્રા પહેલાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ એક્સપ્રેસવેના ચાલુ થવાથી કરોડો શ્રદ્ધાળુઓને માતા વૈષ્ણો દેવી અને સ્વર્ણ મંદિરની યાત્રા વધુ સરળ અને ઝડપી બનશે.

**જેએનયુ વિરોધ પ્રદર્શન**
**પહેલા પાનાનું ચાલુ**

ચાર કે પાંચ લોકોએ, યુનિફોર્મ પહેર્યા ન હતા, તેને બળજબરીથી ભીડમાંથી ખેંચી લીધી, જેના કારણે તેના હાથમાં ઈજા થઈ અને લોહી ગંઠાઈ ગયું.આરોપીના વકીલે કોર્ટમાં જણાવ્યું કે બધા આરોપીઓ તપાસમાં સહકાર આપવા તૈયાર છે અને આ સંદર્ભમાં કોર્ટને લેખિત ખાતરી આપવા તૈયાર છે.કોર્ટે જણાવ્યું કે પોલીસ અધિકારીઓ પર હુમલો કરવો એ ગંભીર બાબત છે અને શાંતિપૂર્ણ વિરોધના નામે તેને મંજૂરી આપી શકાય નહીં. કોર્ટે એ પણ નોંધ્યું કે જે કલમો હેઠળ કેસ નોંધવામાં આવે છે તેમાં મહત્તમ પાંચ વર્ષની સજા થઈ શકે છે. વધુમાં, કોર્ટે જણાવ્યું કે આરોપીઓ વ્યાવસાયિક કે રીઢો ગુનેગાર નથી. આ સંજોગોને ધ્યાનમાં લેતા, કોર્ટે આરોપીને ૨૫,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર જામીન આપ્યા.

**પાક.નું એફ-૧૬**
**પહેલા પાનાનું ચાલુ**

તે જ સમયે, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મુશર્રફ અલી ઝૈદીએ ૧૩૩ અફઘાન તાલિબાન લડવૈયાઓને ઠાર મારવાનો દાવો કર્યો છે.નંગરહાર, નૂરિસ્તાન, કુનાર, ખોસ્ત, પક્તિયા અને પક્તિકા જેવા સરહદી વિસ્તારોમાં બંને પક્ષો વચ્ચે સંઘર્ષ ચાલુ છે. આ ચોકીઓ નંગરહારના ગોશ્તા જિલ્લા અને કુનાર પ્રાંતમાં ડુરંડ લાઇન નજીક આવેલી છે.પાકિસ્તાને ૨૨ ફેબ્રુઆરીના રોજ અફઘાનિસ્તાનના આંતરિક વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા. તેનું કહેવું હતું કે આ હુમલા પાકિસ્તાની તાલિબાન (TTP) અને ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલા ઠેકાણાઓ પર કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે આ કાર્યવાહી ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવી હતી અને જરૂર પડ્યે ભવિષ્યમાં પણ આવા ઓપરેશન કરવામાં આવશે.

**કોર્ટમાં શંકરાચાર્ય**
**પહેલા પાનાનું ચાલુ**

આ પછી મંગળવારે શંકરાચાર્ય તરફથી આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. આ કેસમાં પીડિત સગીર છોકરાઓના નિવેદનો સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ઓન કેમેરા નોંધવામાં આવ્યા હતા. પોલીસે માઘ મેળામાં શંકરાચાર્યના શિબિર સ્થળનો નકશો પણ તૈયાર કર્યો છે.

બીજી તરફ, શંકરાચાર્યના વકીલ શ્રીનાથ ત્રિપાઠીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી અજીતને લગભગ ૨૦ કલાકમાં જંસા પોલીસ સ્ટેશન વિસ્તારના રેસીપુરથી પકડ્યો હતો.

આરોપી કાયદાનો વિદ્યાર્થી છે અને વારાણસી કચેરીમાં જ પ્રેક્ટિસ કરે છે. આરોપીએ પૂછપરછમાં જણાવ્યું કે તેણે પાડોશીને ફસાવવા માટે આ મેસેજ મોકલ્યો હતો. હાલ પોલીસ તેને જેલ મોકલવાની તૈયારી કરી રહી છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ યૌન શોષણ કેસમાં બાળકોનો મેડિકલ રિપોર્ટ આવી ગયો છે. પોલીસ સૂત્રોનો દાવો છે કે બાળકો સાથે ખરાબ કૃત્યની પુષ્ટિ થઈ છે. પોલીસે બુધવારે પીડિત સગીરોનો મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો. બે ડોકટરોના પેનલે પ્રયાગરાજના સરકારી હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ કર્યો હતો.

રિપોર્ટ ગુરુવારે બંધ કવરમાં તપાસ અધિકારીને સોંપવામાં આવ્યો છે. તેને શુક્રવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

પોલીસ સૂત્રો અનુસાર, બાળકો સાથે ખરાબ કૃત્ય કોણે કર્યું? ક્યારે કર્યું? ક્યાં કર્યું? આ તપાસનો વિષય છે. સંપૂર્ણ તપાસ પછી સ્પષ્ટ થશે કે અવિમુક્તેશ્વરાનંદ પર લાગેલા આરોપો કેટલા સાચા છે. ઝૂંસી પોલીસ સ્ટેશનના પ્રભારી મહેશ મિશ્રાએ જણાવ્યું કે આ કોર્ટનો મામલો છે. વધુ માહિતી આપી શકાય નહીં.

**અમેરિકા મધ્ય-પૂર્વમાં**
**પહેલા પાનાનું ચાલુ**

નીતિના વિચારો સ્પષ્ટ કર્યા છે. તેમણે અગાઉ પોતાને વિદેશી લશ્કરી હસ્તક્ષેપો અંગે શંકાસ્પદ ગણાવ્યા છે. ગુરુવારે, તેમણે પુનરોચ્ચાર કર્યો કે તેમના વિચારો યથાવત છે અને તેઓ આ વલણ જાળવી રાખે છે. વાન્સે કહ્યું કે તેઓ માને છે કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિચારો પણ આ સાથે સુસંગત છે.

તેમણે કહ્યું, "જુઓ, જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે. પરંતુ મને લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ 'અમેરિકા ફર્સ્ટ' રાષ્ટ્રપતિ છે, અને તેઓ એવી નીતિઓને અનુસરે છે જે અમેરિકન લોકોના શ્રેષ્ઠ હિતમાં હોય."

તેમણે ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન કરવા સામે ચેતવણી આપી. "મારું માનવું છે કે આપણે ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન કરવાનું ટાળવું પડશે. આપણે તેના વિશે સતર્ક રહેવું પડશે, અને મને લાગે છે કે રાષ્ટ્રપતિ પણ સતર્ક છે."

મધ્ય પૂર્વમાં અમેરિકાના હસ્તક્ષેપ અને ઈઝરાયલ પ્રત્યે અમેરિકાના વલણ અંગે મતભેદો વધ્યા છે. જે.ડી. વાન્સ દલીલ કરે છે કે ઈઝરાયલ પ્રત્યે શંકા રાખનારાઓના અવાજો પાર્ટીની આંતરિક ચર્ચામાં સાંભળવા જોઈએ, સાથે જ જેઓ દેશને વ્યૂહાત્મક સાથી તરીકે જુએ છે. તેમણે કહ્યું, "મારો નિષ્કર્ષ એ છે કે આ એક ખૂબ જ મહત્વપૂર્ણ ચર્ચા છે જે માત્ર આગામી થોડા વર્ષો માટે જ નહીં પરંતુ ભવિષ્યમાં લાંબા સમય સુધી જમણેરી વિચારધારા માટે જરૂરી રહેશે."

**ઔધોગિક એકમોમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કારણે આવી તંગ પરિસ્થિતિ સર્જાઈ છે તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ. હજીરામાં ઔદ્યોગિક અશાંતિએ હવે રાજકીય વળાંક લીધો છે. કોંગ્રેસ પક્ષના સમર્થનથી, આગામી દિવસોમાં આ મુદ્દો વધુ વકરી શકે છે, જેના કારણે વહીવટીતંત્ર અને ઔદ્યોગિક ગૃહો પર ઝડપી ઉકેલ શોધવા માટે દબાણ વધી શકે છે.

**ભાજપના નવ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મોટી સંખ્યામાં હાજર રહી નવા વરાયેલ હોદ્દેદાર શ્રીઓનું સન્માન કર્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વોર્ડમાંથી સુરત શહેરમાં ઉપાધ્યક્ષ પદે નિમણૂક થયેલા શ્રી રતનલાલ જૈન તેમજ ભાજપના ઉપાધ્યક્ષ અને વોર્ડ નંબર ૨૫ ના પ્રભારી શ્રી મંગલાબેન ગોસ્વામીજી ને પણ ખેસ પહેરાવી અને ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરો શ્રી વિક્રમભાઈ પાટીલ, શ્રી ભૂષણભાઇ પાટીલ,શ્રીમતી કાંતાબેન વાકોડીકર, શ્રીમતી કવિતાબેન એનાગંદુલા,વોર્ડ પ્રમુખ શ્રી હેમંત મરાઠે, મહામંત્રી શ્રી રાપોલુ બુચિરામુલુ, શ્રી નીતિન શિમ્પી, શ્રી પ્રવીણભાઈ(બંટી)પાટીલ, શ્રી યુવરાજ પાટીલ શ્રી અનિલ સોનકુસરે, શ્રી દિવ્યેશ પટેલ, શ્રી કિશોર સોલંકી,શ્રી રાજુ દાદા પાટીલ,શ્રી કિરીટ મૈસુરિયા, શ્રી અભયસિંહ, શ્રી વૈભવ મહાલે,શ્રી અટલ મિશ્રા,શ્રી કૈલાશ પાટીલ,શ્રી લક્ષ્મીકાંત બોરસે, શ્રી રાજુભાઈ પટેલ,શ્રી કનૈયા પ્રજાપતિ,શ્રીમતી ઉજવલાબેન ઠાકુર,શ્રીમતી અરુણાબેન ઠક્કર,શ્રી અનિલ સપકાળે સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું શુંવ્યવસ્થિત સંચાલન વોર્ડના ઉત્સાહી મહામંત્રી શ્રી રાપોલુ બુચિરામુલુ એ કર્યું હતું.

**જહાંગીરપુરા ખાતે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ઉપસ્થિત લોકોને આ પ્રથાના મહત્વને વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદ મળી. ઉલ્લેખનીય છે કે ૨૨ ફેબ્રુઆરી ૧૯૬૩ ના આ સુવર્ણ દિવસે, અગ્નિહોત્રનો પરિચય કરાવનારા મહાન પુરુષ, શ્રી માધવજી પોટદાર સાહેબે, આ અગ્નિહોત્ર વિધિને માનવ જીવન સાથે ફરીથી જોડી દીધી હતી. કાર્યક્રમના અંતે, ઉપસ્થિત તમામ પરિવારોએ તેમના ઘરોમાં નિયમિતપણે અગ્નિહોત્ર કરવાનો સંકલ્પ કર્યો, કારણ કે દરેક વ્યક્તિએ તેનાથી ઉત્પન્ન થતી સકારાત્મક ઉર્જાનો અનુભવ કર્યો. આ સફળ કાર્યક્રમ માટે પિસાદ ગામ, સુરતની અગ્નિહોત્ર પ્રચારક ટીમના અથાક પ્રયાસોની બધાએ પ્રશંસા કરી, જેના પરિણામે આ કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળ બન્યો.

**છેલ્લા પાનાનું ચાલુ**
**હોળી-ધૂળેટી પર્વે સુરત,**

છે કે ટિકિટ મળવી અશક્ય બની ગઈ છે. જે લોકોને કન્ફર્મ ટિકિટ નથી મળી, તેઓ ટ્રેન પકડવાની આશાએ ૧૦થી ૧૨ કલાક સુધી રેલવે સ્ટેશન પર ભૂખ્યા-તરસ્યા બેસી રહે છે. લોકોની ભીડને કારણે કોચની અંદર વાતાવરણ પણ ગૂંગળામણભર્યું બન્યું છે.

જનરલ કોચની સ્થિતિ સૌથી વધુ દયનીય છે. ટ્રેનની અંદર પગ મૂકવાની જગ્યા ન હોવાથી મુસાફરો કોચના શૌચાલયની અંદર અને બહાર બેસીને યાત્રા કરવા મજબૂર બન્યા છે. ભયંકર ગીચતા અને દુર્ગંધ વચ્ચે પણ શ્રમિકો માત્ર વતન પહોંચવાના આશયથી કષ્ટ દાયક મુસાફરી કરી રહ્યા છે.

રેલવે સ્ટેશન પર એવા અનેક મુસાફરો જોવા મળ્યા જેઓ સવારે ૧૦:૩૦ વાગ્યાની 'તાપ્તી ગંગા એક્સપ્રેસ' પકડવા માટે આગલી રાત્રે ૧૦ વાગ્યાથી લાઈનમાં ઉભા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આટલી કલાકો સુધી રાહ જોયા બાદ પણ ટ્રેનની અંદર તેમને બેસવા માટે સીટ મળી નથી.

**પાંડેસરાના ટેક્સટાઈલ**

મળતા પાંડેસરાની વિવિધ કંપનીઓની ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો. તેવામાં વધુ એક કર્મચારીને આગની અસર થતા નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર આપી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો.

પાંડેસરા ખાતે મોકડ્રીલ બાદ ડી-બ્રીકિંગ મિટિંગમાં ડેપ્યુટી કલેકટરશ્રી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, દક્ષિણ પ્રાંત વી.જે. ભંડારીએ ઓછા ક્વિક રિસ્પોન્સ ટાઈમમાં બચાવ-રેસ્ક્યુ વર્ક શરૂ થવા પર ભાર મૂકી દરેક ઈન્ડસ્ટ્રીઝમાં મેનેજમેન્ટ તેમજ મોકડ્રીલમાં રહી ગયેલી ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય તે માટેની તકેદારી લેવા તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) અને ઈમરજન્સી સેફ્ટી માર્ગદર્શિકા જણાવતા કહ્યું કે, DEOCએ જિલ્લાનું મુખ્ય ઈમરજન્સી કેન્દ્ર છે જે દિવસ-રાત કાર્યરત રહે છે. કોઈપણ દુર્ઘટના સમયે સૌથી પહેલો સંપર્ક DEOCમાં કરવાથી રિસ્પોન્સ ટાઈમમાં ઘટે છે, તેઓ એકસાથે તમામ સંબંધિત એજન્સીઓને ત્વરિત જાણ કરવાની ક્ષમતા ધરાવે છે. વધુમાં પ્રાંત અધિકારીએ કહ્યું હતું કે, દરેક કંપનીમાં એસેમ્બલી પોઈન્ટ અને ઈનઆઉટ ગેટ પર DEOCનો નંબર અને સેકન્ડરી ઈમરજન્સી નંબર ફરજિયાત ડિસ્પ્લે કરવા અનુરોધ કર્યો હતો. એસેમ્બલી પોઈન્ટ અને ફાયર એક્ઝિટ માટે પૂરતા પ્રમાણમાં સાઇન બોર્ડ્સ હોવા જોઈએ. લોબીમાં અને ઉપરના માળે પણ ડાયરેક્શન બોર્ડ્સ હોવા જરૂરી છે. ઈમરજન્સી વખતે માણસ માનસિક રીતે વિચલિત હોય છે, ત્યારે આ બોર્ડ્સ તેને સાચી દિશામાં પહોંચવામાં મદદ કરે છે.

પાંડેસરા કંપની ખાતે ડી-બ્રીફિંગ મિટિંગમાં ડે. કલેકટરશ્રી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, દક્ષિણ પ્રાંત વી.જે. ભંડારીના માર્ગદર્શનમાં આયોજિત મોકડ્રીલમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય-સુરતના મદદનીશ નિયામક જે.એન.વસાવા, ઉધના મામલતદારશ્રી એલ. આર. ચૌધરી, ઉધના સર્કલ ઓફિસર ડી.એચ.ગઢવી, સિવિલ હોસ્પિટલ મેડિકલ ઓફિસર ડો. ભરત પટેલ, પોલીસ વિભાગના અધિકારીઓ, લોકલ ટ્રાફિક પોલીસ, ફાયર અને ઈમરજન્સી સેવાના સ્થાનિક તંત્રના અધિકારીઓ, જી.પી.સી.બી. સુરતના અધિકારીઓ, કંપનીના સેફ્ટી હેડ મહેશ ખબરાની, મનપાના ડે. ચીફ ફાયર ઓફિસર એસ.ડી. ધોબી, ચીફ એન્જિનિયર વી. કે. ગાંધી, સહિત લોકલ ક્રાઈસીસ ગ્રુપના અન્ય સભ્યો અને કંપનીના અધિકારી-કર્મચારીઓએ મોકડ્રીલને સફળ બનાવી હતી.

**યુવતીને બ્લેક મેઈલ**

સિનિયર વકીલ વહાબ શેખ મારફતે જામીન અરજી કરી હતી. આરોપી તરફે દલીલ થઈ હતી કે

આરોપી તદ્દન નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે. બ્લેકમેઈલિંગ કે નાણાં પડાવ્યા હોવાના કોઈ પૂરાવા નથી. ધર્મ પરિવર્તન કે વિશ્વાસઘાત જેવું કોઈ કૃત્ય આચરવામાં આવ્યું નથી. આરોપી પરિવારનો એકમાત્ર કમાનાર સભ્ય છે અને તે તપાસમાં સહકાર આપવા તૈયાર છે. કોર્ટે નોંધ્યું હતું કે આ ગુનામાં તપાસ પુરી થવામાં છે તેમા આરોપીની હાજરીની જરૂર નથી. મહતમ સજા સાત વર્ષની છે. આ કામે રીકવરી બાકી નથી. આ કામે તપાસમાં અરજદારની હાજરી જરૂરી નથી. વધુમા આ કામના આરોપી કોર્ટ જણાવે તે તમામ શરતોનુ પાલન કરવા બાંહેધરી આપે છે તે સંજોગોમા તેની ઈન્સાકી કાર્યવાહી દરમિયાન કોર્ટ સમક્ષ હાજરી સુનિશ્ચિત થાય તેવી શરતોના આધારે તેને જામીન મુકત કરવામા આવશે તો તે યોગ્ય અને ન્યાયોચીત ગણાશે.

**લાજપોર જેલ બોર્ડ**

કામના ૦૪ કેદીઓ તથા કાચા કામના ૦૬ આરોપીઓ મળી કુલ-૧૦ બંદીવાનો તેમજ ધો.૧૨માં પાકા કામના ૦૪ કેદી તથા કાચા કામના ૦૭ આરોપીઓ મળી કુલ ૨૧ બંદીવાનો બોર્ડની પરીક્ષા આપી રહ્યાં છે. જેલના નાયબ અધિક્ષકશ્રી એ.એચ.રાજપુત તેમજ સિનીયર જેલરશ્રી પી.ડી.હિહોરીયાએ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા આપતા તમામ બંદીવાનોને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી ફૂલ અને મિઠાઇ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ






હજીરાની કંપનીમાં ગઈ કાલે કામદારો દ્વારા હિંસક આંદોલન શરૂ કરતા સ્થિતિ તંગ બની હતી. પોલીસે મહા મહેનતે શાંતિ બહાલ કરી હતી અને આજ રોજ સવારે એલ એન્ડ ટી કંપની સંકુલમાં કામદારોના ટોળા એકત્ર થતા પહેલાથી જ તૈનાત અને સતર્ક પોલીસ કાફલાએ કામદારોને વિખેરી નાખ્યા હતા. ઘટના સ્થળની આજે પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત દ્વારા પણ મુલાકાત લેવામાં આવી હતી.

# એલ એન્ડ ટી કંપનીમાં કામદારોના ટોળા એકત્ર થતા તંગદીલી

## ગઈ કાલની હિંસા બાદ સ્થળ પર તૈનાત પોલીસે કામદારોના ટોળાને વિખેરી નાખી સ્થિતિ સામાન્ય કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

હજીરાની કંપનીમાં થયેલી હિંસા બાદ આજે શુક્રવારે વહેલી સવારથી જ સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે. L&Tના કોન્ટ્રાક્ટ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા પથ્થરમારો અને તોડફોડ બાદ અન્ય કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાફલા સાથે હજીરાના તમામ ઈન્ડસ્ટ્રીયલ યુનિટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ગુરુવારની હિંસાના પડઘા આજે શુક્રવારે સવારે પણ જોવા મળ્યા હતા. પોલીસ પાસેથી મળતી માહિતી આજે સવારે ફરીથી L&ના અંદાજે ૫૦થી વધુ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ L&T યુનિટમાં એકઠા થયા હતા. જોકે, પ્લાન્ટ પર પહેલેથી જ તહેનાત પોલીસે તાત્કાલિક એક્શન લઈ આ તમામ કર્મચારીઓને ત્યાંથી હટાવી દીધા હતા અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.અને સ્થિતિ સામાન્ય કરી દીધી હતી.

## હજીરાની હિંસા બાદ સોશિયલ મિડીયા પર પોલીસની નજર

### સીસી ટીવી ફુટેજના આદારે હિંસા કરનાર કામદારોની ઓળખ કરતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

હિંસા પાછળ સોશિયલ મીડિયાનો મોટો હાથ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હરિયાણાના પાણીપતમાં થયેલા શ્રમિક આંદોલનના વીડિયો વ્હોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપમાં વાયરલ કરીને કર્મચારીઓને ઉશ્કેરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ ગ્રુપ્સમાં ખાસ કરીને પોલીસને ટાર્ગેટ કરવા અને હિંસા ભડકાવવા માટેના મેસેજ ફરતા કરવામાં આવ્યા હતા. આથી હવે પોલીસ સાયબર સેલની મદદથી શંકાસ્પદ કર્મચારીઓના ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વ્હોટ્સએપ ગ્રુપ પર બાજ નજર રાખી રહી છે.ગુરુવારે થયેલા પથ્થરમારામાં DCP શેફાલી બરવાલ સહિતના અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે પોલીસે કડક કાર્યવાહી કરતા અત્યાર સુધીમાં ૪૦થી વધુ ઓળખાયેલા તોફાની તત્વો સામે 'હત્યાના પ્રયાસ' સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ ઉપરાંત, હિંસામાં સામેલ અન્ય હજારો અજ્ઞાત લોકોની ઓળખ કરવા અને તેમની ધરપકડ કરવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ લોકેશનના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.DCP શેફાલી બરવાલે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, "હજીરાની ઘટનાને પગલે સોશિયલ મીડિયા પર અનેક અફવાઓ ફેલાવવામાં આવી રહી છે, જેના પર ધ્યાન ન આપવું. સુરત પોલીસનું સોશિયલ મીડિયા મોનિટરિંગ યુનિટ સક્રિય છે. જે કોઈ પણ વ્યક્તિ ભડકાઉ પોસ્ટ મૂકશે અથવા અફવા ફેલાવશે તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે." હાલ સમગ્ર હજીરા પટ્ટી પર પોલીસ પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે.

## સરકારી નોકરીના બહાને ઠગાઈ કેસમાં આરોપીને જામીન મળ્યાં

### બચાવ પક્ષના વકીલ રાજેશ દારૂવાલાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

સરકારી નોકરી અપાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી કરવાના ગુનામાં ધરપકડ કરાયેલા આરોપી બ્રિજ ઉર્ફે બ્રિજેશ મુકેશભાઈ પટેલને સુરત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. **બચાવ પક્ષે વકીલ રાજેશ.જી.દારૂવાલાએ** કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી.અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ બ્રિજ ઉર્ફે બ્રિજેશ મુકેશ પટેલ સહિતના આરોપીઓએ લોકોને પોસ્ટ ઓફિસમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી હતી. ઉગત કો-ઓપરેટિવ સોસાયટીના સર્વર અને એડ્રેસનો ઉપયોગ કરી ખોટા મેસેજ મોકલી કુલ રૂ. ૧૬,૯૦,૦૦૦ની છેતરપિંડી આચરી હતી. આ કેસમાં આરોપી બ્રીજની ધરપકડ કરાઈ હતી. આ કેસમાં જમીન મુક્ત થવા આરોપી બ્રીજએ વકીલ રાજેશ દારૂવાલા મારફતે જામીન અરજી કરી હતી.આરોપી તરફે દલીલ કરી હતી કે આ કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે અને અન્ય સહ-આરોપી ભૂપેન્દ્રકુમાર શર્માને હાઈકોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા છે. સમાનતા ના ધોરણે અને આરોપી ૯,૦૦,૦૦૦ કોર્ટમાં જમા કરાવવા તૈયાર હોવાથી કોર્ટે કેટલીક શરતો સાથે જામીન અરજી મંજૂર કરી હતી.

## બોર્ડ પરિક્ષા વચ્ચે ઉમરા પાસપોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવી દેવા ધમકી

### ઉમરા પોલીસ દ્વારા ડોગ સ્કવોર્ડ સાથે સમગ્ર ઓફીસમાં તળીયા ઝાટક તપાસ

સુરત, તા.૨૭

સુરતના ઉમરા વિસ્તારમાં આવેલી પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ ધમકી સત્તાવાર ઈમેલ દ્વારા આપવામાં આવી હતી, જેને પગલે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ઉમરા પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે અને ઓફિસ પરિસરમાં સઘન તપાસ હાથ ધરી હતી. હાલમાં પોલીસ દ્વારા આ ઈમેલના સ્ત્રોત અને તેની પાછળના ઈરાદા અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

તો બીજી તરફ ભાવનાગર હેડ પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ડિવિઝનલ વડાને મેઈલ દ્વારા ધમકી મળતા પોલીસ સહિતના તંત્રએ તપાસ શરૂ કરી છે. અમરેલી પોસ્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આમાં પણ મેઈલ મારફતે પોસ્ટ ઓફિસમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા દોડધામ મચી છે. અમરેલી ફાયર ટીમ બોમ્બ સ્ક્વોડ, સ્થાનિક પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી છે. પોસ્ટ ઓફિસ ખાલી કરાવી શોધખોળ હાથ ધરી છે.૧૬ ફેબ્રુઆરીના સવારમાં ૪૦ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. વડોદરા શહેર-જિલ્લાની ૨૫ અને અમદાવાદની ૧૫ સ્કૂલને બોમ્બની ધમકી ભર્યો મેલ મળ્યો હતો. મેઈલમાં મોદી-શાહને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. લખ્યું હતું કે, ગુજરાત ખાલિસ્તાન બનશે, હિન્દુસ્તાનનાં ટુકડા થશે. બોમ્બની ધમકી મળતા જ સ્કૂલોમાં વાલીઓ બાળકને લેવા દોડી આવ્યા અને સૌના જીવ તાળવે ચોંટ્યા હતાં.બોમ્બ થ્રેટ ઈ-મેઈલથી અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. વાલીઓ પોતાના નોકરી-ધંધે નીકળી ગયા હતા અને સ્કૂલોમાંથી ફોન આવતા ફફડાટમાં સ્કૂલે પહોંચ્યા હતાં. સ્કૂલોમાં વાલીઓની ભીડ જોવા મળી હતી. પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરાઈ તો ફાયર બ્રિગેડની ટીમોને પણ સ્કૂલો પર મોકલી દેવાઈ હતી. બોમ્બ-ડોગ સ્ક્વોડ અને પોલીસે તમામ સ્કૂલોમાં સર્ચ કર્યું હતું, પરંતુ એક પણ સ્કૂલમાંથી કંઈ પણ વાંધાજનક વસ્તુ ના મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫એ અમદાવાદ, ગાંધીનગર, કલોલ શહેરની અલગ અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઝેબર ,ઝાયડસ, અગ્રસેન અને DAV ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત ૨૬ જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા. ધમકી મળતા જ પોલીસ, ફાયર વિભાગ અને બોમ્બ-ડોગ સ્કવોડની ટીમ દ્વારા સ્કૂલોમાં તપાસ કરાઈ હતી. તપાસના અંતે એક પણ સ્કૂલમાંથી સંદિગ્ધ વસ્તુ મળી નહોતી. ધમકીને લઈને અમદાવાદની કેટલીક સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી.

## પાંચ લોકોએ ષડયંત્ર રચીને રૂદરપુરાનો પ્લોટ પચાવી પાડયો

### રૂ. ૨.૦૫ કરોડના પ્લોટ અંગે આખરે પોલીસ ફરિયાદ દાખલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

શહેરના રૂદરપુરા વિસ્તારમાં આવેલી કરોડોની કિંમતની મિલકત પચાવી પાડવા બદલ પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, રૂદરપુરા ચંદન સોસાયટીમાં રહેતા મુખત્યાર અહેમદ રસીદ શેખે આરોપી ઈલ્યાસ હનીફ શેખ, સારાબીબી શેખ, ઈમ્તીયાઝ શેખ, હનીફ રસુલ શેખ(તમામ રહે.ગોરા દાઉદ સ્ટ્રીટ બેગમપુરા) અને ઈમ્તિયાઝના ભાણિયા સામે ગુનો નોંધાવ્યો છે. વિગત એવી છે કે, રૂદરપુરા હેલ્થ કેમ્પસ સામે આવેલી ચંદન કો.ઓ.હાઉસીંગ સોસાયટીના પ્લોટ નં. ૧ થી ૪ ની જમીનનો સોદો રૂ. ૨,૦૫,૦૦,૦૦૦- માં નક્કી થયો હતો.

ફરિયાદીએ બે પ્લોટનું સંપૂર્ણ અવેજ ચૂકવી દીધું હતું, જે બાબતે આરોપીઓએ સબ રજીસ્ટ્રાર કચેરીએ વીડિયો રેકોર્ડિંગમાં નાણાં મળ્યા હોવાનું અને કબજો સોંપ્યો હોવાનું કબૂલ્યું હતું. આમ છતાં, આરોપીઓએ મેલી મુરાદ રાખી કબજો નહી સોંપી જમીન પચાવી પાડતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વધુમાં જાણવા મળ્યું હતું કે, લેન્ડ ગ્રેબિંગની ફરિયાદમાં કલેક્ટરે ઓર્ડર કરતા ફરિયાદ અઠવા પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ છે.સમગ્ર કેસ એડવોકેટ એન્ડ નોટરી ગુલામફરીદ શેખ દ્વારા ચલાવવામાં આવ્યું હતું.

## હોળી-ધૂળેટી પર્વે સુરત, ઉધનાથી ઉપડતી ટ્રેનો પકડવા ઉમટતી ભીડ

### લાંબા અંતરની ટ્રેનોના જનરલ કોચમાં પગ મૂકવાની જગ્યા નથી



સુરત, તા.૨૭

હોળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સુરતમાં વસતા ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડના લાખો શ્રમિકોમાં વતન જવાની ઘેલછા જોવા મળી રહી છે. ઉધના રેલવે સ્ટેશન પર માનવ મહેરામણ ઉમટ્યું છે, બીજી બાજુ જનરલ કોચમાં પગ મૂકવાની પણ જગ્યા નથી. લાખો લોકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા માટે કોઈપણ ભોગે વતન પહોંચવા મથી રહ્યા છે.

સુરત એક એવું શહેર છે જ્યાં લાખોની સંખ્યામાં પરપ્રાંતીય શ્રમિકો રોજીરોટી માટે આવે છે. હોળીના તહેવાર પર અંદાજે ૨થી ૩ લાખ લોકો પોતાના વતન પરત ફરે છે. આટલી મોટી સંખ્યામાં લોકો એકસાથે સ્ટેશન પર પહોંચતા રેલવે તંત્રના તમામ આયોજનો વામણા સાબિત થઈ રહ્યા છે. ટિકિટ વિન્ડોથી લઈને પ્લેટફોર્મ સુધી માત્ર માથા જ દેખાઈ રહ્યા છે.

રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, પેસેન્જરોનો ધસારો એટલો

અનુસંધાન પાના ૭ પર

## આગની ઝપેટમાં કાર સળગી ઉઠતા રોકડા રૂપિયા સ્વાહા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

લિંબાયત વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. લિંબાયત સ્થિત આજણા ફાર્મ પાસે કોઈ અજાણ્યા શખ્સ દ્વારા જાહેરમાં કચરો સળગાવવામાં આવ્યો હતો. કચરાની આ આગ જોતજોતામાં વિકરાળ બની હતી અને બાજુમાં પાર્ક કરેલી એક લક્ઝરી કારને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી.

આ દુર્ઘટનામાં કાર સળગી ઉઠી હતી. સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે કારની અંદર રોકડમાં મોટી રકમ પણ હતી, જે આગમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે. સ્થાનિકોએ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું. અજાણ્યા શખ્સની આ બેદરકારીને કારણે કાર માલિકે લાખોની મત્તા ગુમાવવાનો વારો આવ્યો છે.

## સુરતના પાંડેસરાના ટેક્સટાઈલ યુનિટના ફેબ્રિક્સ વેસ્ટ ગોડાઉનમાં આગ લાગી

### પાંડેસરા ખાતે લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા ઓફસાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ

સુરત, તા.૨૬

સુરત શહેરની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં આગ જેવી દુર્ઘટના સમયે તકેદારીના ભાગરૂપે જાગૃતિ કેળવાય તથા અકસ્માતોમાં ઘટાડો થાય એવા આશયથી પાંડેસરા જી.આઈ.ડી.સી.ના સેન્ટ્રલ પાર્ક સ્થિત સિધ્ધિ વિનાયક નોટ્સ & પ્રિન્ટસ કંપનીમાં ફેબ્રિક્સ વેસ્ટ ગોડાઉનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાની ઓફસાઈટ ઈમર્જન્સી મોકડ્રિલ યોજાઈ હતી. ૩૦ મિનિટની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં ફાયર ફાયટરોને સફળતા મળી હતી. લોકલ કાઈસીસ ગૃપ સુરત સીટી, ઈન્ડસ્ટ્રીયલ પોકેટ અને નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને સુરત સીટી પ્રાંત(દક્ષિણ) વી.જે.ભંડારીના માર્ગદર્શન હેઠળ ટેક્સટાઈલ કંપનીમાં ઓફસાઈટ ઈમરજન્સીની મોકડ્રીલ યોજાઈ હતી.

આજે પાંડેસરાની કંપનીમાં ફેબ્રિક્સ વેસ્ટ ગોડાઉનમાં સવારે ૧૧:૧૫ વાગે અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. આગની જાણ થતા જ કંપનીના પોતાના ફાયર વિભાગના કર્મચારીઓ અને ફાયર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ દ્વારા પ્રાથમિક આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા પણ આગ કાબુમાં ન આવતા ઓનસાઈટ ઈમરજન્સી જાહેર કરી હતી. SMC ફાયર વિભાગના એક ફાયર ટેન્ડર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કલરટેક્સ કંપનીના ફાયર ફાઈટરોની પણ મદદ લેવામાં આવી હતી. એક્સટર્નલ એજન્સી દ્વારા પ્રોટોકોલ મુજબ તમામ કર્મચારીઓનું હેડ કાઉન્ટિંગ કરી સુરક્ષિત રીતે એસેમ્બલી પોઈન્ટ પર ખસેડવામાં આવ્યા હતા.

આગથી સાઈટ પર એક અસરગ્રસ્ત કર્મચારીને કંપનીના ઔદ્યોગિક હેલ્થ સેન્ટરમાં સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ આગનું પ્રમાણ વધતા અને સ્થિતિ કાબુ બહાર જતા સાઈટ મેન કંટ્રોલર દ્વારા ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરાઈ અને લોકલ ક્રાઈસીસ ગ્રુપને જાણ કરાઈ હતી. ઈમરજન્સી કોલ

અનુસંધાન પાના ૭ પર

## યુવતીને બ્લેક મેઈલ કેસમાં આરોપીને જામીન આપતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

અમેરિકા રહેતી ડિવોર્સી યુવતીને પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઈલ કરી ?૬૦ લાખની રોકડ, ૧૮ તોલા સોનું અને ફ્લેટ પડાવી લેવાના ગંભીર આરોપસર જેલમાં બંધ એઝાઝ પટેલને સુરત સેશન્સ કોર્ટે જામીન ઉપર મુક્ત કર્યા હતા.

લાલગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં રામપુરા ખાતે રહેતા એઝાઝ સલીમ પટેલ સામે આરોપ હતો કે

તેણે સપ્ટેમ્બર ૨૦૨૩થી ડિવોર્સી મહિલાને વિશ્વાસમાં લઈ નાણાં પડાવ્યા હતા અને પરત માંગણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત મહિલાને ધર્મ પરિવર્તન કરાવ્યાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો.આ કેસમાં આરોપી એઝાઝએ જામીન ઉપર મુક્ત થવા

અનુસંધાન પાના ૭ પર

## લાજપોર જેલ બોર્ડ કેન્દ્રમાં ૨૧ બંદીવાનો પરીક્ષામાં બેઠા

### રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા જેલમાં પરીક્ષા આપવા સેન્ટર ઉભુ કરાયું

સુરત, તા.૨૬

ગઈ કાલથી શરૂ થયેલી ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ છે ત્યારે સુરતની લાજપોર મધ્યસ્થ જેલના ૨૧ બંદીવાનો પણ પરીક્ષા આપી રહ્યા છે. જ્યુડીશીયલ કસ્ટડી હેઠળના આરોપીઓ તથા સજા ભોગવતા કેદીઓ શિક્ષણના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે તે હેતુથી, જેલ અને સુધારાત્મક વહીવટ(અમદાવાદ)ના પોલીસ મહાનિદેશકશ્રી ડૉ.કે.એલ.એન.રાવના માર્ગદર્શન તેમજ સુરત-લાજપોર મધ્યસ્થ જેલના અધિક્ષકશ્રી શ્રીપાલ શેષમાના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૫-'૨૬ના શૈક્ષણિક વર્ષ દરમિયાન લાજપોર મધ્યસ્થ જેલમાં 'પરીક્ષા સેન્ટર' ખાતે જેલના ધો.૧૦માં અભ્યાસ કરતા પાકા

અનુસંધાન પાના ૭ પર

## રૂ. ૧૦.૮૭ કરોડના છેતરપિંડીના ગુનામાં ત્રણના આગોતરા જામીન

### આગોતરા જામીન અરજી મંજૂર કરતી સેશન્સ કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા અને જમીન લે-વેચનો વ્યવસાય કરતા જયંતકુમાર કળથીયા અને તેમના પુત્ર હિમાલય સાથે ૧૦.૮૭ કરોડની ઠગાઈના કેસમાં ૩ આરોપીએ આગોતરા મેળવવા જામીન અરજી કરતા સુરત સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી.

ઉધના-મગદલ્લા રોડ પર ઓફિસ ધરાવતા ત્રણ ભાગીદારો જીતેન્દ્ર સેંઘાણી, જિતેન્દ્રનો ભાણેજ વિશાલ પટેલ અને અશોક ગોયાણીએ કોસાડની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવી આપવાના બહાને કળથીયા પિતા-પુત્ર સાથે ૧૪ કરોડમાં સોદો કર્યો હતો.આરોપીઓએ મૂળ ખેડૂત સાથેનો સોદો રદ થયો હોવાની હકીકત છુપાવી કળથીયા પિતા પુત્ર પાસેથી કરોડો રૂપિયા પડાવ્યા હતા. જ્યારે પિતા-પુત્રએ પોતાની રકમ પરત માંગી ત્યારે આરોપીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપવાને બદલે ગુંડાઓ દ્વારા 'ટાંટિયા તોડી નાખવાની' અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ખટોદરા પોલીસ મથકમાં આ ત્રણેય ભાગીદારો વિરુદ્ધ છેતરપિંડી અને ધમકીનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં પોલીસ ધરપકડથી બચવા માટે ત્રણે આરોપીઓએ વકીલ રિદ્ધિશ મોદી, મુકુંદ રામાણી અને એસ.એલ.મલેક મારફતે આગોતરા જામીન અરજી કરી હતી.




પીપલોદ-ડુમસ ગૌરવ પથ પર ઇસ્કોન મોલ નજીક આજે સવારે પુરપાટ દોડતી કાર ડીવાઈડર પર ચઢી જતા અકસ્માતમાં કાર ચાલક ગંભીર રીતે ઘાયલ થતા તાકીદે હોસ્પિટલમાં લઈ જવાયો હતો. દુર્ઘટનાગ્રસ્ત દિલ્હી પાર્સીંગની કારની આ તસ્વીર છે